
નૂતન વર્ષે એક અનોખો વિચાર



માઈકલ એન્જેલોના મતે ખરી લડાઈ ડેવિડ અને ગલાયથ વચ્ચે નહોતી, આ લડાઈ ડેવિડ અને પોતાની જાત વચ્ચે હતી અને પોતાની શંકાઓ સાથે લડવાની આ વાત હતી

આજથી લગભગ ૫ સદી પહેલાં સને ૧૫૦૧માં ફ્લોરેન્સ કેથેડ્રલ ઓફ ફ્લોરેન્સ નામના સ્થાનિક ચર્ચે એક મોટા માર્બલના પથ્થરમાંથી મૂર્તિ બનાવવાની સ્પર્ધાનું આયોજન કર્યું. પહેલાં પણ ઘણા મૂર્તિકારોએ પ્રયત્ન કર્યા હતો, પણ અત્યાર સુધી કંઈ ખાસ સફળતા મળી નહોતી, તેથી તેઓએ એક રાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન કર્યું અને સમગ્ર ઈટલીના મહાન મૂર્તિકારોને આમંત્રણ આપ્યું. જેમાં લિયોનાર્દો દ વીંચીને પણ આમંત્રણ હતું. માર્બલના તળિયાના ભાગે એક મોટું કાણું હતું, તેથી બધાએ ના પાડી દીધી. બધાને લાગ્યું કે આ માર્બલ સારી મૂર્તિ બનાવવા માટે યોગ્ય છે જ નહીં. માત્ર એક નવયુવાન અને ઊભરતા મૂર્તિકારે આ પડકાર ઝીલ્યો, જેનું નામ હતું માઈકલ એન્જેલો. તેણે કહ્યું, 'હું આમાંથી મૂર્તિ બનાવીશ.' જ્યારે તેણે શરૂઆત કરી ત્યારે તેની ઉંમર હતી માત્ર ૨૬ વર્ષની! આ પથ્થર પર સતત બે વર્ષથી પણ વધુ સમય સુધી દિવસ અને રાત કામ કર્યા બાદ તેણે તેની શ્રેષ્ઠ કૃતિ 'સ્ટેચ્યૂ ઓફ ડેવિડ' ખુલ્લી મૂકી. સામાન્યતઃ બીજા સારા ચિત્રકારો અને મૂર્તિકારો લડાઈ પછીના ચિત્રને દર્શાવે. જેમાં ડેવિડ ગલાયથના મૃતદેહ ઉપર ઊભો હોય અથવા તો કદાચ ગલાયથનું માથું તેના હાથમાં હોય, પરંતુ માઈકલ એન્જેલોએ બનાવેલી મૂર્તિ અનન્ય હતી, કારણ કે એ ડેવિડને લડાઈ પહેલાં દર્શાવે છે. માઈકલ એન્જેલોના મતે ખરી લડાઈ ડેવિડ અને ગલાયથ વચ્ચે નહોતી, આ લડાઈ ડેવિડ અને પોતાની જાત વચ્ચે હતી અને પોતાની શંકાઓ સાથે લડવાની આ વાત હતી. માઈકલ એન્જેલો ડેવિડની જીત પાછળનો એ વિચાર, તેની હિંમત અને તેના આત્મવિશ્વાસને બતાવવા માંગતો હતો. તેની પાસે તેના જમણા હાથમાં માત્ર એક જ પથ્થર હતો. આવો હતો તેનો આત્મવિશ્વાસ અને


+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

તેથી જ માઈકલ એન્જેલોએ ડેવિડનું એવું સ્ટેચ્યૂ બનાવ્યું, જેમાં તેના આખા શરીરમાંથી, પ્રત્યેક પાંસળીમાંથી, સ્નાયુમાંથી આત્મવિશ્વાસ છલકતો હતો. માઈકલ એન્જેલો માટે ડેવિડ એક વિચારનું જ સ્વરૂપ હતો. પથ્થરમાં કંડારાયેલો વિચાર અને આ કરવામાં તે ઘણો જ સફળ રહ્યો. ત્યારથી લઈને ડેવિડની મૂર્તિને પથ્થરમાં પુરુષનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ તરીકે ગણવામાં આવે છે અને અત્યારે ૫૦૦ વર્ષ પછી પણ સૌથી વધુ જાણીતો, સૌથી વધુ પ્રસિદ્ધ અને સૌથી વધુ પ્રેરણાદાયક કળાના નમૂના તરીકે ગણવામાં આવે છે. કેમ? એ માત્ર માઈકલ એન્જેલોની પથ્થર ઉપરની માસ્ટરી નથી, પરંતુ તેને માર્બલના ટુકડાને એક વિચાર સાથે કેવી રીતે જોડ્યો તે પદ્ધતિનો નમૂનો છે. જ્યારે વિચાર પથ્થરમાં ઊતરે છે ત્યારે તે એક શ્રેષ્ઠ કલાકૃતિ અને પ્રેરણાનો સ્રોત બની જાય છે. તો જો એક ઉત્કૃષ્ટ વિચાર મનુષ્યમાં આરપાર ઊતરે તો કેવો ચમત્કાર સર્જે!

પ્રમુખ સ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજે એક સંકલ્પ કર્યો કે યમુનાના કાંઠે મંદિર કરવું છે અને પ્રમુખ સ્વામી મહારાજે તે વિચારને પકડ્યો. તેને સાકાર કરવા તેઓએ ૩૨ વર્ષ સુધી જમીન સંપાદન માટે પ્રયત્ન કર્યા! આખરે જમીન મળી અને તેઓએ એક નૂતન વિચાર કર્યો કે ૫ વર્ષમાં આ જમીન ઉપર આપણે ભવ્ય અક્ષરધામ બાંધવું છે અને તેઓએ તે વિચારને હજારો કારીગરો અને લાખો ભક્તોના હૃદયમાં આરપાર ઉતાર્યો અને પરિણામ શું આવ્યું કે વિશ્વને રેકોર્ડ ટાઈમમાં સર્જાયેલી એક આધુનિક અજાયબીની ભેટ મળી. દિલ્હીસ્થિત સ્વામિનારાયણ અક્ષરધામ. જેને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ વિશ્વનું સૌથી મોટું હિન્દુ મંદિર તરીકેનું બિરુદ આપ્યું છે. વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજની મોટી વિશેષતા તો એ હતી કે તેઓએ આવા સદ્‌વિચારોનું વાવેતર અનેક જીવનપટ પર કરી ઉજ્જ્વળ પરિવર્તનની ક્રાંતિ આણી છે. આવો, નૂતન વર્ષના પ્રારંભે પ્રભુને પ્રાર્થીએ કે આ વર્ષે એક એવો સદ્‌વિચાર જીવનમાં આરપાર ઊતરે કે ભવ્ય ભાવિનું વાવેતર બની રહે.

દેશની સંપત્તિ



મહાપુરુષોના જીવનમાં જોવા મળતા અનેક સદ્ગુણોમાંનો એક સદ્ગુણ એટલે કરકસર. બધું પામ્યા પછી પણ જે માણસ નાની વસ્તુઓની કરકસર કરી શકે છે તે જ ખરા અર્થમાં મહાન બની શકે છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

સન ૧૯૩૨માં યરવડાની જેલમાં ગાંધીજીને મળવા ઘણા લોકો આવતા રહેતા. એક વખત પરીક્ષિતલાલ મજમુદાર તેઓને મળવા આવ્યા. ત્યારે ગાંધીજીના સેવકે સગડી ઉપર પાણી ગરમ કરવા મૂક્યું હતું. પાણી ગરમ થયા પછી તેઓ કોલસા હોલવવાનું ભૂલી ગયા. ગાંધીજીએ તેમને બોલાવી કોલસા હોલવી નાખવા જણાવ્યું. એક અંગ્રેજે આ જોઈ કહ્યું, 'આ તો સરકારના કોલસા છે, તેમાં શો વાંધો?' ગાંધીજી કહે, 'ભલે, સરકારી હોય, પણ આખરે તો ભારત દેશની સંપત્તિ છે ને! તેને ગમે તેમ વેડફાય નહિ.'

હા, મહાપુરુષોના જીવનમાં જોવા મળતા અનેક સદ્ગુણોમાંનો એક સદ્ગુણ એટલે કરકસર. સામાન્ય રીતે ઘણું બધું પામ્યા પછી કે ઊંચાઈ ઉપર પહોંચ્યા પછી નાની નાની વસ્તુઓના બગાડની દરકાર રહેતી નથી, પણ જે માણસ મોટપ મેળવ્યા પછી પણ નાની નાની વસ્તુઓની કરકસર કરી શકે છે તે જ ખરા અર્થમાં મહાન બની શકે છે.

એક વખત લાલ બહાદુર શાસ્ત્રીને લંડનમાં એક સંમેલનમાં જવાનું હતું. જેમાં ઘણા દેશના વડાપ્રધાનો ભેગા થવાના હતા. એમની પાસે બે જ કોટ હતા. જેમાંથી એકને તો કાણું પડેલું હતું. એમના મિત્ર વેંકટરામણે નવો કોટ સિવડાવવા કહ્યું. શાસ્ત્રીજીએ ના પાડી. વેંકટરામણે પરાણે દરજીને બોલાવી માપ લેવડાવ્યું. શાસ્ત્રીજી કહે, 'એક કામ કરો. આ વખતે મારો આ જૂનો કોટ ઊંધો કરી સીવી દો. જો સારો નહીં લાગે તો નવો સીવડાવીશું.' દરજી કોટને રિપેર કરીને લાવ્યો. કોટ જોઈને શાસ્ત્રીજી કહે, 'આપણને પણ ખબર નથી પડતી કે રિપેર કરેલો છે તો સંમેલનમાં બીજાને કેવી રીતે ખબર પડવાની છે? માટે આ કોટ ચાલશે.' મહાપુરુષો કરકસર કરવામાં ગમે ત્યાંથી માર્ગ કાઢી લે છે. તેઓને મન કરકસરનું મહત્ત્વ એટલું બધું મોટું હોય છે કે તેઓને આ બાબતમાં પાછા વાળવા કઠણ બની રહે છે.

તા. ૧૪-૧૨-૨૦૦૬ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ગાડીમાં નડિયાદથી અમદાવાદ જતા હતા. આ દરમિયાન તેઓ પત્રવાંચનમાં વ્યસ્ત હતા. એક મોટો કાગળ સ્વામીશ્રીએ હાથમાં લીધો. પાનાં વધારે હતાં. પાનાં ખોલવા જતાં એમાં ભરાવેલી સેફ્ટી પિન નીચે પડી ગઈ. એટલે સ્વામીશ્રીએ પાનાં બાજુ પર મૂક્યાં અને નીચા વળીને ધોતિયામાં કે નીચે પગ આગળ સંતાઈને પડેલી સેફ્ટી પિન શોધવાનો પ્રયત્ન કર્યો. સેફ્ટી પિન બે પગની વચ્ચે પડી હતી. સ્વામીશ્રી ચાલુ ગાડીએ નીચે નમીને તે લઈ શકે એવી પરિસ્થિતિ ન હતી. તેઓએ યુક્તિ વાપરી. પત્ર માટેનું મોટું કવર તેઓએ હાથમાં લીધું અને ત્યારબાદ બંને હાથે કવરને આડું પકડ્યું અને કચરો લેવા માટે જેમ એક્સ-રેનો ઉપયોગ કરીએ છીએ એ સ્થિતિમાં થોડાક નીચા વળીને તેઓએ સેફ્ટી પિનને કાગળ ઉપર સેરવી લીધી અને ત્યારબાદ એ સેફ્ટી પિનનો ફરીથી ઉપયોગ કરવા માટે કવરમાં મૂકી દીધી. શિક્ષણથી માંડીને કેટલકેમ્પ સુધીની અનેકવિધ સમાજલક્ષી સેવાઓમાં કરોડોનું યોગદાન આપનાર આ સંતને મન નાની સેફ્ટી પિન પણ નકામી ન જાય તેની જાગૃતિ હતી.

સામાન્ય રીતે નાની નાની વસ્તુઓનો બગાડ આપણને ખૂંચતો નથી. જમ્યા પછી નિયમિત રીતે વધતી રસોઈને જોઈને આપણને થાય કે, 'આટલામાં શું?' ખોટે ખોટી લાઈટો ઘરમાં બળતી હોય તો પણ આપણને થાય કે, 'આટલામાં શું?' ફોન ઉપર કલાકો સુધી વાતો કરવામાં સમયનો બિનજરૂરી વ્યય થાય તો પણ આપણને લાગે કે, 'આટલામાં શું?' પણ આ વિચારસરણીએ જ કેટલાય લોકોનું પતન કર્યું છે.


જુલિયા કાર્ની નામના અમેરિકન લેખકે કહ્યું છે કે, 'Little drops of water, little grains of sand, make the mighty ocean and the pleasant land.' અર્થાત્ 'પાણીનાં નાનાં બૂંદથી અગાધ સમુદ્રની રચના થાય છે. રેતીના નાના કણથી સુંદર ધરાની રચના થાય છે.'

ગુજરાતીમાં કહેવાયું છે કે, 'ટીપે ટીપે સરોવર ભરાય.' જેવી રીતે ટીપે ટીપે સરોવર ભરાય, એવી જ રીતે ટીપે ટીપે સરોવર ખાલી પણ થાય. જેવી રીતે થોડું થોડું કરતાં બચત થઈ શકે, એવી જ રીતે થોડું થોડું કરતા પૈસો વેડફાઈ પણ જાય.

અંગ્રેજીમાં પણ કહેવાયું છે કે, 'A penny saved is a penny earned.'

ઘણી વખત ખૂબ પ્રયત્નો કર્યા પછી પણ જોઈએ એટલા પૈસા આપણે કમાઈ નથી શકતા, એ આપણા હાથમાં નથી હોતું, પણ પૈસાનો વપરાશ તો આપણા હાથમાં હોય છે ને! તો જે વસ્તુ આપણા હાથમાં છે એના ઉપર શું કામ આપણે કેન્દ્રિત ન થઈએ?

સફળતાનું ઇંધણ



વાત છે પુરુષાર્થની! પશુ હોય કે મનુષ્ય, અબુધ હોય કે બુદ્ધિવાન, દરેકને કાંઈક પામવા માટે 'પુરુષાર્થ'ને પોતાનો પર્યાય બનાવવો જ પડે છે, પુરુષાર્થ કરશો તો જ લક્ષ્ય સુધી પહોંચી શકશો

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

ગ્રીકના ઈતિહાસમાં 'ડેમોસ્થિનસ'નામના એક પ્રખ્યાત પ્રવચનકાર થઈ ગયા. એથેન્સમાં પ્રવચન કરવા જ્યારે તેઓ ઊભા થતા ત્યારે શ્રોતાગણ તેઓનું સંબોધન સાંભળીને મંત્રમુગ્ધ બની જતો, પરંતુ કારકિર્દીનાં શરૂઆતનાં વર્ષોમાં તેઓ સામાન્ય ઉદ્‌બોધન કરવા માટે પણ સક્ષમ નહોતા. તેમનું પહેલું જ પ્રવચન શ્રોતાગણ માટે ખૂબ જ હાસ્યસ્પદ બન્યું હતું. તે વખતે તો તેઓ શરમાઈને પ્રવચન સ્થળેથી ભાગી ગયા હતા, પરંતુ આ વક્તૃત્વ કળાને હાંસલ કરવાની તેઓના અંતરમાં રહેલી મક્કમતા ભાગી નહોતી અને તેઓએ પ્રવચન શીખવાનો પુરુષાર્થ પ્રારંભ્યો. ત્યાંના લોક-ઓરેટર સેટિરસ પાસે જઈ માર્ગદર્શન મેળવ્યા બાદ તેઓએ અઠવાડિયાંઓ સુધી ભોંયરામાં રહીને જ પ્રેક્ટિસ કરવાનો વિચાર કર્યો. એના માટે તેઓએ અડધા વાળ અને અડધી દાઢી મૂંડાવી નાંખ્યાં, જેથી બહાર જવાનો વિચાર જ ન આવે. વાક્‌ગતિ સહજ બનાવવા જીભ ચોંટે નહીં તે માટે તેઓ મોઢામાં કાંકરી મૂકીને બોલવાનો પ્રયાસ કરતા. વળી, સ્પષ્ટ ઉચ્ચારણ અને પૂરતો શ્વાસ લેવા માટે તેઓ ઢાળવાળી જમીન પર દોડતાં દોડતાં પણ બોલતા. પરિણામે પોતાના પ્રચંડ પુરુષાર્થના ફળસ્વરૂપે તેઓ સમયાંતરે ખૂબ જ પ્રભાવક પ્રવચનકાર બન્યા.

વાત છે પુરુષાર્થની! પશુ હોય કે મનુષ્ય, અબુધ હોય કે બુદ્ધિવાન, દરેકને કાંઈક પામવા માટે 'પુરુષાર્થ'ને પોતાનો પર્યાય બનાવવો જ પડે છે.

અનાજના કણ પર નિર્ભર રહેતી કીડી તેને મેળવવા આખો દિવસ દોડતી જોવા મળે છે. અરે! સિંહ ભલે વનનો રાજા હોય કે જેની ત્રાડથી હાથીના કુંભસ્થળ ફાટી જતા હોય, જેની ભણકથી હરણનાં ગાત્રો ગળી જતાં હોય, પરંતુ એવાને પણ ખોરાક માટે તો પોતાનો પંજો ઉગામવો જ પડે છે. તેમજ વિદ્યાર્થીને ઉત્તીર્ણ થવું હોય, ધનાર્થીને ધન મેળવવું હોય, નોકરી કરનારને પ્રમોશન મેળવવું હોય કે ધંધાદારીને વ્યવસાય વિકસાવવો હોય, દરેકે સંસાર-સાગરની સફળ નૌકામાં બેસવા માટે પુરુષાર્થરૂપી હલેસાં મારવાં જ પડે છે, જેનો કોઈ વિકલ્પ નથી. જેની વાત કરતાં એક પ્રસિદ્ધ પુસ્તક 'કેલ્વિન કૂલિજ'માં લખાયું છેઃ 'Nothing in the world can take place of persistence, because persistence is omnipotent.' અર્થાત્ 'દુનિયામાં એક પણ વસ્તુ એવી નથી કે જે પુરુષાર્થનું સ્થાન લઈ શકે, કારણ કે તે ખૂબ જ મહત્ત્વનું બળ ધરાવે છે.'

મહાભારતના શ્રેષ્ઠ બાણાવળી અર્જુન પુરુષાર્થની અનોખી મૂર્તિ હતા. અંધારામાં પણ જો ભોજનનો કોળિયો બે હોઠ સુધી પહોંચી શકતો હોય તો પછી ધનુષ્યમાંથી છૂટેલા બાણ વડે નિશાન કેમ ન પડે? આ વિચારને સઘન પુરુષાર્થનો ઓપ આપી અર્જુન સિદ્ધ બન્યો. ઋગ્વેદમાં પણ લખ્યું છેઃ 'ન ઋતે શ્રાન્તસ્ય સખ્યાય દેવાઃ' અર્થાત્ 'જ્યાં સુધી તમે પરસેવો ન પાડો ત્યાં સુધી દેવો પણ તમને મદદ નથી કરતા.' ખરેખર, પુરુષાર્થ એક પારસમણિ છે. ઈચ્છિત મનોરથરૂપી લોહને તેનો સ્પર્શ થતાં જ તે સોનું બની જાય છે. આથી જ વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજ કહેતાઃ 'પરિશ્રમ વગર કોઈ વસ્તુની સિદ્ધિ થતી નથી. પરિશ્રમ કરનાર પર ભગવાન વગર માંગ્યા આશીર્વાદ આપે જ છે.'

જર્મન સંગીતકાર લુડ્‌વિગ બીથોવન પશ્ચિમી સંગીત દુનિયામાં સર્વશ્રેષ્ઠ સંગીતકારોમાં સ્થાન ધરાવે છે. એકવાર તેઓને એક કાર્યક્રમના અંતે એક જિજ્ઞાસુએ આ સિદ્ધિનું રહસ્ય પૂછ્યું, ત્યારે બીથોવને જણાવ્યું કે, '૪૦ વર્ષ સુધી રોજના આઠ કલાકનો પુરુષાર્થ.'


ઘણાં વર્ષો પહેલાંની વાત છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંપર્કમાં કમલ નામનો એક યુવક આવ્યો. તેનું જીવનકમલ વ્યસન, કુસંગ, ચોરી, ઝઘડા વગેરે દુરાચારોના કારણે અધોમુખ બની ગયેલું. પ્રમુખસ્વામી મહારાજે આ યુવકને તેના ફંદામાંથી મુક્ત કરવા કમર કસી. તેઓએ તે યુવકને પોતાની સાથે જ વિચરણમાં જોડી દીધો અને દરરોજ સમય કાઢીને તેને બળપ્રેરક વાતો કરવાનું શરૂ કર્યું. કોઈને પણ એલર્જી ઉપજાવે એવા આ કમલના વ્યક્તિત્વથી સ્વામીશ્રી ક્યારેય હાર્યા-કંટાળ્યા નહીં. ત્યાં સુધી કે તેઓએ એક સિદ્ધહસ્તને પણ કમલની દેખરેખમાં રાખ્યા. મહિનાના અંતે સૌના આશ્ચર્ય વચ્ચે કમલનું સમૂળું પરિવર્તન થઈ જતાં તે સુખ અને શાંતિ અનુભવી રહ્યો.

પ્રમુખસ્વામી મહારાજે આવી એક-એક વ્યક્તિના જીવનમાં રસ લીધો છે, જેના પરિપાકરૂપે તેમણે ૪૦ લાખથી વધુ લોકોનો વ્યસનમુક્ત સમાજ તૈયાર કર્યો. કેવળ ૪૫ વર્ષમાં જ ૫૨ દેશોનાં ૧૮૦૦૦ ગામડાંઓમાં વિચરીને તેઓએ અસંખ્ય હૃદય પરિવર્તનો કર્યાં છે.

તો આવો, આપણે પણ પુરુષાર્થને જીવનમાં યોગ્ય રીતે વણી પૂર્ણ સફળ બનીએ.

શબ્દોની રમત

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી



શબ્દ માણસના વ્યક્તિગત જીવનમાં સફળતાની ઈમારત ઊભી પણ કરી શકે છે અને તેનો વિધ્વંસ પણ કરી શકે છે. શબ્દોથી સંબંધો બગડી પણ શકે છે અને સુધરી પણ શકે છે

આ જે વાત કરવી છે શબ્દની. ૮ અબજ લોકોનો વ્યવહાર શબ્દોની આ લેવડદેવડ પર જ ચાલે છે. જેના ફળસ્વરૂપે વિશ્વમાં લગભગ ૩૯૦૦ કરતાં પણ વધુ ભાષાઓ-બોલીઓનો પ્રયોગ થાય છે. જેમાંથી ભારતમાં સૌથી વધુ ૯૦૦ ભાષાઓ-બોલીઓ વ્યવહારમાં જીવંત છે.

શબ્દ માણસના વ્યક્તિગત જીવનમાં સફળતાની ઈમારત ઊભી પણ કરી શકે છે અને તેનો વિધ્વંસ પણ કરી શકે છે. મહાભારતના યુદ્ધમાં રાજા શલ્ય દુર્યોધનની સરભરાથી વચનબદ્ધ થઈને કૌરવપક્ષે મજબૂરીથી જોડાયેલા, પરંતુ કૌરવપક્ષે રહીને તેઓએ પોતાના ભાણેજ પાંડવોનું કામ કરવા માટે શબ્દોનો જ આશ્રય લીધો હતો. કર્ણના સારથિ તરીકેની ભૂમિકા ભજવતાં તેમણે કર્ણના કાને મોળા શબ્દો નાખવાના શરૂ કર્યા. તેઓ કર્ણને બિનુત્સાહિત કરવાની એક પણ તક છોડતા નહીં. તેઓ કર્ણને કહેતા કે, 'તું ખાલી બોલી બોલીને મનમાં રાજી થજે કે, 'હું અર્જુનને જીતીશ.' બાકી અવિચલ મેરુ સમાન અર્જુનને વાસ્તવિક યુદ્ધમાં જીતવો કઠણ છે.' આમ, શક્તિશાળી કર્ણના કાને મોળા શબ્દો પડતાં તેનું માનસ નબળું પડતું ગયું.

બીજી બાજુ અર્જુનની દશા કેવી હતી? તો યુદ્ધના પ્રારંભે સંબંધીઓને જોઈને તે હેતરૂપી માયાથી હણાઈ ગયો અને ન લડવાના નિર્ણય પર આવી રથના પાછળના ભાગે બેસી ગયો. આવા સમયે તેને ઊભો કરવા માટે ભગવાન કૃષ્ણએ શબ્દોની શક્તિનો જ ઉપયોગ કર્યો. શબ્દોના માધ્યમથી અર્જુનને આધ્યાત્મિક સત્યને જોવાની દૃષ્ટિ આપી. જેનાથી તેઓ રણમેદાનના યુદ્ધમાં જ નહીં, પરંતુ જીવનસંગ્રામના વિજય સુધી દોરી ગયા. જે શબ્દો શ્રીમદ્ ભગવદ્ગીતામાં નોંધાયા છે. જે શબ્દો આજે પણ અનેક ભાંગી પડેલા માનવોને ઊભા કરે છે.

ખરેખર, શબ્દો વિશ્વનો ઈતિહાસ અને ભૂગોળ બંને બદલી શકે છે. બીજા વિશ્વયુદ્ધના સૂત્રધાર એડોલ્ફ હિટલરે ૬૦ લાખ યહૂદીઓનો કચ્ચરઘાણ વાળ્યો હતો. તેણે લખેલી પોતાની આત્મકથા 'Mein Kampf' 'મારો સંઘર્ષ'ની અસર વિશે એક સર્વેક્ષણ પ્રકાશિત થયું હતું, જેમાં જાણવા મળ્યું હતું કે, આ પુસ્તકના પ્રત્યેક અક્ષરે ૧૨૫ માણસોએ જાન ખોયા છે. પ્રત્યેક પાને ૪૭૦૦ માણસોએ અને પ્રત્યેક પ્રકરણે ૧,૨૦,૦૦૦ માણસો પોતાની મંજિલે પહોંચ્યા છે. આ પુસ્તકની સમગ્ર જર્મની ઉપર એટલી ઘેરી અસર હતી કે ૬૦ લાખ યહૂદીઓની કતલ કર્યા પછી પણ તેમને તેનો લેશ પણ પસ્તાવો નહોતો થતો. આટલા મોટા નરસંહારનું બીજ ક્યારે રોપાયું હતું તે જાણો છો? જ્યારે હિટલર સ્કૂલમાં હતો ત્યારે! તેમના ઈતિહાસના શિક્ષક ડૉ. લિયોપોલ્ડ વારેવારે એવા શબ્દો કહેતા કે, 'જર્મનોના વિકાસમાં યહૂદીઓ અવરોધરૂપ છે. તેઓ અનાર્ય છે. તેઓ આપણી સાથે રહે તો આપણી પ્રજામાં ખરાબ સંસ્કારો આવશે અને આપણી સંસ્કૃતિ નાશ પામશે.' આ વાત હિટલરે પકડી લીધી અને વિશ્વના ઈતિહાસનો સૌથી મોટો નરસંહારક બની ગયો.

જેવી રીતે નકારાત્મક શબ્દો પોતાની અસર બતાવે છે, એવી જ રીતે સારા શબ્દો પણ પોતાની અસર બતાવ્યા વગર રહેતા નથી.

લંડનના એક યુવકે પોતાના એક મિત્રની અનુભવેલ વાત કરતાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે, 'યુનિવર્સિટીમાં ભણવાનું શરૂ થયું તે પૂર્વે મારો મિત્ર સત્સંગી હતો. તેણે બહારના વાતાવરણને લીધે આપણા ભારતીય હિન્દુત્વના સંસ્કારોમાંથી વિચલિત થવું નહિ તેવો નિશ્ચય કરેલો, પરંતુ યુનિવર્સિટીમાં કુસંગનો સંપર્ક વધ્યો અને સત્સંગનો યોગ ઘટ્યો. પરિણામે પરીક્ષામાં નાપાસ થયો. તેથી તે હતાશ અને નિરાશ થઈ ગયો. તે સમયે પ્રમુખસ્વામી મહારાજના બળપ્રેરક શબ્દો સાંભળવામાં આવ્યા. જે તેના જીવનમાં પરિવર્તન કરવા માટે પૂરતું બની રહ્યું. તેણે સન્માર્ગે ચાલવાનો નિશ્ચય કર્યો અને આજે તે પી.એચ.ડી.ના અભ્યાસ સુધી પહોંચી ગયો છે. મહાપુરુષોના સીધા સાદા શબ્દોમાં પણ જીવનનું સમૂળું રૂપાંતર કરી દે એવું સત્ત્વ સમાયેલુ હોય છે.'

શબ્દોમાં માણસને બેઠો કરવાની અને બેસાડી દેવાની ક્ષમતા હોય તો આપણે જે શબ્દોનો વ્યવહાર કરીએ છીએ એમાં કેટલી સાવધાની રાખવી જોઈએ? સંભવ છે કે આપણા બે શબ્દો ક્યારેક કોઈ માટે જીવાદોરી બની રહે અને ઉતાવળમાં કરી દીધેલા શબ્દોના ઘાવ કોઈના માટે જીવનપર્યંત ઘાતક બની રહે.

શબ્દો ક્યારેક કોઈને ઉગારવાની તક બની રહે છે, તો ક્યારેક તકેદારીના અભાવે કોઈને ડુબાડી દેવામાં પણ નિમિત્ત બની રહે છે. આવો, તક અને તકેદારીની આ રમતમાં જાગૃતિ રાખી આપણા અને અન્યના જીવનને ઉન્નત કરીએ.

સાચી સમૃદ્ધિ, સંપત્તિ અને સિદ્ધિ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



મારી પાસે શું નથી તેના જ વિચારોમાં અને તેને જ પ્રાપ્ત કરવામાં જીવન વ્યર્થ વહી જાય છે, પરંતુ એક વિચાર જે આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શકે છે, તે છે પ્રાપ્તિનો વિચાર

'હું અહીં છું તે કરતાં ખંડવામાં હોત અને બધા મને કિશોરલાલ માસ્તર કહીને બોલાવતા હોત તો વધુ સુખ આવત.' - કિશોરકુમાર, પ્રસિદ્ધ ગાયક

'આના કરતાં બાકસ બનાવવાની ફેક્ટરીની અંદર હું બાકસ બનાવતો હોત તો વધારે સુખી હોત.' માઈકલ એન્જેલો, પ્રસિદ્ધ શિલ્પકાર

આજે માણસ સમૃદ્ધિ, સંપત્તિ અને સિદ્ધિઓ મેળવવા પાછળ હરણફાળ દોડી રહ્યો છે, ત્યારે ઉપરોક્ત વચનો પર થોડા થંભીને વિચાર કરવા જેવું ખરું! દુનિયા પાસેથી સારી પ્રસિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પણ, દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ હોવા છતાં પણ, જાતજાતના ખિતાબો મેળવ્યા પછી પણ, આવાં વચનો શા માટે? ઘણું બધું પ્રાપ્ત કર્યા પછી પણ આવો અફસોસ શા માટે?

કારણ કે તેઓ પોતાને પ્રાપ્ત થયેલ સંપત્તિ, સમૃદ્ધિ અને સિદ્ધિઓને માણી શક્યા નહીં, જે મળ્યું હતું તેને માણવાનું ભૂલી ગયા અને જે નહોતું મળ્યું તેને ઝંખતા રહ્યા. આમાં જ તેઓ પોતાનું અતિ અમૂલ્ય મનુષ્યજીવન ખોઈ બેઠા.

આવી દશા આજે મનુષ્ય માત્રની છે. મારી પાસે શું નથી તેના જ વિચારોમાં અને તેને જ પ્રાપ્ત કરવામાં જીવન વ્યર્થ વહી જાય છે, પરંતુ એક વિચાર જે આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શકે છે, તે છે પ્રાપ્તિનો વિચાર. ભગવાને આટલો સુંદર મનુષ્યદેહ આપ્યો અને દેહના નિભાવ માટેની જરૂરી સામગ્રી આપી, તો એનું અનુસંધાન કેમ ન રાખીએ? પરંતુ અફસોસ એ વાતનો છે કે, એકબીજાની સરખામણીમાં અને પોતાની મોટી મોટી અપેક્ષાઓમાં જે પ્રાપ્ત થયું છે તેનો પણ આનંદ આપણે લૂંટી શકતા નથી. પરિણામે અશાંતિ, દુઃખ અને ઉદ્વેગમાં જ જીવન પૂરું થાય છે. સુંદર દેખાતું ફૂલ ખરું! પણ સુગંધ વિનાનું, તેમ સુંદર મનુષ્યજીવન ખરું! પણ સુખ અને આનંદ વગરનું!

છત્રપતિ શિવાજી મહારાજ ભક્તિભાવથી અન્ન-વસ્ત્રાદિક દાન કરતા. એકવાર સંત તુકારામની કીર્તિ સાંભળી તેમને મોટી રકમની ભેટ મોકલી. તુકારામના ઘરમાં ખાવાની તકલીફ હતી છતાં પણ વણમાંગ્યા આવેલ ધનને જોઈ તેઓ દુઃખી થઈ ગયા. તેમણે તે ધન શિવાજીને પાછું મોકલાવ્યું અને કાગળ લખ્યો. જેમાં લખ્યું, 'ભિક્ષાથી મારું પેટ ભરાય છે. વળી, ચીંથરાથી મારાં અંગ ઢંકાય છે, સૂવા માટે ઓટલો અને ઓઢવા માટે આકાશ છે. બીજી મારે કંઈ જરૂર નથી. આપ સત્યના રસ્તે ચાલો અને ભગવાનનું ભજન કરો. મારે તમારી પાસેથી આ જ ભેટ જોઈએ છે.' આ કાગળ વાંચીને શિવાજી પોતાના મુખ્ય આઠ પ્રધાનને લઈને દેહુ ગામે ગયા. તેઓએ તુકારામનાં ભજન સાંભળ્યાં. તેમણે વિચાર્યું કે સંત તુકારામને પ્રાપ્તિની કેટલી ખુમારી છે! જે મળ્યું છે તેમાં કેટલો માલ માન્યો છે! કે તેમને બીજી કંઈ જરૂર જ ન રહી!

જગતના શાંતિદૂત તરીકે વિચારનારા અને માનવતાનાં અનેક વૈશ્વિક કાર્યો કરનારા પ્રમુખસ્વામી મહારાજથી વિશ્વભરના અનેકવિધ મહાનુભાવો પ્રભાવિત થયેલા છે. તેમાંના એક એટલે ઈંગ્લેન્ડસ્થિત ભારતીય રાજદૂત ડૉ. એલ. એમ. સિંઘવી. તેઓની તથા અન્ય કેટલાકની ઈચ્છા હતી કે પ્રમુખસ્વામી મહારાજને નોબેલ પ્રાઈઝ મળવું જોઈએ. ૧૯૯૭માં લંડનમાં આ અંગેની વાત બ્રહ્મવિહારી સ્વામીએ જ્યારે પ્રમુખસ્વામી મહારાજને કરી ત્યારે તેઓની વાતને અટકાવતાં પ્રમુખસ્વામી મહારાજ કહે, 'જુઓ, મારે તો શ્રીજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી મળ્યા એ જ મોટામાં મોટું નોબેલ. મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો રાજીપો મળ્યો તેનાથી વિશેષ કયું નોબેલ? બીજા કોઈ પ્રાઈઝની મારે જરૂર નથી.'

વિશ્વનો ઈતિહાસ બોલે છે કે, જેમણે ભગવાન પાસેથી જે પ્રાપ્ત થયું છે તે સિવાય બીજું કંઈ પણ પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખી છે, તેઓ હંમેશાં દુઃખી જ થયા છે, અશાંતિ જ પામ્યા છે, ઉદ્વેગમાં જ જીવ્યા છે અને જેઓ ભગવાને જે આપ્યું છે તેને ભગવાનની અઢળક કૃપા સમજી જીવન જીવે છે, તેઓ સુખ-શાંતિ અને આનંદને જ પામ્યા છે.

મહંતસ્વામી મહારાજ પણ જીવનમાં આવતા અનેક પ્રશ્નો, અશાંતિઓ અને દુઃખોથી મુક્ત થવાનો ઉપાય બતાવતા આ જ વાત કરે છે કે, 'Count your blessings.'

આજે વિશ્વમાં ઘણા અમીરો દુઃખી છે અને ઘણા ગરીબો સુખી છે. એનો સીધો અર્થ એ થાય કે, સુખનો આધાર આપણને પ્રાપ્ત થયેલી વસ્તુઓ ઉપર નથી, પરંતુ આપણા મનોવલણ ઉપર છે. નક્કી આપણે કરવાનું છે કે, અપ્રાપ્યની ઝંખના કરી આપણે સતત દુઃખી રહેવું છે કે પ્રાપ્તિનો વિચાર કરી સદા સુખી રહેવું છે?

સ્વયં પૂર્ણ છીએ ?



આપણે સંપૂર્ણ નથી તે સત્યને લક્ષમાં રાખી બીજાની અપૂર્ણતાઓને પ્રેમથી સ્વીકારી લઈએ, તો જીવન મધુર બને છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વ્યક્તિ માત્ર જીવનમાં વધુ સારું પર્ફોર્મન્સ આપવા, વધુ સારા માનવ બનવા તરફ સહેજે પ્રયત્નશીલ રહે છે. દરેક વ્યક્તિ પરફેક્ટ બનવાનો પ્રયત્ન કરે છે, પણ તેનો કોઈ અંત જ નથી. સમાજમાં આજે એક સ્પર્ધા ચાલે છે, શ્રેષ્ઠતા પુરવાર કરવાની! પરંતુ એક વાસ્તવિકતા તો સ્વીકારવી જ રહી કે, ૭ અબજની વસ્તીમાં શેરને માથે સવાશેર બેઠો જ છે. એટલે પરફેક્શન જ્યાં સુધી પોતાની જાત માટે હોય ત્યાં સુધી તે આશીર્વાદરૂપ છે, પરંતુ જ્યારે સ્વયંને અન્ય કરતાં શ્રેષ્ઠ પુરવાર કરવા માટે કે બીજા માટે હોય ત્યારે હતાશા, ગ્લાનિ, તણાવ અને અફસોસ સિવાય કશું નથી મળતું, કારણ કે આપણે શ્રેષ્ઠતાનાં સર્ટિફિકેટ બીજા પાસેથી ઝંખતા હોઈએ છીએ. જેને કારણે તેની અસર માનવ સંબંધો ઉપર પણ પડે. જો તમે પરફેક્શનિસ્ટ છો તો તમારી આંખો ઑફિસની સ્વચ્છતામાં, કર્મચારીઓનાં કાર્યોમાં, ઘરની રસોઈમાં, સંતાનોના અભ્યાસ આદિમાં દરેક જગ્યાએ ઊણપ જ શોધતી ફરશે. તેને કારણે સામેવાળી વ્યક્તિએ જે ભાવથી, મહેનતથી, સમયનો ભોગ આપી સારું કામ કર્યું હશે તેને તમે વધાવી નહીં શકો. સમયાંતરે લોકોને પણ ખ્યાલ આવી જશે કે તમારી પાસેથી પ્રોત્સાહનની અપેક્ષા રાખવી વ્યર્થ છે, પરંતુ મહાન પુરુષો એ સત્યને સ્વીકારે છે કે આ દુનિયામાં કોઈ માણસ પૂર્ણ નથી. હું સ્વયં પૂર્ણ નથી, તે વિચારથી તેઓ બીજાની અપૂર્ણતાઓને સ્વીકારી શકે છે અને મધ્યમ માર્ગો કાઢી જીવનનું માધુર્ય અકબંધ રાખે છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ સાહેબના બાળપણનો એક સુંદર પ્રેરક પ્રસંગ છે. તેઓ લખે છે કે એક રાત્રે ભોજન સમયે મારી માતાએ મારા પિતાના ભાણામાં શાક અને બળી ગયેલી રોટલી મૂકી. તે સમયે હું મારા પિતાના પ્રતિભાવની પ્રતીક્ષા કરતો હતો, પણ પિતાએ જમવાનું શરૂ કરી મને મારા અભ્યાસ વિશે પૂછ્યું. થોડીવાર પછી મારી માતાએ રોટલી બળી ગઈ તે બદલ માફી માંગી. પિતાએ સહજતાથી કહ્યું કે, 'મને તો બળેલી રોટલી ભાવે છે, તમે જરાયે ચિંતા ના કરશો.' એ રાત્રે મેં તેઓને પૂછ્યું કે, 'શું ખરેખર તમને બળેલી રોટલી ભાવે છે?' ત્યારે મને પાસે બેસાડી પ્રેમથી સમજાવતાં તેઓએ કહ્યું કે, 'જો બેટા! તારી મા આખો દિવસ કામ કરીને થાકી ગઈ હોય, તે સમયે બળેલી રોટલી દિલને દઝાડતી નથી, પણ બળેલા શબ્દો હૃદયને દઝાડે છે. જીવન ભૂલોથી ભરેલું છે. હું પોતે સંપૂર્ણ નથી અને વર્ષોના અનુભવ પરથી હું એક વસ્તુ શીખ્યો છું કે એકબીજાની ભૂલોને સ્વીકારી આપણે સંબંધોનો આનંદ માણવો જોઈએ.'

આપણે સંપૂર્ણ નથી તે સત્યને લક્ષમાં રાખી બીજાની અપૂર્ણતાઓને પ્રેમથી સ્વીકારી લઈએ, તો જીવન મધુર બને છે. ગુજરાતમાં ગાંધીનગરમાં રહેતો મા-બાપ વગરનો દીકરો અક્ષરેશ. તેના દાદાએ તેને સારો અભ્યાસ થાય તે માટે વિદ્યાનગર છાત્રાલયમાં મૂક્યો. ફી નજીવી હતી, પણ ૧૬-૧૭ વર્ષના આ યુવાને સંપૂર્ણ રૂપિયા મોજશોખમાં ઉડાડી દીધા. છાત્રાલયના સંચાલકો તરફથી 'ફી'ની માંગણી થતાં મૂંઝાયો. કોઈને કહી ન શકે અને સહી પણ ન શકે. પોતાની ભૂલનો પસ્તાવો હતો. આ મૂંઝવણ તેણે પત્ર દ્વારા પ્રમુખસ્વામી મહારાજને વ્યક્ત કરી. ભૂલની માફી માંગી અને ભવિષ્યમાં આવું નહીં બને તેવી કટિબદ્ધતા દર્શાવી. સ્વામીશ્રીએ પણ સામે પત્ર લખી અભ્યાસમાં ધ્યાન આપવા જણાવ્યું. પુનઃ ભૂલ ન થાય તે માટે જાગૃતિ આપી. પણ અક્ષરેશ કહે છે કે તે ઘટના બાદ છાત્રાલયમાં કોઈએ તેની પાસે ફી ન માંગી, પરંતુ આશ્ચર્ય તો ત્યારે થયું કે ૨ વર્ષ પછી જ્યારે તે ઘરે ગયો. તેના દાદાએ તેને એક પત્ર વંચાવ્યો, જે પ્રમુખસ્વામી મહારાજે તેના દાદા પર લખ્યો હતો. જેમાં લખ્યું હતું કે, 'ઠાકોરભાઈ! તમારા પૌત્રથી ભૂલ થઈ છે, પણ તેને ભૂલનું ભાન થયું છે તો તેને માફ કરી દેજો. ફીની સહેજ પણ ચિંતા ન કરતા. ભગવાન બધું સારું કરશે.' પ્રમુખસ્વામી મહારાજ તો પૂર્ણપુરુષ હતા, છતાં બીજાની અપૂર્ણતાઓને સ્વીકારી શકતા હતા. એટલે જ લોકો તેમણે ચાહતા હતા.


રવીન્દ્રનાથ ટાગોર કહેતા, 'મારા જીવનની છેલ્લી સલામો એ વ્યક્તિને છે કે જેઓ જાણતા હતા કે હું અપૂર્ણ છું છતાં મને પ્રેમ આપી ગયા.'

મહાન એ જ લોકો બને છે

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

અમેરિકામાં સ્વતંત્રતાના યુદ્ધ સમયે એક 'કોરપોરલ' કેટલાક સૈનિકોનો સરદાર બનીને એક સ્થાને કિલ્લેબંધી કરી રહ્યો હતો. કોરપોરલની નીચેના સૈનિકો એક મોટો મોભ ઊંચકવા પ્રયત્ન કરી રહ્યા હતા, પણ તે ઊંચકાતો નહોતો. આ જ સમયે એક સારાં કપડાં પહેરેલો જુવાન ઘોડા પર બેસી ત્યાંથી પસાર થતો હતો. તેણે આ દૃશ્ય જોયું કે કોરપોરલ ઓર્ડર કરે છે, પણ હાથ લગાડતો નથી. પેલો જુવાન ઘોડા પરથી નીચે ઊતરી પોતાની કેપ અને કોટ બાજુમાં મૂકી મોભ ઊંચકાવવામાં મદદ કરવા લાગ્યો. બધાને ઉત્સાહ આવી ગયો. થાકી ગયેલા સૈનિકોમાં પણ બળ આવ્યું ને મોભ ઊંચકાઈ ગયો. એ વખતે આ સજ્જને કોરપોરલ સાહેબને વાત કરી, 'આવું અઘરું કામ આવી પડે ત્યારે આપના મુખ્ય સેનાપતિને કહેવરાવી દેજો એટલે એ ફરીથી આવીને આપનું કામ કરી જશે.' લાઈટરના પ્રકાશમાં પોતાના મુખ્ય સેનાપતિ જ્યોર્જ વોશિંગ્ટનને જોતાં જ પેલો કોરપોરલ તો ભોંઠા પડી ગયા. બીજી બાજુ સૈનિકોએ આ મુખ્ય સેનાપતિ જ્યોર્જ વોશિંગ્ટનને જયનાદથી વધાવી લીધા.



આ જ સમયે એક સારાં કપડાં પહેરેલો જુવાન ઘોડા પર બેસી ત્યાંથી પસાર થતો હતો. તેણે આ દૃશ્ય જોયું કે કોરપોરલ ઓર્ડર કરે છે, પણ હાથ લગાડતો નથી. પેલો જુવાન ઘોડા પરથી નીચે ઊતરી પોતાની કેપ અને કોટ બાજુમાં મૂકી મોભ ઊંચકાવવામાં મદદ કરવા લાગ્યો

હા, સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, જેમ જેમ પદ-પ્રતિષ્ઠા વધતી જાય તેમ તેમ નમ્રતા ઘટતી જાય, પણ જો લોકો મોટા થયા પછી પણ વિનમ્ર રહે, તો તે સૌના આદરનું પાત્ર અને સૌના માટે પ્રેરણાદાયી બને છે.

પ્રમુખસ્વામી મહારાજ જળઝીલણી એકાદશીના ઉત્સવ નિમિત્તે સારંગપુરમાં વિરાજમાન હતા. ઉત્સવના દિવસે બારસનાં પારણાં કરી સૌ ભક્તો વિખરાયા. મંદિરમાં રોકાયેલા સૌ સંતો-ભક્તોએ પણ બપોરે જમી-પરવારી આરામ માટે લંબાવ્યું. સ્વામીશ્રીએ પણ એકાદશીનો ઉપવાસ પાણીનું ટીપુંય મોંમાં મૂક્યા વગર કરેલો. વળી, ઉપવાસની સાથે સાથે આખો દિવસ સમૈયાની શ્રમસભર સેવાઓ અને ગામમાં પધરામણીઓ પણ કરેલી. પ્રમુખસ્વામી નિયત સમયે વિશ્રામ માટે આવ્યા અને સૂતા પણ ખરા. સેવક સંત પણ બાજુમાં આડે પડખે થયા, પરંતુ થોડી વારે સેવકની આંખ ખૂલી તો સ્વામીશ્રીની પથારી ખાલી દીઠી. તે જોઈ તેઓ સફાળા બેઠા થઈ ગયા અને તપાસ કરવા નીકળ્યા.

શોધતાં શોધતાં તેઓ મંદિરના સાવ પાછલા ભાગે આવ્યા, પણ ત્યાં તેઓએ જે જોયું તે તેઓના મનમાંથી કદી ભૂંસાય નહીં એ રીતે ચોંટી ગયું. સ્વામીશ્રી ગાતરિયું એક કોરે મૂકી, ધોતિયાનો કછોટો મારી, એક હાથમાં સાવરણો અને બીજા હાથમાં પાણી ભરેલી બાલદી લઈને મળથી ખરડાયેલા હરિભક્તોનાં સંડાસ સાફ કરી રહેલા!

સંસ્થાના પ્રમુખની આ નમ્રતા અને સેવાભાવના સેવકને પચાવવી અઘરી થઈ પડી! તેઓ તરત જ સ્વામીશ્રી પાસે દોડી ગયા અને તેઓએ રોકતાં પૂછ્યું: 'આપ આ શું કરો છો?' સ્વામીશ્રી કહેઃ 'એકથી બે ભલા. તમે પાણી લઈ આવો ને હું સાવરણો ફેરવું!' એમ કહેતાં સ્વામીશ્રી પુનઃ ગંદકી સાફ કરવા મંડી પડ્યા, પરંતુ સેવક જ્યારે પાણી લેવા નજીક આવેલા કુંડમાં ગયા ત્યારે તેઓને સ્વામીશ્રીનો પરિશ્રમ વિશેષ સમજાયો. ત્રીસેક પગથિયાં ઊતરીને કુંડમાં જઈ પાણી ભરેલી બાલદી સાથે તેટલાં જ પગથિયાં ચડીને એક-બે વાર આવવામાં તો તેઓ હાંફી ગયા. તે વખતે તેઓ વિચારી રહ્યા કે, 'સંડાસ સાફ કરવા માટે આવી ચઢ-ઊતર આજે સ્વામીશ્રીએ કેટલી વાર કરી હશે?'

સેવાધર્મ પરમ ગહન છે એવું શાસ્ત્રકારોએ ભલે લખ્યું હોય, પણ સ્વામીશ્રીને આ સેવાધર્મ શ્વાસોશ્વાસ જેટલો સહજ હતો. અને હા, આ કોઈ એકલદોકલ પ્રસંગની વાત નથી. સ્વામીશ્રીના જીવનમાં નીચી ટેલની આવી સેવાની તો સરિતા સદાય ઘૂઘવતી હતી.

સંસ્થાના પ્રમુખપદે આવ્યા પછી તો સામાન્ય રીતે માણસની માનસિકતા એવી જ બની જાય કે હવે મારે લોકો ઉપર શાસન કરીને લોકો પાસે કામ કરાવવાનું છે, પણ આવી માનસિકતાવાળા લોકો ભાગ્યે જ સાચા અને સારા નેતા બની શકે છે. એની સામે જે લોકો વિનમ્ર બન્યા છે, તે મહાન બન્યા છે.

નક્કી આપણે કરવાનું છે કે આપણે સત્તા ભોગવવી છે કે સેવક થઈને ખરા અર્થમાં મહાન બનવું છે? નિર્ણય આપણા હાથમાં છે.

પ્રગતિનો પાયો



મહાપુરુષો કેવળ પોતાની બુદ્ધિક્ષમતા કે આવડત-પ્રદાનોના કારણે મહાન નથી બનતા, પણ તેઓએ સ્વયંમાં કેળવેલા સદ્‌ગુણોના આધારે આદરણીય બને છે. દુનિયામાં જેણે જેણે પ્રામાણિકતાથી મોટપ મેળવી છે તે મહાન વિભૂતિઓ સૌના દિલમાં સ્થાન પામી છે

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

આયુર્વેદિક ચિકિત્સાના પિતામહ એટલે મહર્ષિ ચરક. તેઓએ શરીરવિજ્ઞાન, ગર્ભવિજ્ઞાન અને રોગનિદાન અંગેની ઔષધીઓ આપવામાં બહોળું યોગદાન આપ્યું છે. તેઓએ પોતાના પુસ્તક ચરક સંહિતામાં ૧૨,૦૦૦ જેટલા શ્લોકોમાં અનેક રોગો અને તેનાં નિદાનો માટે અનેક ઔષધીઓનું આલેખન કર્યું છે. તેઓ સતત પોતાના શિષ્યો સાથે ઔષધીઓની શોધખોળ કરતા રહેતા. તેઓને ૧ લાખથી અધિક વનસ્પતિઓનું જ્ઞાન હતું.

એકવાર ચરક મુનિ જ્યારે પોતાના શિષ્યો સાથે એક ઔષધિની શોધ માટે ફરતા હતા ત્યારે એક નવા જ પુષ્પ પર તેઓની દૃષ્ટિ પડી. તેઓ તેને લેવા દોડ્યા અને અચાનક જ ઊભા રહી ગયા. તેમના શિષ્યો પણ તેઓની પાછળ જ હતા, પણ મુનિએ તેઓને પણ રોક્યા. શિષ્યોએ જ્યારે કારણ પૂછ્યું ત્યારે ચરક મુનિ કહે, 'આ કોઈ ખેડૂતનું ખેતર છે, તેના માલિકને પૂછ્યા વગર કંઈ ન લેવાય.' ત્યારે શિષ્યો કહે, 'આપ તો રાજવૈદ્ય છો. રાજાની આજ્ઞાથી સંશોધન કરો છો. લોકોના સ્વાસ્થ્ય માટે અને પરોપકાર માટે આપને રાજાએ કોઈ પણ વનસ્પતિ લેવાનો હક આપ્યો છે.' ચરક મુનિ કહે, 'બધું બરાબર, પણ માલિકને પૂછ્યા વગર લઈએ તો તે લૂંટ કહેવાય.' શિષ્યો સમજી ગયા અને ચરક મુનિ સાથે ત્રણ ગાઉ ચાલીને ખેડૂતના ઘરે ગયા.તેની મંજૂરી લઈને પછી જ ફૂલ લીધું.

મહાપુરુષો કેવળ પોતાની બુદ્ધિક્ષમતા કે આવડત-પ્રદાનોના કારણે મહાન નથી બનતા, પણ તેઓએ સ્વયંમાં કેળવેલા સદ્‌ગુણોના આધારે આદરણીય બને છે.

દુનિયામાં જેણે જેણે પ્રામાણિકતાથી મોટપ મેળવી છે તે મહાન વિભૂતિઓ સૌના દિલમાં સ્થાન પામી છે. લાલ બહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન બન્યા પછી પણ પોતાને પ્રાપ્ત થયેલી મોટરગાડી સરકારી ઑફિસે જવામાં જ વાપરતા. સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના નાયબ વડાપ્રધાન હોવા છતાં ૨૦ વર્ષ જૂનું ચશ્માંનું ખોખું વાપરતા. ડૉક્ટર એ.પી.જે. અબ્દુલ કલામ ભારતના રાષ્ટ્રપતિ હોવા છતાં રાષ્ટ્રપતિ ભવનના ૩૦૦થી વધુ ઓરડાઓમાંથી માત્ર બે કે ત્રણ જ ઓરડા વાપરતા. પ્રામાણિકતાની કેવી પરાકાષ્ઠા!!!


સન ૧૯૭૭ની વાત છે. પ્રમુખસ્વામી મહારાજ લેસ્ટરમાં વિરાજમાન હતા. ડૉંકાસ્ટર રોડ પર એક હરિભક્તને ઘેર તેઓનો ઉતારો હતો. લેસ્ટરના બાળમંડળના બાળકોને પ્રમુખસ્વામી મહારાજની પ્રાતઃ પૂજા માટે તાજાં પુષ્પો લાવવાની સેવા સોંપાયેલી. આથી બાળકોએ તે વિસ્તારની સ્ટ્રીટમાં ફરીને અંગ્રેજ મકાનમાલિકોના ઘરના બગીચામાંથી કેટલાં ફૂલ લેવાં તેની નોંધણી કરી હતી. ભાવિક અંગ્રેજોએ એક અથવા બે પુષ્પો દરરોજ લઈ જવા પરવાનગી આપી હતી. પરંતુ, બાળકો એક-બેને બદલે બે-ત્રણ પુષ્પો તોડી લાવે અને પછી સાંજે જે તે મકાનમાલિકને જણાવી દે. આ વાતની જાણ પ્રમુખસ્વામી મહારાજને થઈ. આથી એક સવારે પ્રાતઃ પૂજા દરમિયાન સ્વામીજીએ સેવક સંતને કહ્યું, 'પુષ્પો લાવનાર બાળકોને બોલાવો.' બાળકોને એમ કે આશીર્વાદ કે પ્રસાદ મળશે. આથી એક બાળક દોડીને સ્વામીજી પાસે પહોંચી ગયો. સ્વામીજી તે સમયે શિક્ષાપત્રી વાંચી રહ્યા હતા. તેમાંથી તે બાળકને પ્રામાણિકતાનું પુષ્પ આપતાં સ્વામીજીએ કહ્યું, 'ધણીને પૂછ્યા વગર એક પુષ્પ પણ ન તોડાય, ચોરી કહેવાય. મારી પૂજામાં પુષ્પો નહીં હોય તો ચાલશે, પણ આવાં પુષ્પો જોઈતાં નથી.' બાળકો સાંજે જે તે મકાનમાલિકને અધિક પુષ્પ તોડ્યાં છે તે જાણ કરતાં જ હતાં છતાં પ્રમુખસ્વામી મહારાજને મન તે ચોરી જ હતી. પ્રમુખસ્વામી મહારાજે આપેલું પ્રામાણિકતાનું પુષ્પ માત્ર તે બાળક માટે જ નહોતું, પરંતુ આપણા સૌના માટે હતું. તેઓ ઘણીવાર કહેતા 'સમૃદ્ધ થવા માટે સદાચારી થવું પડે.'

ઘણી વખત તો આપણને ખ્યાલ પણ નથી રહેતો અને આપણે પ્રામાણિકતા ચૂકી જઈએ છીએ.

એક વખત એક શિક્ષકે એક વાલીને બોલાવી ફરિયાદ કરી કે, 'તમારો દીકરો બીજાની પેન-પેન્સિલ ચોરી કરે છે.' વાલીએ ગુસ્સાથી કહ્યું કે, 'આને મેં કેટલીવાર સમજાવ્યો છે કે, તું ચોરી ન કર. તારે જે સ્ટેશનરી જોઈશે તે હું મારી સરકારી ઑફિસેથી લઈ આવીશ, પણ તે સમજતો જ નથી.' કેવી માનસિકતા! આ વાલીને એ જ ખબર નથી કે પોતે જ પોતાના બાળકમાં અપ્રામાણિકતારૂપી જળ સીંચી રહ્યા છે.

આવી માનસિક્તામાંથી બહાર આવી મહાપુરુષોએ ચીંધેલા માર્ગે ચાલી પ્રામાણિક બનીશું તો જ આપણે સાચી પ્રગતિ સાધી શકીશું, કારણકે, પ્રામાણિક્તા એ પાયો છે- સાચી સફળતા સંપન્ન કરવાનો, સાચી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાનો અને હૃદયની શાંતિ સાધવાનો.

સાચી દિશા કોણ આપશે ?



'મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય.' શાસ્ત્રનું માત્ર એક જ વાક્ય અનેક હારી ગયેલા યોદ્ધાઓને પુનઃ બેઠા કરી દે છે

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

કહેવાય છે કે 'water always finds its way' અર્થાત્ ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પાણી હંમેશાં પોતાનો માર્ગ શોધી જ કાઢે છે. તેવી રીતે એક યુવાન પણ ગમે તેવાં વિઘ્નોની વચ્ચે હાર્યા કે ગભરાયા વગર માર્ગ શોધી જ કાઢે.

જોકે, આજની યુવાની ઉપર દર્શાવેલી વિભાવનાથી સંપૂર્ણતયા વિપરીત દિશામાં ગતિશીલ હોય તેવું લાગે છે. વર્તમાન સમયે યુવાનોએ આચરેલાં કેટલાંક કૃત્યો સામે નજર કરતાં આ વાતની પ્રતીતિ થાય છે.

'દિલ્હીમાં ૧૯ વર્ષના યુવાને ચાકુના ૩૫ ઘા ઝીંકીને પોતાનાં માતા-પિતા અને બહેનની કરેલી હત્યા.'

'મુંબઈમાં ૨૭ કરોડના હીરાની ચોરી કરનાર ૩૧ વર્ષના યુવાનને પોલીસે પકડી પાડ્યો.'

'IIT મદ્રાસમાં ભણતા ૨૨ વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દીધું.'

જેઓના હાથમાં દુનિયાનું વર્તમાન અને ભવિષ્ય ખેલી રહ્યું છે, એ યુવાનોની આવી દશા! આવી તો સેંકડો ઘટનાઓથી આજનાં વર્તમાનપત્રો છલકાતાં હોય છે. તો આજના યુવાનમાં એવું શું ખૂટે છે જે તેને વિપરીતતા તરફ ખેંચી જાય છે? એવું કયું પરિબળ છે જેના લીધે શરીરથી યુવાન હોવા છતાં મન અબુધ બાળક જેવું રહી જાય છે? ચિંતકો અને મહાપુરુષોએ સમાજની વાસ્તવિકતાને મથીને તેનું તારણ કાઢ્યું કે, 'આજના યુવાનમાં 'સાચી સમજણ' અર્થાત્ 'સાચી દિશાનો અભાવ છે.'

જ્યાં સુધી જીવન જીવવાની સાચી દિશા પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી વ્યક્તિનું જીવન ફૂટબોલના દડા જેવું બની રહે છે. બધી બાજુ ફંગોળાયા કરે છે. એટલા માટે સાચી દિશા પ્રાપ્ત થવી અતિ આવશ્યક છે અને આ સાચી દિશા પ્રાપ્ત થાય છે સારાં શાસ્ત્રોના પઠનથી. 4G-5Gની આજની પેઢી સદ્વાંચનથી કોસો દૂર થઈ ગઈ છે.

'અમને સાચી દિશા કોણ આપશે?' હજારો યુવાનોના આ પોકારનો જવાબ આપતાં પ્રમુખસ્વામી મહારાજ જણાવે છે કે, 'આપણાં શાસ્ત્રો મનુષ્યને સાચી દિશા સૂચવે છે.' જેઓ દરેક પળ શાસ્ત્ર પ્રમાણે જીવ્યા છે, એમના મુખમાંથી આ ઉચ્ચારાયેલું અનુભવામૃત છે.

આપણે ગમે તેવી પરિસ્થિતિમાં હોઈએ પણ આપણાં શાસ્ત્રો દીવાદાંડી બની આપણને સાચી દિશા બતાવતા રહે છે. સચ્છાસ્ત્રના વાંચનની આપણા વિચારો અને આચરણ પર ઊંડી અસર થાય છે, જેનાથી નિરાશ થયેલા યુવાનને નવી આશા પ્રાપ્ત થાય છે, જેના અંતરમાં સૂનકાર વ્યાપી ગયો હોય તેના અંતરમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.

કોરિયાનો નવયુવાન જય ઈટાલિયા પોતાનો અનુભવ વર્ણાવતાં કહે છે કે, 'હું ગોંડલમાં ગુરુકુળમાં રહીને ૧૧મા ધોરણમાં ભણતો હતો. ત્યારે મારે ૬૦ ટકા આવ્યા હતા. ઓછા ગુણ મળવાથી અંતરમાં સૂનકાર વ્યાપી ગયો હતો. હું જ્યારે નોટિસ બોર્ડ પાસે ગયો તો ત્યાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું લિસ્ટ લગાડેલું હતું. એ લિસ્ટના અંતે વચનામૃત (ભગવાન સ્વામિનારાયણની અમૃતવાણીનો ગ્રંથ)નું એક વાક્ય મેં વાંચ્યું અને મારી હતાશાનો ઉચ્છવાસ ક્યાંય ગાયબ થઈ ગયો, તેની મને ખબર જ ન પડી. એ વાક્ય હતું 'મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય.'

શાસ્ત્રનું માત્ર એક જ વાક્ય આવા અનેક હારી ગયેલા યોદ્ધાઓને પુનઃ બેઠા કરી દે છે. ખરેખર, શાસ્ત્રો મનુષ્યને સાચી સમજણ અને સાચી દિશા આપે છે.

શાસ્ત્રોનાં વચનોને લીધે જ કેટલાય યુવકો લોભામણા વાતાવરણ વચ્ચે પણ અચળ અને અડગ રહી શકે છે. કેટલાય યુવકો કુસંગથી દૂર રહીને જીવનમાં સંયમ રાખી શકે છે. જીવનને ટૂંકાવી દેવાના વિચારોવાળા કેટલાય યુવકો પુનઃ જીવંત થઈ જાય છે.

ગાંધીજીએ પણ શ્રીમદ ભગવદ્ગીતાનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું છે કે, 'મારી બે માતા છે. એક પૂતળીબાઈ તો સ્વર્ગે સિધાવી છે, પણ બીજી ગીતારૂપી માતા હયાત છે. મૂંઝવણના સમયમાં એની પાસે જાઉં છું ત્યારે મને એ કદીય નિરાશ કરતી નથી. માર્ગદર્શન આપે જ છે. હતાશ હૈયામાં હામ ભરે છે.'

સુગંધ છોડી જાય છે...

૧૮ ૭૦ના દાયકાની આ વાત છે. એક ગરીબ અમેરિકન યુવાન મહેનતથી પૈસા કમાઈ પોતાના ભણવા માટેની ફી ભરતો હતો. એકવાર સતત ૧૦ દિવસ સુધી કંઈ કામ ન મળતાં તેની પાસે ખાવા માટેના પણ પૈસા ન રહ્યા. કામ માટે તેણે એક પછી એક ઘરના દરવાજા ખખડાવ્યા, પણ નિષ્ફળ. પછી તેણે નક્કી કર્યું કે 'હવે જે ઘરે જઈશ ત્યાં પહેલાં ભોજનની માંગણી કરવી છે', કેમ કે તેને ખૂબ જ ભૂખ લાગી હતી. એક ઘરનું બારણું ખખડાવતાં એક બહેને આવકાર આપી તેનું દયામણું મુખ જોઈને પૂછ્યું, 'તમે ભૂખ્યા લાગો છો, તો તમારા માટે કંઈક લાવું?' યુવકે સંકોચ સાથે કહ્યું, 'મને માત્ર પાણી આપો.' ઇચ્છા ભોજનની હતી, પણ માંગણી પાણીની થઈ. બહેન સમજી ગયાં. તેઓએ ઘરમાંથી દૂધ ભરેલો ગ્લાસ લાવીને તે યુવકને આપ્યો. યુવકે તેના દામ પૂછતાં તે બહેને કહ્યું, 'સેવા અને દયાનું ક્યારેય વળતર ન લેવું જોઈએ.' તે બહેનની ઉદાત્ત ભાવનાને મનોમન વંદી યુવાને ત્યાંથી વિદાય લીધી.



> **સેવાની ભાવનાની આ જ વિશેષતા છે. જેની સેવા કરવામાં આવે તે તો લાભ મેળવે જ છે, પરંતુ સેવા કરનાર તેનાથી વિશેષ પામે છે, એને ભગવાન ખુદ આપે છે**

આ વાતને ૨૦-૨૫ વર્ષ વીતી ગયાં. એ બહેનને કોઈ રોગ લાગતાં ગામમાં યોગ્ય સારવારના અભાવે બોસ્ટન ખાતે વિશ્વની ખ્યાતનામ 'જહોન હોપકિન્સ રિસર્ચ હોસ્પિટલના ફાઉન્ડિંગ ફાધર' ડૉ. હાવર્ડ કેલી પાસે લઈ જવામાં આવ્યાં. દર્દીને જોતાં જ તેઓ આ બહેનને ઓળખી ગયા. તેઓએ તેમને પોતાની હોસ્પિટલમાં બે મહિના રાખી મન દઈને સારવાર કરી. સામાન્ય પરિસ્થિતિવાળાં આ બહેનને બિલ ચૂકવવાની ચિંતા હતી. તેમણે ચિંતા સાથે સારવારનું બિલ પુછાવ્યું, પરંતુ આશ્ચર્ય! ડૉ. કેલીએ બિલ મોકલાવતાં લખ્યું'તું, 'Paid in full with a glass of milk!' અર્થાત્ દૂધ ભરેલા ગ્લાસમાં આ બિલ આવી ગયું! ખરેખર, તે બહેન માટે તો આ ચમત્કાર જ હતો!

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વાચકમિત્રો! આ ચમત્કાર છે સેવાનો, બીજાને મદદ કરવાની શુદ્ધ ભાવનાનો! જેનો મંત્ર છે, 'What can I give?' હું તમને શું આપી શકું? એક વખત ડૉ. અબ્દુલ કલામને જ્યારે પૂછવામાં આવ્યું કે આપ મોટી ઉંમરે પણ આટલો બધો ઉત્સાહ-ઉમંગ કઈ રીતે ધરાવી શકો છો? ક્ષણાર્ધમાં તેઓ કહે, 'આ રહસ્ય હું મહાપ્રમુખસ્વામીજી પાસેથી શીખ્યો છું. All his life Swamiji has continued to give, give and give. So I have decided to ask only one question in life: What can I give?' અર્થાત્ સ્વામીજી પોતાના સમગ્ર જીવન દરમિયાન સૌને આપતા જ રહ્યા છે, તેથી મેં પણ એ જ નક્કી કર્યું છે.

સેવાની ભાવનાની આ જ વિશેષતા છે. જેની સેવા કરવામાં આવે તે તો લાભ મેળવે જ છે, પરંતુ સેવા કરનાર તેનાથી વિશેષ પામે છે. એટલું જ નહીં, આ સેવાભાવનાની કદર કરનાર પણ તેમાંથી પ્રેરણા મેળવીને ધન્ય બને છે. સેવાનું ફળ હંમેશાં સ્થૂળ વળતરરૂપે જ મળે એવું જરૂરી નથી. સેવાનું ફળ ભગવાન આપણને અંતરમાં શાંતિરૂપે પણ આપે છે, જેનું મૂલ્ય સ્થૂળ વળતર કરતાં અનેક ગણું વધારે હોય છે.

૧૦ વર્ષની એક છોકરી બગીચામાં રમીને પોતાના ઘરે પરત ફરી. બગીચામાંથી પાછા ફરતાં તેણે પોતાના વૃદ્ધ પોડાશીને પૂજા માટે ગુલાબનાં ફૂલ આપ્યાં. આ દૃશ્ય જોઈ બાળકીની માતાએ તેને કહ્યું, 'હવે તારા હાથ સૂંઘ!' તેણે કુતૂહલતાથી પોતાના હાથ સૂંઘ્યા તો તેણે પોતાના હાથમાં ગુલાબની સરસ સુગંધ અનુભવી. તેનું મન મલકી ઊઠ્યું. માતાએ સરળ છતાં શાશ્વત અને બુદ્ધિગમ્ય બોધ આપતાં કહ્યું કે, 'ફૂલો હંમેશાં આપનારના હાથ પર સુગંધ છોડી જતાં હોય છે.'

હેન્રી ડ્રુમંડ નામના એક વિચારકે કહ્યું છે કે, 'દુનિયાનો ખ્યાલ એવો છે કે બીજા પાસેથી સેવા લેવામાં સુખ છે, પરંતુ ખરેખર સુખ તો બીજાની સેવા કરવામાં જ છે.'

ખરેખર, જીવનમાં માત્ર પૈસા, પદાર્થ, પદવી, પ્રશંસા પ્રાપ્ત કરવી જ પર્યાપ્ત નથી, પરંતુ કોઈના માટે નિઃસ્વાર્થ ભાવનાથી સેવા કરવાથી પણ જીવનમાં સુખ અને શાંતિ મળે છે.


સ્વપ્નમાંથી સિદ્ધિ તરફ

+ વાઇબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એકવાર એક ખેડૂતનો દીકરો ગામડેથી ન્યૂયોર્ક ફરવા આવ્યો. ૧૪ વર્ષની ઉંમરે એક આલિશાન હોટલ સામે જોઈ પિતાને પૂછ્યુંઃ 'ચાલોને, પેલી હોટલમાં એક દિવસ રહીએ?' પિતાઃ 'એટલા પૈસા આપણી પાસે ક્યાં છે?' થોડું વિચારીને પુત્ર હિલ્ટને કહ્યું : 'તો એ હોટલ જ આપણી બનાવીએ તો ગમે તેટલા દિવસ રહેવાય.' પિતાઃ 'કેવી ઊંચી વાત કરે છે.' પણ ૧૪ વર્ષની નાની ઉંમરના હિલ્ટને એ સ્વપ્ન મનમાં રાખ્યું. મનમાં ચિત્ર નક્કી કર્યું 'ન્યૂયોર્કમાં મારે હોટલ બનાવવી છે.' પછી નિયમિત મહેનત કરી. ભણ્યો. વેપાર શરૂ કર્યો. નાની હાટડી માંડી, ક્રમે ક્રમે વેપાર વધતો ગયો. પાછળથી તે જ હિલ્ટને ન્યૂયોર્કમાં ફાઈવસ્ટાર હોટલ બનાવી. આજે જગતભરમાં હિલ્ટન હોટલની હારમાળા ખડી થઈ ગઈ છે. આ છે દૃઢ નિશ્ચય-ચિત્રનું પરિણામ.

કોઈ પણ સિદ્ધિ હાંસલ કરવા માટે પ્રથમ સંકલ્પનું બીજ હૃદયમાં વવાવું જોઈએ અને તે સંકલ્પ અંગેનું ચિત્ર (visualization) સ્પષ્ટ કરીને નિયત સમયમર્યાદામાં શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ આદરવામાં આવે તો સિદ્ધિનાં શિખરો સર કરી શકાય.

ભવિષ્યના અમુક સમયે તમે શું બનવા માંગો છો? અથવા શું પામવા માંગો છો? તેનું સ્પષ્ટ ચિત્ર એ જ વિઝ્યુલાઈઝેશન છે. વિઝ્યુલાઈઝેશન એ આત્મવિશ્વાસથી સક્ષમ લોકોનો ગુણ છે. તે ધ્રુવના તારા સમાન છે. તે આપણને સતત માર્ગદર્શન આપી આપણો માર્ગ પ્રશસ્ત કરે છે. આપણી સર્જનાત્મક રીતે વિચારવાની, કલ્પના કરવાની ક્ષમતાનો ઉપયોગ દરરોજ થોડો સમય કાઢીને કરવાથી આશ્ચર્યભર્યાં પરિણામો લાવી શકાય છે. વિઝ્યુલાઈઝેશનથી જ વિઝન સાકાર થાય છે.



> **'એક વિચાર, એક આદર્શ પકડો. તેને તમારું જીવન જ બનાવી દો. તેના જ વિચાર કરો, તેનાં જ સ્વપ્ન સેવો, તેને જ તમારો શ્વાસપ્રાણ બનાવો. તમારું મસ્તિષ્ક, સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ, શરીરનું પ્રત્યેક અંગ તદ્રૂપ કરી નાખો**

અમેરિકાના ટેનિસીમાં વિલ્મા રુડોલ્ફ નામની બાળકીનો જન્મ થયાને ૪ વર્ષે તેને પોલિયો લાગુ પડ્યો. ડૉ. કહે, 'તે પોતાના પગ ક્યારેય પૃથ્વી પર નહીં મૂકી શકે.' તેથી તેને બ્રેસ પહેરાવવા પડતા, પણ તેને મનમાં જોયું, 'મારે આ પૃથ્વી ઉપર સૌથી ઝડપી દોડનારી સ્ત્રી બનવું છે.' નવ વર્ષે તેણે બ્રેસ કાઢી નાખ્યા ને પૃથ્વી પર પગ મૂક્યો. ૧૩ વર્ષે સ્પર્ધામાં ભાગ લીધો, પણ છેલ્લી આવી. ૧૫ વર્ષે એડ્વર્ડ ટેમ્પલ કોચ તરીકે મળ્યા. ૧૯૬૦ના ઓલિમ્પિકમાં તે ઊતરી. ૧૦૦મી, ૨૦૦મી, ૪૦૦મી રીલેમાં જીતેલી, અપરાજિત હતી. ૩ ગોલ્ડ મેડલ જીત્યા. ત્યારે પ્રિન્ટ મીડિયાએ છાપ્યું કે, 'A paralytic woman became the fastest woman.' અને તેનું વિઝન સાકાર થયું.

મિત્રો, જો તમારી પાસે કશુંક સારું છે અને તેના આધારે કોઈ ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિનું સ્વપ્ન ન જુઓ, તો તમે એને ક્યારેય પ્રાપ્ત કરી શકશો નહીં. જે કંઈ અવરોધો છે તે તમારા મનના છે. માટે મનમાં સફળતાનું ચિત્ર જોવાનું શરૂ કરી દો.


પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજનો સંકલ્પ હતો, 'દિલ્હીમાં યમુનાના કાંઠે મંદિર કરવું છે.' બીજા બધાને આ કઠિન લાગતું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના મનમાં અક્ષરધામ સાકાર જ હતું. પરિણામે ૩૫ વર્ષના સંઘર્ષ પછી દિલ્હીમાં મળેલી જમીન પર માત્ર ૫ વર્ષમાં ભવ્ય અક્ષરધામનું સર્જન કર્યું. ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ્ઝ બુકમાં 'વિશ્વના સૌથી મોટા હિન્દુ મંદિર' તરીકે સ્થાન પામેલા આ બેનમૂન પરિસરે, ભારતીય મંદિર પરંપરાની જાણે વ્યાખ્યા જ બદલી નાખી.

સ્વામી વિવેકાનંદનું એક વિધાન અહીં યાદ આવે છે કે, 'એક વિચાર, એક આદર્શ પકડો. તેને તમારું જીવન જ બનાવી દો. તેના જ વિચાર કરો, તેનાં જ સ્વપ્ન સેવો, તેને જ તમારો શ્વાસપ્રાણ બનાવો. તમારું મસ્તિષ્ક, સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ, શરીરનું પ્રત્યેક અંગ તદ્રૂપ કરી નાખો.'

ધુળેટી પછીના સારા દિવસોમાં આપણાં મન અને મસ્તિષ્કને શ્રેષ્ઠ વિચારથી સમૃદ્ધ કરીએ. તેને આપણું સ્વપ્ન બનાવીએ. એક એવા સુખમય સંસારની પરિકલ્પના કરીએ, જ્યાં સૌ કોઈ પ્રેમ અને શાંતિથી જીવી શકે.

પરાગ જો અંતરમાં હશે, તો તે પાંગરીને કદી પુષ્પ ખીલશે,
મનોરથો સ્વપ્ન મહીં હશે, તો સિદ્ધિરૂપે કાર્ય વિશે જન્મશે.

તંત્ર, યંત્ર અને મંત્ર



ભગવાનનો મંત્ર એ માત્ર કક્કા-બારખડીથી બનેલો શબ્દ નથી, પણ મંત્રની વ્યાખ્યા કરતાં કહેવાયું છે કે, 'મન્ત્ર્યતે અનેન ઇતિ મન્ત્રઃ।' ભાવાર્થરૂપે કહીએ તો, 'જે ભગવાનમાં જોડી આપે તે મંત્ર.'

પશ્ચિમી જગતમાં એવું મનાય છે કે, કોઈ પણ એકમને સારી રીતે ચલાવવા Administration (તંત્ર) જોઈએ. જેમ કે, ઈઝરાયેલ દેશનો બહુધા ભાગ રણપ્રદેશ છે. જેમાં વાર્ષિક પથી ૬ ઈંચ વરસાદ જ પડે છે. તેમ છતાં તેઓ સારી રીતે ખેતી કરી શકે છે, કારણ કે તેઓની પાસે administration છે. એકમ ભલેને ઘર જેવું નાનું હોય કે વિશ્વ જેવું વિશાળ! પણ તે તંત્ર હોય તો જ સુવ્યવસ્થિત રીતે ચાલી શકે છે.

પરંતુ જો કોઈ તંત્રને વેગવંતુ કરવું હોય તો તંત્ર સાથે યંત્ર જોડવાં પડે. જેમ કે, સંદેશાવ્યવહાર માટે પહેલાં કબૂતરોને રાખવામાં આવતાં હતાં. ત્યારબાદ પત્રવ્યવહાર શરૂ થયો, પરંતુ આ તંત્રમાં ફોન, ફેક્સ, ઈન્ટરનેટ અને ઈ-મેલ જેવાં યંત્રો ભળ્યાં તો સંદેશાવ્યવહારનું તંત્ર આજે ઝડપી બન્યું છે.

આજે જ્યારે માણસ માત્રના પ્રયત્નો સુખ અને શાંતિ મેળવવાના છે ત્યારે તંત્ર અને યંત્ર દ્વારા તે સુવિધાઓ અને મનોરંજન પામ્યો છે, પરંતુ તેની મૂળભૂત જરૂરિયાત સુખ અને શાંતિ હજુ ઘણી છેટી રહી ગયેલી જોવા મળે છે.

અંગ્રેજ ઈતિહાસકાર ડૉ. આર્નોલ્ડ ટોયમ્બીએ કહ્યું છે કે, At this supremely dangerous moment in human history, the only way of salvation for mankind is the Indian way. Indian way એટલે ભારતીય શાસ્ત્રો દ્વારા ઋષિ મુનિઓએ આપણને બતાવેલો સુખનો રાજમાર્ગ! માર્ગદર્શક તરીકે આપણા ઋષિઓ સુયોગ્ય છે, કારણ કે તેઓ તંત્ર અને યંત્રની સાથે મંત્રના જ્ઞાતા હતા. આજથી દસહજાર વર્ષ પહેલાં વિશ્વની પ્રથમ લોકશાહીનું તંત્ર ભારતમાં હતું. વળી, છ બળદથી ખેતી કરવારૂપ યંત્ર પણ એ સમયે ભારતમાં હતું. તેમ છતાં ઋષિ મુનિઓએ આપણાં શાસ્ત્રોમાં તંત્ર અને યંત્ર કરતાં પહેલાં ભગવાનના મંત્રને મૂક્યો! કારણ કે તેઓ જાણતા હતા કે, સુખ અને શાંતિ માટેનો શાશ્વત ઉપાય ભગવાનના મંત્રમાં રહેલો છે.

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ભગવાનનો મંત્ર એ માત્ર કક્કા-બારખડીથી બનેલો શબ્દ નથી, પણ મંત્રની વ્યાખ્યા કરતાં કહેવાયું છે કે, 'મન્ત્ર્યતે અનેન ઈતિ મન્ત્રઃ।' ભાવાર્થરૂપે કહીએ તો, 'જે ભગવાનમાં જોડી આપે તે મંત્ર.'

મંત્રજાપ તો આપણે પણ કરીએ છીએ તો પછી ભગવાનમાં જોડાણ કેમ નથી થતું? તો જવાબ છે કે, યોગ્ય પદ્ધતિની ઊણપ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતાં કે, 'ભગવાનના નામનો મંત્રજાપ મહિમાથી, વિશ્વાસ લાવીને અને પ્રીતિપૂર્વક કરવો.'


મંત્રશક્તિની સાયદી તો વિજ્ઞાન પણ પૂરે છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં ડૉ. હર્બટ બેન્સન નામના પ્રોફેસરે એક શોધપત્રના તારણરૂપે જણાવેલું કે, 'જો કોઈ વ્યક્તિ સવાર-સાંજ ૨૦-૨૦ મિનિટ મંત્રનું રટણ કરે તો તેના શરીરમાં અંતઃસ્ત્રાવોનું ઉત્પાદન નિયમિત રહે છે. તેની નાડીના ધબકાર અને રુધિરનું દબાણ પ્રમાણસર રહે છે અને સામાન્ય વ્યક્તિને ૮ કલાકની ગાઢ નિંદ્રા પછી અનુભવાતી સ્ફૂર્તિ અને તાજગી માત્ર ૪૦ મિનિટના મંત્ર રટણથી પ્રાપ્ત થાય છે.'

મંત્રશક્તિનો અનોખો અનુભવ જર્મનીના કોન્સ્યુલ જનરલ શ્રીક્લાઉલ રેનરને પણ થયો હતો. ઈ.સ. ૨૦૦૧ની સાલમાં ભૂજમાં આવેલા ધરતીકંપની રાહત કાર્યવાહીમાં તેઓ ૩૭ વ્યક્તિ અને ૭ સ્નીફર ડોગ્સની (જે સૂંઘીને વ્યક્તિ શોધી કાઢે) ટુકડી સાથે જોડાયા હતા. જેમાં એક સ્થાને કાટમાળ પાસેથી કંઈક અવાજ સંભળાતા તેઓએ ત્યાં ધ્વનિવર્ધક યંત્ર મૂકી તપાસ કરી ત્યારે ખબર પડી કે કાટમાળ નીચે કોઈ વ્યક્તિ દટાયેલી છે અને તે જીવંત છે. કાર્યવાહીના અંતે વ્યક્તિને બહાર લાવ્યા તો તે સંપૂર્ણ સ્વસ્થ હતી. શ્રી ક્લાઉલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને પોતાનો સ્વાનુભવ કહેતાં જણાવ્યું કે, '50 કલાકથી વધુ અહંકાર, અનિશ્ચિતતા, અસહાયતા અને અસલામતી વચ્ચે આટલી સ્વસ્થતાથી વ્યક્તિ રહી શકે તેવું તેઓના અનુભવમાં આ પ્રથમ વખત નોંધાયું છે.' બહાર આવેલી વ્યક્તિને જ્યારે તેની સ્વસ્થતા અંગે પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેમણે જણાવ્યું કે છેલ્લા ૭૦ કલાકથી તેઓ સ્વામિનારાયણ મહામંત્રનું અખંડ રટણ કરી રહેલા, જેના કારણે તેઓના મન ઉપર તત્કાલીન પરિસ્થિતિની કોઈ અસર થઈ નહોતી.

માટે આવો આપણે પણ આપણા ઉપાસ્ય દેવના મંત્રજાપના અનેક લાભોને પોતાના કરીએ.

મોટા બનવાનું ઔષધ

દ્વિતીય વિશ્વયુદ્ધમાં અમેરિકાના ફાઈટર પ્લેનનો પાઈલટ લુઈસ ઝેમ્પારીનીનું પ્લેન ક્રેશ થઈ દરિયામાં પડ્યું. ૧૧માંથી ૮ મૃત્યુ પામ્યા. ત્રણ બચ્યા એ નાનકડા હોડકાના આધાર પર ઝઝૂમતા હતા. તેમાં પણ જાપાની પ્લેનના હવામાંથી થતા ગોળીબાર સામે મૃત્યુની કગાર પર જાણે ઊભા હતા. ૪૭ દિવસ તેમણે એ હોડકા પર કાઢ્યા. ત્રણમાંથી વધુ ૧ મૃત્યુ પામ્યો. બચેલા ૨ને જાપાની નેવીના સૈનિકો લઈ ગયા અને ૨ વર્ષ સુધી કેદ કર્યા. તે સમયે લુઈસ ઉપર તે લોકોએ અકલ્પનીય દમન ગુજાર્યો. તેનું જીવતા રહેવું જ અસંભવ જેવું હતું, પણ ૨ વર્ષ બાદ યુદ્ધ પૂરું થયું અને જાપાને લૂઈસને છોડવો પડ્યો. તે કઈ રીતે ટકી રહ્યો તેનું રહસ્ય જણાવતાં તેને પુસ્તક 'Devil, at my heels'માં નોંધ્યું છે કે 'I'd made it this far and refused to give up because all my life I had always finished the race 'હું આટલા લાંબા સમય સુધી ટકી શક્યો અને મેં હાર ન માની, કારણ કે મારી આખી જિંદગી મેં હંમેશાં રેસ પૂરી કરી છે.'



અમેરિકન ફાઇટર પ્લેનના પાઇલટ લુઇસ પોતાના સર્વાઇવલ બાબતે કહે છે કે 'હું આટલા લાંબા સમય સુધી ટકી શક્યો અને મેં હાર ન માની, કારણ કે મારી આખી જિંદગી મેં હંમેશાં રેસ પૂરી કરી છે.'

મહાન પુરુષો વિઘ્નોની પરંપરા વચ્ચે પણ હાથમાં લીધેલા કાર્યને અંતિમ પરિણામ સુધી પહોંચાડીને જ જંપે છે. માનવ મસ્તિષ્કમાં નવા નવા શુભ સંકલ્પોના અંકુર ફૂટતા હોય છે, પણ તેમાંથી ઘણા ખરા જન્મની ગણતરીની ક્ષણોમાં જ મૃત્યુ પામી જાય છે. કેટલાંક સપનાનું વાવેતર થાય છે, પણ પૂરતાં પ્રકાશ, પાણી ન મળતાં એ છોડ મુરઝાઈ જાય છે, પરંતુ કેટલાક સંકલ્પ એવા દૃઢ મનોબળ સાથે જન્મ લે છે કે પ્રતિકૂળતાઓની સામે બાથ ભીડીને તે બીજ ઘટાદાર વૃક્ષ થઈને જ રહે છે. જોકે, મનમાં પ્રગટ થતાં દરેક સંકલ્પને આકાર આપવા જઈએ તો જીવન ટૂંકું પડશે, માટે આપણી પસંદગી તો કરવી જ પડે, પરંતુ એક વખત જે કાર્યને, જે સ્વપ્નને સાકાર કરવાનો નિરધાર કર્યો, તેને નિશ્ચિત અંજામ સુધી પહોંચાડવું એ મહાન પુરુષોનું લક્ષણ છે. કહેવાય છે કે સારા કામમાં સો વિઘ્ન. કોઈ મહાન કાર્યો રાતોરાત નથી થઈ જતાં. સફળતાઓનો કોઈ શોર્ટકટ નથી હોતો. દરેક વસ્તુની જેમ કિંમત ચૂકવવી પડે છે. તેમ જેટલું સ્વપ્ન ભવ્ય તેટલું તેનું મૂલ્ય પણ ઊંચું હોય છે. તેને સાકાર કરવા તે કિંમત ચૂકવવી પડે છે.

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અને રીડર્સ ડાયજેસ્ટ જેવા વિખ્યાત મેગેઝિને જેને બિરદાવ્યું છે એવું વેસ્ટર્ન હેમિસ્ફિયરનું સૌ પ્રથમ ટ્રેડિશનલ હિન્દુ મંદિર એટલે લંડન BAPS સ્વામિનારાયણ મંદિર. આ ભવ્ય મંદિર માટેનું સ્વપ્ન પ્રમુખસ્વામી મહારાજે સેવ્યું. ૧૯૭૭થી મંદિર માટેની ભૂમિ સંપાદનની યાત્રા શરૂ થઈ. ૫૬ વખત જુદી જુદી જમીનો માટે પ્રયત્નો કર્યા, ૫૬ વખત નિષ્ફળતા. એક સારી સંતોષકારક જમીન મળી, તેની પરમિશન અને ક્લીયરન્સ માટે ૪ વર્ષ સુધી સંસ્થા દ્વારા સઘન પુરુષાર્થ થયો અને ૧૯૯૫માં લંડનમાં ભારતીય સંસ્કૃતિનું નજરાણું તૈયાર થઈ ગયું. ૨૦૧૨માં ઓલિમ્પિકના સોવેનિયરને સજાવવા જ્યારે ઈંગ્લેન્ડ દ્વારા ત્યાંનાં ૧૦ બિલ્ડિંગની પસંદગી થઈ હતી, તેમાં એકમાત્ર નોન બ્રિટિશ બિલ્ડિંગ હતું, લંડન સ્વામિનારાયણ મંદિર. પ્રશ્નોની પરંપરાઓ આવી હતી, પણ મંદિર સર્જકના ઉત્સાહમાં ઓટ ક્યારેય નહીં. પ્રમુખસ્વામી મહારાજે દોડ પૂરી કરી. અધવચ્ચે કાર્ય છોડી ન દીધું.

યાદ રાખીએ કે ભલે ફિનિશ લાઈન પર પહોંચવામાં થોડો સમય વધુ લાગે, થોડા મોડા પહોંચીએ પણ દોડ પૂરી કરવાનો દૃઢ સંકલ્પ રાખીએ. અધવચ્ચેથી છોડી ન દઈએ. જે ટકી રહે છે તે ચમકી જાય છે. ભલે એ દોડમાં કદાચ આપણે થાકી જઈએ, ઘવાઈ જઈએ, ફસડાઈ પડીએ, પણ પ્રયત્ન મૂકી ના દઈએ. જો દોડી નથી શકતા, તો ચાલતા રહીએ, જો ચાલી પણ નથી શકતા, તો ઘૂંટણીયે ડગ માંડીએ અને કદાચ એ પણ શક્ય નથી તો ભીતરથી જીવંત રહીએ કે હું ફરી ઊભો થઈ દોડીશ, પણ રેસ તો પૂરી કરીને જ રહીશ. વિશ્વાસ રાખજો કે એક દિવસ તમે ફિનિશ લાઈન સુધી ચોક્કસ પહોંચી જશો.

ઝાંઝવાના નીરની પાછળ દોડવું છે?

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પ્રસિદ્ધ પોપસ્ટાર માઈકલ જેક્સન પાસે કઈ વાતની કમી હતી? ૨,૭૦૦ એકરમાં પથરાયેલું તેમનું ઘર અને ૫૫૦ કરોડ ડોલર્સનું બેંક બેલેન્સ તેમની સમૃદ્ધિનો પરિચય આપતા. અનેક વખત જિતાયેલા ગ્રેમી એવોર્ડ્સ તેમની કીર્તિની ઓળખ આપતા. જે વસ્તુઓની પાછળ આખી દુનિયા દોટ લગાવે છે, તે તમામ વસ્તુઓ તેઓનાં ચરણોમાં આળોટતી હતી. મોટાભાગના લોકોને જે સ્વપ્નમાં પણ નથી આવતું તેને તેઓ વાસ્તવિક જીવનમાં પામ્યા હતા. આપણે આપણી ફૂટપટ્ટીથી માપીએ તો અવશ્યપણે વિશ્વના સૌથી સુખી માણસોમાં તેઓની ગણના કરીએ, પણ વાસ્તવિકતા શું હતી? તો માઈકલ જેક્સને પોતાના અંતિમ દિવસોમાં કહ્યું હતું કે, 'I am one of the loneliest people on this earth. I cry sometimes, because it hurts. It does. To be honest, I guess you could say that it hurts to be Me.' અર્થાત્ 'હું દુનિયાના સૌથી વધુ એકલા-અટૂલા માણસોમાંનો એક છું. હું ઘણી વખત રડું છું. સાચું કહું તો મને મારું અસ્તિત્વ ડંખે છે.' શબ્દે શબ્દે વિષાદનો પ્રવાહ તેમની આત્મકથાના આ પૃષ્ઠમાંથી વહી રહ્યો. બધું પામ્યા છતાં ખાલીપણાનો અનુભવ કેવળ માઈકલ જેક્સનને જ નથી, પણ અનેકોને છે.



જે દિશામાં આપણે સુખ પામવા માટે વલખાં મારીએ છીએ, એમાં તો dead end આવી જાય છે. તો પછી શાશ્વત સુખ અને શાંતિ પામવાનો રાજમાર્ગ કયો?

જે દિશામાં આપણે સુખ પામવા માટે વલખાં મારીએ છીએ, એમાં તો dead end આવી જાય છે. તો પછી શાશ્વત સુખ અને શાંતિ પામવાનો રાજમાર્ગ કયો? તો એનો ઉત્તર પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજે આપ્યો છે કે, 'વિવિધ ભોગમાંથી વૃત્તિ ખેંચી ભગવાનમાં પ્રીતિ કરવી તે શાંતિનો રાજમાર્ગ છે.'

આ વાત ન કેવળ તેમની વાણીમાં વહેતી, પણ તેમના જીવનમાં પણ પડઘાતી. તારીખ ૧૩ જૂન, ૧૯૮૮ના દિવસે પ્રમુખસ્વામી મહારાજ ઓટાવા નગર સ્થિત કેનેડાની પાર્લામેન્ટમાં પધાર્યા હતા. કારણ એ હતું કે આજે કેનેડાના સાંસદોની ઉપસ્થિતિમાં ચાલુ સંસદમાં તેમનું ભવ્ય સન્માન થવાનું હતું. પાર્લામેન્ટના અધ્યક્ષ શ્રી જહોન ફ્રાઈઝરે જાહેરાત કરી કે, 'I Wish to draw attention of members to the presence in the gallery of Pramukh Swami Maharaj...' અને જ્યાં અનુભવો માટે આરક્ષિત ગેલેરીમાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા સૌ સાંસદોએ નજર નાંખી ત્યાં આશ્ચર્ય! એક યુવાન સંત ભગવાન સ્વામિનારાયણની નાનકડી એવી ચલમૂર્તિ હરિકૃષ્ણ મહારાજને હાથમાં ધારણ કરીને ઊભા થયા. પછીથી સૌને ખ્યાલ આવ્યો કે પ્રમુખસ્વામી મહારાજે જ એ સંતને ઊભા થવા જણાવ્યું હતું, કારણ કે તેઓને મન આ સન્માન ઠાકોરજીનું હતું. આવા દબદબાભર્યા સન્માનમાં પણ તેમણે પ્રથમ ભગવાનને યાદ કર્યા, તે જ તેમની ભગવાન પ્રત્યેની પ્રીતિનાં દર્શન કરાવે છે. તેઓ આ ચલમૂર્તિને કેવળ મૂર્તિરૂપે નહોતા જોતા, પણ તેમાં તેઓને ભગવાનપણાનો પ્રત્યક્ષ ભાવ હતો. ભગવાન પ્રત્યેની તેઓની આ પ્રીતિનાં દર્શન થતાં, ભગવાન પ્રત્યેના દાસત્વમાં, પ્રત્યક્ષ ભાવે લેવાતી ઠાકોરજીની સંભાળમાં અને ભગવાનના સતત અનુસંધાનમાં.

આવી રીતે ભગવન્મય રહેનારા પ્રમુખસ્વામી મહારાજને આથી જ એક પણ વિપરીત પરિસ્થિતિ વિચલિત કરી શકતી નહિ, તેઓ જીવનમાં ક્યારેય દુ:ખી થતા નહીં. તારીખ ૧૮-૩-૧૯૯૩ના દિવસે ચિત્રલેખાના તંત્રી શ્રી હરકિસનભાઈએ તેમને પૂછ્યું હતું કે, 'એવી કોઈ ઘટના છે જે યાદ આવતાં દુ:ખ થાય?' ક્ષણના પણ વિલંબ વગર પ્રમુખસ્વામી મહારાજ બોલી ઊઠ્યા કે, 'ના, એવો કોઈ પ્રસંગ નથી. આનંદ ને આનંદ જ રહ્યા કરે છે કાયમ.'

વિશ્વવ્યાપી સંસ્થાનું સુકાન સંભાળતા પ્રમુખસ્વામી મહારાજનાં આ વચનો પ્રતીતિ કરાવે છે કે, વ્યાવહારિક જવાબદારીઓનું વહન કરતાં કરતાં પણ સુખનો અનુભવ થઈ શકે છે, જો ભગવાનને પ્રધાન રાખીએ તો. અહીં પૈસા કે પ્રસિદ્ધિ ન કમાવવાની કે સંન્યાસ લઈને જંગલમાં જતા રહેવાની વાત નથી, પણ વ્યવહાર કરતાં કરતાં પણ ભગવાનને પ્રધાન રાખવાની, ભગવાનમાં પ્રીતિ કરવાની સમજ છે, કારણ કે ભારતીય સંસ્કૃતિમાં સંત તુકારામ, સંત કબીર, ગોસ્વામી, તુલસીદાસજી, યોગીજી મહારાજ જેવા સંતો-ભક્તોની યાદીમાં જનક અને અંબરિષ જેવા રાજાઓનાં નામો પણ સમાવાયાં છે, જે આપણને વિશ્વાસ આપે છે કે વ્યવહાર ચલાવતાં ચલાવતાં પણ ભગવાનમાં પ્રીતિ રાખી શકાય છે.

નિર્ણય આપણે કરવાનો છે, ઝાંઝવાના નીરની પાછળ દોડવું છે? કે સત્પુરુષોએ બતાવેલા રાજમાર્ગને અનુસરવું છે?


જીવન કેટલું સરળ બની શકે!

+ વાઈબ્સ
ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

મોટાભાગે માણસ માત્રને બીજાને સમજાવવા-સુધારવાનો આગ્રહ સતત રહ્યા કરે છે. આ માટે તે સતત શસ્ત્ર ઉપાડે છે- શબ્દોનું.

'તને કેટલી વખત કહેવાનું?' 'તું સમજતો કેમ નથી?' 'આ છેલ્લી વાર કહું છું.'

આવા આવા શબ્દપ્રયોગો દ્વારા આપણે સામેવાળી વ્યક્તિ પર વારે વારે હુમલા બોલાવી દઈએ છીએ, પણ પરિણામ લગભગ આપણી અપેક્ષા સુધી પહોંચતું નથી. જ્યારે મહાપુરુષો આવા કોઈ પણ શસ્ત્રનો પ્રયોગ કર્યા વિના કેવળ પોતાના વર્તન દ્વારા જ કહેવાનું ઘણું બધું કહી દે છે.



સામાન્ય રીતે આપણે આપણા વિચારો સાથે એટલા બધા લાગણીથી જોડાઈ જઈએ છીએ કે, આપણે ગમે તેમ કરીને આપણી વાત સામેવાળાના મનમાં ઠસાવવાના પ્રયત્નો આદરીએ છીએ

ભારતમાં અંગ્રેજોનું રાજ હતું, તે સમયની વાત છે. અમદાવાદમાં મદદનીશ ન્યાયાધીશ તરીકે અંગ્રેજ અફસર કિન્લોક ફાર્બસની નિમણૂક થઈ. આ અંગ્રેજે અમદાવાદમાં આવીને કવીશ્વર દલપતરામની પાસે ગુજરાતી ભાષા શીખવી શરૂ કરી. સામે પક્ષે તેઓ કવીશ્વરને ગુજરાતી સાહિત્યમાં રચના કરવા પ્રોત્સાહિત કરતા. ધીમે ધીમે બંને વચ્ચે મિત્રતા વધવા લાગી. એક વખત આ બંને મહાપુરુષોને સુરતના નવાબ સાહેબે મિજલસમાં આવવાનું આમંત્રણ પાઠવ્યું. ફાર્બસે દલપતરામને કહ્યું કે, 'મિજલસમાં આપણે બંને હારે જઈશું.' પણ દલપતરામે કહ્યું કે, 'ત્યાં તો બીભત્સ નાચ-ગાન હોય, હું તે જોતો નથી.' ફાર્બસ ઊંડા ઊતરી ગયા. પોતાના હૃદયમાં રહેલો સદાચારનો હંસલો જાણે ઢંઢોળાયો. તેઓએ પણ મિજલસમાં ક્યારેય ન જવાનો નિર્ણય લીધો. આ છે વર્તનની અસર. ગુજરાતી શબ્દકોષના કયા શબ્દો એવા છે જે એક અંગ્રેજને મહેફિલમાં જતા રોકી શક્યા હોત?

સામાન્ય રીતે આપણે આપણા વિચારો સાથે એટલા બધા લાગણીથી જોડાઈ જઈએ છીએ કે, આપણે ગમે તેમ કરીને આપણી વાત સામેવાળાના મનમાં ઠસાવવાના પ્રયત્નો આદરીએ છીએ. આ માટે શરૂ થયેલો સહજ વાર્તાલાપ ક્યારેક ઉગ્ર ચર્ચા સુધી પહોંચે છે. પ્રતિપક્ષીને પોતાના પક્ષે ભેળવવા માટે શરૂ થયેલી આવી ચર્ચા મોટાભાગે પરિણામ લાવવામાં નિષ્ફળ નીવડે છે. ક્યારેક આવી ચર્ચા મિત્રો વચ્ચે મોટી તિરાડ પણ સર્જી દે છે. એની સામે શુદ્ધ આશયથી થયેલું નાનું એવું વર્તન પણ કેટલી સહજતાથી સામેવાળાના હૃદયમાં સત્પ્રેરણાનું ઝરણું વહાવી શકે છે!

ભગવાન સ્વામિનારાયણે પણ પોતાના પરમહંસોને શીખ આપી હતી કે, 'તમે વર્તન શુદ્ધ રાખજો. તમારું વર્તન વાતુ કરશે.' ભગવાન સ્વામિનારાયણના વચનોને જીવનારા પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આ ગુણ ઊડીને આંખે વળગે એવો રહ્યો છે.

ગોંડલમાં ગુરુ યોગીજી મહારાજના ૭૫મા જન્મજયંતી મહોત્સવની પૂર્વતૈયારીની સેવામાં પ્રમુખસ્વામી મહારાજ જોડાયા હતા. તે સમયે હોસ્ટેલનું બાંધકામ જોવા માટે નીકળ્યા હતા. સમૈયામાં આ ભવન પણ ઉપયોગમાં લેવાનું હોવાથી બાંધકામ સમયસર પૂરું થાય એ આવશ્યક હતું. ગુરુકુળના આ ભવનના બીજા માળે આવેલા પ્રાર્થનાખંડમાં લાદી બેસાડવાનું કામ ચાલતું હતું. કાર્યભાર સાંભળનારને પૂછ્યું: 'કામ કેવું ચાલે છે?'

ત્યારે તેઓએ કહ્યું, 'છેલ્લા ચાર-પાંચ દિવસોથી લાદીઓ ઉપર ચડાવીને મજૂરોનાં હાથમાં છાલાં પડી ગયાં છે, તેથી બધા મજૂરો કામ અટકાવીને બેઠા છે. લાદીઓ ઉપર ચડાવવાની ના પાડે છે.'

પ્રમુખસ્વામી મહારાજે તરત જ કહ્યું, 'ચાલો, અમે આવીએ છીએ.' એમ કહી તેઓએ કોઈનેય કશુંય કહ્યા સિવાય બાર લાદીઓની થપ્પી પોતાના માથા પર ઉપાડી અને બીજે માળે જઈને ઉતારી! BAPS સંસ્થાના પ્રમુખ હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજ કોઈ પણ પ્રકારની સેવા કરવામાં હંમેશાં તત્પર રહેતા. 'સમૈયાની વર્કિંગ કમિટીના અધ્યક્ષ કે જેમના એક ઈશારે કેટલાય લોકો સેવાને સમર્પિત થઈ જાય તે પોતે આજે પોતાના માથે લાદીઓ ઉપાડી રહ્યા છે?!'

આવા પ્રસંગોની શૃંખલાઓને લીધે જ કદાચ અંગ્રેજીમાં કહેવત પડી હશે કે, 'Your actions speak louder than your words.' આપણા વર્તનનો અવાજ એટલો મોટો હોય છે કે આપણી વાણીનો ધ્વનિ એમાં દબાઈ જાય છે.

પોતાનાં બાળકોને અન્ય બાળકો સાથે ન ઝઘડવાનો બોધ આપનારા વાલીઓ પોતે ઝઘડવાનું બંધ કરી દે તો?

પોતાની સંતતિઓને વાણીવિવેકની શીખ આપનારાં દંપતીઓ જાતે વાણીવિવેકનો બંધ ન ઓળંગે તો?

પોતાના કર્મચારીઓને સમયસર કામે આવવાની શીખ આપનારા શેઠિયાઓ સ્વયં સમયસર આવે તો?

ખરેખર, શબ્દોનું સામ્રાજ્ય વર્તનની આગળ ઘણું વામણું પુરવાર થાય છે. આ મર્મને સમજનાર માટે જીવન કેટલું સરળ બની રહે!

શુદ્ધ ભાવના હોવી જરૂરી

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક વખત સ્વામી વિવેકાનંદજી રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. જે રસ્તે જઈ રહ્યા હતા ત્યાં એક મંદિરનું બાંધકામ ચાલતું હતું. ત્યાં એક કારીગરને કામ કરતો જોયો. સ્વામી વિવેકાનંદજી તેની પાસે ગયા અને પૂછ્યું, 'શું કરો છો?' પેલો કારીગર કહે, 'દેખતા નથી? ગધેડાની જેમ મજૂરી કરીએ છીએ. આખો દિવસ મહેનત કરીએ તોય પૂરતી મજૂરી મળતી નથી. કારીગરની આ વેદના સાંભળી તેઓ આગળ વધ્યા ત્યાં બીજો કારીગર મળ્યો. તેને પણ એ જ પૂછ્યું કે,'શું કરો છો?' તે કારીગર કહે, 'આ શિલ્પમાં મારી કળાને કંડારું છું.' ત્યાંથી આગળ વધતાં ત્રીજો કારીગર મળ્યો. તેને પણ આ જ પ્રશ્ન પૂછ્યો કે, 'શું કરો છો?' તે કહે, 'ભગવાનની ભક્તિ કરું છું.'

કહેવાય છે કે 'જીતને વાલે લોગ અલગ કામ નહીં કરતે કિન્તુ હર કામ અલગ ઢંગ સે કરતે હૈં.' એ અલગ ઢંગ એટલે કાર્ય કરવા પાછળની ભાવના.

ઉપરોક્ત પ્રસંગમાં કામ કરનારા ત્રણેય કારીગર મજૂરી જ કરી રહ્યા હતા, પરંતુ કાર્ય કરવાની ભાવનાઓમાં તફાવત હતો. તેના પરિણામે કાર્ય કરવાથી પ્રાપ્ત થતા આનંદમાં પણ ફેર પડી ગયો.

પૂજ્ય મહંતસ્વામી મહારાજ ઘણી વખત જણાવે છે કે, 'જીવન એ ભાવના છે. જો ભાવના ન હોય તો જીવન મશીન જેવું બની જાય છે.'

પહેલો કારીગર ફક્ત હાથથી જ કામ લેતો હતો એટલે એને દરેક ક્રિયા મજૂરી લાગી. જ્યારે બીજો કારીગર હાથ અને બુદ્ધિ વડે કામ લેતો હતો એટલે એને કામથી સંતોષ હતો, પરંતુ ત્રીજો કારીગર હાથ, બુદ્ધિ અને હૃદય(ભાવના)થી કામ કરતો હતો, તેથી જ તેને આ કાર્યમાં મોટાં ભાગ્ય મનાયાં હતાં.

સાચી ભાવના સારા કાર્યની પ્રેરણા આપે છે અને સારા કાર્યની ગુણવત્તા વધારે છે. મહાપુરુષોનું જીવન આ જ શીખવે છે કે કામ ભલે નાનું હોય, પરંતુ તે કામ શુદ્ધ ભાવનાથી થાય તો નાનું કામ પણ મહાન બની જતું હોય છે.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોની ગાથા આજે વિશ્વફલક ઉપર ગુંજી રહી છે. તેનું એક કારણ છે, તેઓમાં રહેલી કાર્ય કરવા પાછળની શુદ્ધ ભાવના. જેનું વહન તેઓનાં દરેક નાનાં-મોટાં કાર્યોમાં થયેલું જોવા મળે છે. તેમાંનું એક એટલે દુષ્કાળ રાહતકાર્ય.

આપણે સૌ વિદિત છીએ, ૧૯૮૭માં પડેલા ભયંકર દુકાળથી. આ દુકાળમાં મનુષ્યોને જ ખાવાનાં ફાંફા પડેલાં તો મૂંગાં પશુઓનું શું? ભૂખથી તરફડતાં કેટલાંક પશુઓ તો હાડપિંજર બની ગયેલાં. તો કેટલાંક મરતાં પણ હતાં. દુકાળમાં હોમાતાં આ પશુઓને જોઈને તેઓના માલિકો તો વેચી દેવા કકળતા હતા.

જેમાંના એક નાનીબોરુ ગામના કેશુભાઈએ તો પ્રમુખસ્વામી મહારાજને કહી પણ દીધેલું કે, 'હવે ઢોરાં વેચી દેવાનો વિચાર છે.'

ત્યારે દુષ્કાળ રાહતનો મોભ ઊંચકનારા પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે, 'આપણે કોઈ ઢોર વેચવાં નથી. તમે ઢોર મંદિરમાં મૂકી જજો. ગામમાં પણ આવા કોઈ હોય તો વાત કરજો. આવતી સાલ ખેતીમાં કામ લાગે એવાં રાખવાં છે.'

પ્રમુખસ્વામી મહારાજનો કાર્ય કરવા પાછળનો ઈરાદો ઢોરોને પાલવવાનો નહીં, પણ પોષવાનો રહેતો. ઢોર જીવી જાય એટલું પૂરતું નહીં, પણ તે આવતા વર્ષે ખેતી માટે ઉપયોગી બને તેવાં સશક્ત બની રહેવાં જોઈએ. આ ઈરાદા સાથે તેઓ રાહતકાર્યમાં પ્રવૃત્ત થયેલા. સમાજસેવાની કેવી ઉદાત્ત ભાવના!

આ ઉદાત્ત ભાવનાના પરિણામે જ અબોલ પશુઓને દુકાળમાં સુકાળ થાય તે હેતુથી તેઓએ ચાર-ચાર 'પશુ કલ્યાણ કેન્દ્રો' સર્જી દીધેલાં.

તેઓની આ શુદ્ધ ભાવનાને અનુભવી હતી કલેક્ટરશ્રી રવિ સક્સેનાએ. સંતો અને કાર્યકરો દ્વારા થતી સંભાવનાથી હૃષ્ટપુષ્ટ પશુઓને જોઈ તેઓશ્રી બોલેલા કે, 'આ બધામાંથી એકેય ઢોર દુકાળનું લાગતું નથી. કામગીરી તો સરકારી રીતે પણ ચાલે છે, પરંતુ જેમાં પ્રેમ અને ભક્તિનો સમાવેશ છે ત્યાં જુદો પ્રકાશ દેખાય. એ વાત મને અહીં જોવા મળી.'

આપણે પણ આપણું નાનામાં નાનું કાર્ય શુદ્ધ ભાવનાથી કરીએ અને કાર્યનો ખરો આનંદ લૂંટી શકીએ એ જ અભ્યર્થના.



એ ત્રણેય કારીગર મજૂરી જ કરી રહ્યા હતા, પરંતુ કાર્ય કરવાની ભાવનાઓમાં તફાવત હતો. તેના પરિણામે કાર્ય કરવાથી પ્રાપ્ત થતા આનંદમાં પણ ફેર પડી ગયો

મોટપ નાના થવામાં છે

મનુષ્ય માત્રને મોટપ મેળવવાની ઝંખના રહ્યા કરે છે, પરંતુ સાચી મોટપ શેમાં છે? પ્રત્યેક માનવીએ પોતાની જાતને આ પ્રશ્ન પૂછવા જેવો ખરો. લોકો વધુ સંપત્તિ એકઠી કરવામાં સાચી મોટપ માનતા હોય છે, પરંતુ મરણ પથારીએ પડેલો આવી મોટપ પામનારો નેપોલિયન છ દહાડા પણ સુખના જોઈ શક્યો નહોતો. કેટલાક માન-સન્માન-પ્રતિષ્ઠા જેટલી વધુ તેટલી મોટપ એમ માને છે, પરંતુ આવી મોટપ મેળવનાર માઈકલ જેક્સન 'I am one of the loneliest person on this earth.' કહીને મોતને ભેટ્યા. ઉચ્ચ કારકિર્દી અને આવડતને સાચી મોટપ માનનારો વર્ગ પણ છે, પરંતુ કળા ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરનાર ઈટાલિયન ચિત્રકાર માઈકલ એન્જેલો જીવનના અંતે બોલી ગયા કે, 'આના કરતાં બાક્સ બનાવવાની ફેક્ટરીની અંદર હું બાક્સ બનાવતો હોત તો વધારે સુખી હોત.' એનો અર્થ એ કે દુનિયાના લોકો જેમાં મોટપ માને છે તે સાચી મોટપ નથી. જો સાચી મોટપ ધન-સંપત્તિ-પ્રતિષ્ઠા કે આવડતમાં હોત તો આ સિદ્ધિઓને પામનારાઓના અંતિમ ઉદ્‌ગારો કંઈક જુદા જ હોત.



ડો. અબ્દુલ કલામ મોટા ગજાના વૈજ્ઞાનિક હતા. 'મિસાઈલ મેન' તરીકે પ્રખ્યાતિ પામેલા. આવા ઊંચા દરજ્જે હોવા છતાં, વ્યસ્તતાઓની વચ્ચે પણ તેઓએ નાનાં બાળકોનાં મન સાચવી લીધાં

ડો. એ.પી.જે. અબ્દુલ કલામ એક મોટા અભિયાન ઉપર કામ કરી રહ્યા હતા, જેમાં તેઓની સાથે ૭૦ વૈજ્ઞાનિકોની ટુકડી ફાળવવામાં આવી હતી. તેમાંથી એક દિવસ એક વૈજ્ઞાનિકે પોતાના ઉપરી કલામને કહ્યું: 'આપણા શહેરમાં એક પ્રદર્શન આવ્યું છે. મારાં બાળકોને મેં દેખાડવાનું વચન આપ્યું છે, માટે હું સાડા પાંચ વાગ્યે રજા લઈ શકું?' કલામે 'હા' પાડી. વૈજ્ઞાનિક રાજી થઈ પાછા કામે લાગી ગયા, પણ કામ જટિલ હતું એટલે તે સમય ચૂકી ગયા. કામમાં ને કામમાં સાડા આઠ વાગી ગયા. તેમને બાળકો યાદ આવ્યાં. તે કલામ સાહેબને શોધવા માટે ગયા, પણ કલામ ક્યાંય મળ્યા નહીં. પોતાનાં બાળકોને આપેલું વચન પૂરું ન કરી શકવાથી મનમાં દુઃખી થતાં તે ઘેર ગયા. ઘેર તેમણે જોયું તો તેમનાં સંતાનો ઉપસ્થિત નહોતાં. તેમણે આ અંગે પત્નીને પૂછ્યું. પત્ની કહે, 'કલામ સાહેબ તેઓને સાડા પાંચ વાગ્યે પ્રદર્શન જોવા લઈ ગયા છે.' વૈજ્ઞાનિક તો આ સાંભળીને આશ્ચર્ય ચકિત થઈ ગયા.

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ડો. એ.પી.જે. અબ્દુલ કલામ મોટા ગજાના વૈજ્ઞાનિક હતા. 'મિસાઈલ મેન' તરીકે પ્રખ્યાતિ પામેલા. આવા ઊંચા દરજ્જે હોવા છતાં, પોતાના કામની વ્યસ્તતાઓની વચ્ચે પણ તેઓએ નાનાં બાળકોનાં મન સાચવી લીધાં. કલામની આવી નમ્રતા તે બાળકોના અને તે વૈજ્ઞાનિકના હૈયામાં અધિક પ્રેમ અને આદર પ્રગટાવી ગઈ. 'નમ્ર થવું, સેવક થવું' એ જ સાચી મોટપ છે. એ જ ઊંચા થવાની સાચી રીત છે.

તારીખ ૧૪-૫-૧૯૯૫ના રોજ પ્રમુખસ્વામી મહારાજ મોટપની સાચી દિશા સૂચવતાં બોલ્યા હતા કે, 'મોટપ નાના થવામાં છે.' એકવાર યુવકોએ તેઓને પૂછેલું કે, 'સ્વામી! તમને શું થવું ગમે?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજ ક્ષણનાય વિલંબ વિના બોલ્યા હતાઃ 'સેવક.' તેઓ ફક્ત બોલ્યા જ નથી, પરંતુ તેઓની નસેનસમાં નમ્રતા વહેતી હતી.

ઈ.સ. ૧૯૬૮નું વર્ષ પ્રમુખસ્વામી મહારાજની નમ્રતાનું સાક્ષી બન્યું. પ્રમુખસ્વામી મહારાજ કલકત્તામાં વિરાજમાન હતા. તે રોકાણ દરમિયાન નારાયણપ્રસાદ સ્વામીનાં ચિત્રોનું પ્રદર્શન હતું. બંગાળના પ્રસિદ્ધ સાહિત્યકાર તારાશંકર બંદોપાધ્યાય પણ ઉપસ્થિત રહેવાના હતા. સ્વામિનારાયણ પરંપરા પ્રમાણે સંતો જોડમાં જ વિચરણ અર્થે જઈ શકે. તે મુજબ નારાયણપ્રસાદ સ્વામી પ્રદર્શનમાં જવા માટે કોઈક સંતને શોધી રહ્યા હતા. બધા જ સંતો સેવાઓમાં વ્યસ્ત હતા. આથી કોઈ આવી શકે એમ હતું નહિ. એવામાં પ્રમુખસ્વામી મહારાજ તેઓની જરૂરિયાત પામી ગયા અને બોલ્યા કે, 'ચાલો, હું તમારી જોડમાં આવું!' સંસ્થાના પ્રમુખને પોતાની જોડમાં આવવા માટે તૈયાર થયેલા જોઈ નારાયણપ્રસાદ સ્વામી નતમસ્તક બની ગયા.

પ્રમુખસ્વામી મહારાજ વિશ્વવંદનીય સંતવિભૂતિ બન્યા, તેના મૂળમાં તેઓની નમ્રતા છે. આપણે જરૂરિયાતમંદોને મદદ કરવામાં નાનપ તો નથી અનુભવતાને! કારણ કે સાચી મોટપ તો લોકોને મદદ કરવામાં છે, લોકોના સેવક થવામાં છે. આપણા નાના નાના પ્રયાસો પણ સામેવાળાના હૃદયમાં આપણું સ્થાન ઊંચું લઈ જાય છે.

આવો, મહાપુરુષોએ આપેલી મોટપની સાચી દિશામાં ચાલી આપણે પણ સાચી મોટપ પામીએ.

નાજુક સંબંધોને સાચવવાની કળા



ડો. કલામે પાંચ વાગ્યે જોયું કે, પેલા વૈજ્ઞાનિક પોતાના કાર્યમાં અત્યંત ડૂબી ગયા છે અને તે પોતાનું વચન ભૂલી જશે. આથી તેઓ પોતે તે વૈજ્ઞાનિકના ઘેર જઈ તેનાં બાળકોને પ્રદર્શન જોવા લઈ ગયા

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક મોટા અભિયાન પર ૭૦ વૈજ્ઞાનિકોની ટુકડી કાર્ય કરી રહી હતી. તેમાંના એક વૈજ્ઞાનિકે એક દિવસ તેના ઉપરી વૈજ્ઞાનિકને વાત કરી કે, 'આપણા શહેરમાં એક પ્રદર્શન આવ્યું છે, મારાં બાળકોને મેં તે દેખાડવાનું વચન આપ્યું છે. માટે સાડા પાંચ વાગ્યે રજા લઈ શકું?' આ સાંભળી તે ઉપરી અધિકારીએ 'હા' પાડી. પેલો વૈજ્ઞાનિક ફરી પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયો. તેનું કાર્ય જટિલ હતું, આથી તે પ્રવૃત્તિમાં ગળાડૂબ થઈ કાર્ય કરવા માંડ્યો. જોતજોતાંમાં રાત્રિના ૮-૩૦ વાગી ગયા અને તેને બાળકોને આપેલું વચન યાદ આવ્યું. આથી તે મનમાં દુઃખી થતો ઘેર ગયો. મનમાં ખેદ લઈને ઘેર આવેલા તે વૈજ્ઞાનિકને તેની પત્નીએ પૂછ્યું 'કોફી લેશો?' 'હા'. તેણે ઘરમાં બાળકોનો કિલકિલાટ સંભળાયો નહીં, આથી તેણે પૂછ્યું કે, 'બાળકો ક્યાં ગયાં?' ત્યારે તેની પત્નીએ કહ્યું કે, 'તમારા ઉપરી અધિકારી આવ્યા હતા અને તેઓને પ્રદર્શન જોવા લઈ ગયા છે.' આ સાંભળી પેલો વૈજ્ઞાનિક અચંબિત થઈ ગયો. આ વૈજ્ઞાનિકના ઉપરી અધિકારી એટલે ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ.

ખરેખર કહેવાયું છે 'leadership is people more than projects' અર્થાત્ નેતૃત્વ એ છે કે જેમાં કામથી વિશેષ વ્યક્તિની ગણતરી હોય.

ડૉ. કલામે પાંચ વાગ્યે જોયું કે, પેલા વૈજ્ઞાનિક પોતાના કાર્યમાં અત્યંત ડૂબી ગયા છે અને તે પોતાનું વચન ભૂલી જશે. આથી તેઓ પોતે તે વૈજ્ઞાનિકના ઘેર જઈ તેનાં બાળકોને પ્રદર્શન જોવા લઈ ગયા.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૧૯૬૮ની સાલમાં ગુરુ યોગીજી મહારાજની સાથે કોલકાતા સત્સંગાર્થે પધાર્યા હતા. આ સંતમંડળના એક સંત પૂ. નારાયણપ્રસાદ સ્વામીએ આધ્યાત્મના મર્મને ગૂંથતાં આધુનિક કલાક્ષેત્ર (મોડર્ન આર્ટ)ની શૈલીનાં ચિત્રો દોર્યાં હતાં, જેનું પ્રદર્શન 'યુનાઈટેડ કોમર્શિયલ બેંક'ના વાતાનુકૂલિત ખંડમાં ગોઠવાયેલું. એકવાર આ પ્રદર્શનની મુલાકાતે બંગાળના પ્રસિદ્ધ સાહિત્યકાર તારાશંકર બંદોપાધ્યાય આવવાના હતા. તે સમયે પ્રદર્શન ખંડમાં ઉપસ્થિત રહેવા માટે ચિત્રકાર સંતને જોડિયા સંતની જરૂર પડી. (નિયમ અનુસાર સ્વામિનારાયણના સંતો ક્યાંય એકલા ન જઈ શકે.) તે વખતે સંતો ઓછા. વળી, દરેકને માથે કંઈક ને કંઈક કામની જવાબદારી. તેની 'સાથે આવવા કોને કહેવું?'ની દ્વિધામાં તેઓ અટવાતા હતા. મનમાં ઉદ્વેગ વધતો હતો કે, 'પ્રદર્શનમાં સમયસર નહીં પહોંચાય તો?' તેઓની આ વ્યગ્રતા પ્રમુખસ્વામી મહારાજ પામી ગયા, કારણ કે ચહેરાઓને વાંચવાની તેઓની ફાવટ અનેરી હતી, તેથી તેઓએ તે સંતને કહ્યું: 'ચાલો, હું તમારી જોડમાં આવું!'

તેઓની આ વિનમ્રતા અને સરળતાથી પેલા ચિત્રકાર સંત સ્વયં ચિત્રવત્ બની ગયા! કારણ કે સ્વામીશ્રી સંસ્થાના પ્રમુખ હોવાના કારણે સૌથી વધુ કામ તો તેઓને માથે હતાં. વહેલી સવારથી મોડી રાત સુધી તેઓ સેવામાં ગળાડૂબ રહેતા. છતાં તેઓએ મદદ માટે હાથ લંબાવી દીધોલો! પણ આવા મોટા સંતને જોડમાં લઈ જવાય? સંતપ્રધાન પાસે પટાવાળાનું કામ કરાવાય? આમ કરવા માટે પેલા સંતનો જીવ ચાલ્યો નહીં, પરંતુ જોડના સંત તરીકે જવાની સ્વામીશ્રીની તત્પરતાથી તેઓની એક અજોડ સંત તરીકેની છાપ સૌનાં કાળજે કોતરાઈ ગઈ.

ઘણીવાર માણસ પોતાનામાં એટલો બધો ડૂબેલો રહે છે કે એ બીજાને સમજી નથી શકતો. ફળસ્વરૂપે, માણસ લૌકિક સફળતા પામ્યા પછી પણ માનવીય સંબંધોમાં નિષ્ફળ જાય છે.


પણ મહાપુરુષો આપણને સમજાવે છે કે, હંમેશાં કામ કરતાં વ્યક્તિને અગ્રતા ક્રમ આપવો જોઈએ. આપણે જો આપણા ઘરમાં તપાસ કરીશું તો મહદંશે આપણા ઝઘડાઓના મૂળમાં હશે ક્ષતિયુક્ત માનવીય સંબંધો. ઘણી વખત આપણું આપણાં જીવનસાથી કે સંતાનો સાથેનું અંતર એટલું બધું વધી જાય છે કે, જ્યારે પણ આપણે તેઓને મળીએ છીએ ત્યારે તે મેળાપનો અંત ઝઘડાથી થાય છે. કદાચ બધી વખત ઝઘડો નથી થતો તો પણ તેઓને આપણા સાંનિધ્યમાં આનંદ તો નથી જ આવતો. આવા અનિચ્છનીય પરિણામનું મૂળ શોધવાનો જો આપણે પ્રયત્ન કરીશું તો આપણને ખ્યાલ આવશે કે મોટેભાગે આપણે તેઓને તેઓની નાજુક પળોમાં સમજી નથી શક્યા અથવા તેઓને સમજવા માટેનો પ્રયત્ન નથી કર્યો. ક્યારેક તેઓને આપણે પૂરતો સમય નથી આપ્યો તો ક્યારેક આપણે તેઓને પ્રેમ આપવામાં ઊણા ઊતર્યા છીએ. ટૂંકમાં, આપણે માનવીય સંબંધોના જતન માટે જાગૃત નથી રહ્યા. તો આવો, આપણે મહાપુરુષોના જીવનમાંથી આ ગુણને આપણા જીવનમાં ચરિતાર્થ કરીએ.

દીકરાના ઉછેર ઉપર જ ધ્યાન આપ્યું.
આ ફિલ્મ માતાના સંતાન માટેના
ત્યાગને દર્શાવે છે. ફિલ્મમાં
કાજોલ લીડ રોલમાં છે.





ઓળખનું ગૌરવ



જેમને સત્ય અને અસત્ય એવાં બે મહોરાંઓ નથી, એમને ખાનગી કે જાહેર જીવનની ચિંતા નથી, તેઓ નિશ્ચિંત બનીને પોતાનું જીવન પસાર કરી શકે છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગ દરમિયાન એક પ્રશ્ન પૂછ્યો. 'બાળકો! તમે મોટાં થઈને કોના જેવા બનવા માગો છો?' વિદ્યાર્થીઓના જવાબમાં સેલિબ્રિટીઓની હારમાળા રજૂ થવા લાગી. નેતા, અભિનેતા, સ્પોર્ટ્સમેન, વૈજ્ઞાનિક વગેરે આદર્શોનાં નામની ઘોષણા કરી બાળકોએ પોતાનાં સપનાંઓ જાહેર કર્યાં. પોતાના રોલમોડલની જાહેરાત કરતાં તેઓના નાજુક નમણા મુખારવિંદ પર અલગ ચમક જણાતી હતી. તે વખતે એક બાળક શાંત બેઠો હતો. શિક્ષકે કુતૂહલવશ થઈ તેને પ્રશ્ન પૂછ્યો, 'હેન્રી! તારે મોટા થઈને કોના જેવા બનવું છે?' આ નાનકડા બાળકે જે જવાબ આપ્યો તેમાં કદાચ તેના બાળમિત્રોને તો કંઈ સમજાયું નહીં હોય, પણ તેના ઉત્તરમાં છુપાયેલા ગૂઢાર્થથી શિક્ષક આવક થઈ ગયા. તે બાળકે કહ્યું, 'Sir! I want to become me. I want to become Henry David Thoreau.' અને તે બાળક વિશ્વનો મહાન લેખક, ચિંતક, કવિ અને ફિલોસોફર 'હેન્રી ડેવિડ થોરો' બન્યા! આ દુનિયામાં ભગવાને દરેક વ્યક્તિને અજોડ બનાવી છે. પોતાના અસ્તિત્વ પર સેલિબ્રિટીઓનાં મહોરાં ચઢાવવામાં વ્યક્તિ પોતાની સ્વતંત્ર ઓળખ ગુમાવી બેસે છે.

પ્રત્યેક વ્યક્તિ કંઈક બનવા માંગે છે. જીવનમાં કોઈક રોલમોડલ હોય એ સારી વાત છે, પરંતુ ઘણીવાર એના જેવા બનવાના બદલે એના જેવા દેખાવાની હોડને લીધે માણસ દંભી બની જતો હોય છે. આપણે વાસ્તવિકતામાં જે છીએ તે હોવા ઉપર આપણને ગર્વ હોવો જોઈએ. અહીં મહાન પુરુષોના સદ્‌ગુણમય જીવનમાંથી પ્રેરણા લેવાની વાતને નકારતા નથી, પણ માત્ર કોઈની પદ-પ્રતિષ્ઠા કે માન-મરતબો જોઈ, તેના વ્યક્તિત્વને પોતાના અસ્તિત્વ પર હાવી ન થવા દેવાની વાત છે.

પોતાના ગુરુજી યોગીજી મહારાજના દેહત્યાગ પછી સંસ્થાના ગુરુપદે અને પ્રમુખપદે પ્રમુખસ્વામી મહારાજ આવ્યા તે અરસાની વાત છે. પ્રમુખસ્વામી મહારાજની સહજ ગંભીર પ્રકૃતિ, શાંત અને સ્થિર. એક વ્યક્તિએ તેઓને સૂચન કરતાં કહ્યું, 'તમારે ગુરુની જેમ ધબ્બા મારવા જોઈએ, તેમની જેમ તમારે તાળીઓ પાડવી જોઈએ. તે સમયે સ્વામીજીના નિર્દંભ વ્યક્તિત્વમાંથી નીકળેલ પ્રત્યુત્તર આપણા સૌ માટે પ્રેરણાદાયક છે.' 'એ તો યોગીજી મહારાજની રીત હતી. મારી તેવી રીત નથી એટલે હું શું યોગીબાપાની નકલ કરું? હું જેવો છું તેવો છું, મને કોઈની નકલ કરતા નથી આવડતું, મારામાં જે ન હોય તે ઉપજાવીને કરવાનું મને ન ફાવે.' એક પ્રસંગે તો ૧૯૯૦માં સ્વામીશ્રીએ કહ્યું હતું, 'મને દંભ પહેલેથી ગમતો નથી.' ન હોય તેવું ઉપજાવીને છાપ પાડી દેવી, કોઈને આંજી દેવા, દંભ કરવો તેવી પ્રકૃતિ તેઓમાં લેશમાત્ર જોવા ન મળે. તેઓના જીવનમાં સચ્ચાઈ હતી, નિર્દંભતા હતી, નિખાલસતા હતી અને એટલે જ તેમનું જીવન સૌ કોઈના હૃદયને સ્પર્શતું હતું. અમેરિકાના તમામ વર્તમાનપત્રોની રવિઆવૃત્તિ એસોસિએશનના અધ્યક્ષ અને 'ફિલાડેલ્ફિયા ઈન્ક્વાયરર'ના તંત્રી શ્રી રોનાલ્ડ પટેલે ૧૮ સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ એડિશનમાં ચિક્કાર સભાને સંબોધતા કહ્યું હતું, 'એક જર્નાલિસ્ટ તરીકે મેં પ્રમુખસ્વામી મહારાજને કેટલાય અટપટા પ્રશ્નો પૂછ્યા, પરંતુ બધી જ વખતે બધા જ પ્રશ્નોના ઉત્તરમાં જે વસ્તુ બહાર ઊઠી આવી છે, તે છે પ્રમુખસ્વામીના આત્માની પવિત્રતા, નિર્મળતા. તમે એમને ગમે ત્યારે પ્રશ્ન પૂછો, ગમે તે પ્રશ્ન પૂછો, ઉત્તર એકદમ પવિત્ર! ઉત્તરોમાં પ્રસિદ્ધિનો આશય નહીં' વર્તનમાં કે વાણીમાંય આડંબરનો અંશ નહીં. બનાવટનું મહોરું નહીં. એટલે જ એમના જીવનનું સત્ય સૌને પ્રભાવિત કરે છે.

જેમને સત્ય અને અસત્ય એવાં બે મહોરાંઓ નથી, એમને ખાનગી કે જાહેર જીવનની ચિંતા નથી. તે નિર્ભય અને નિઃશંક થઈને જિંદગીનો ઉલ્લાસ માણી શકે છે અને કોઈનું મહોરું પહેરવાનો પ્રયત્ન કરનારની દશા કરુણ થઈ જાય છે. આપણા પગમાં '૭' નંબરનો જોડો ફિટ થતો હોય અને '૯' નંબરના ચંપલમાં આખી જિંદગી પગ નાંખીને ફરીએ તોય તે સેટ નહીં થાય, પણ આપણે 'અપસેટ' થઈ જઈશું. માટે ભગવાને આપણને જે અજોડ ઓળખ આપી છે તેને શોધીએ, જાણીએ અને તે અનુસાર આગળ વધીએ તેમાં શાણપણ રહેલું છે. આવો, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવે તેમના પગલે ચાલીએ. દ્વિમુખી વ્યક્તિત્વને છોડી પોતાની આગવી ઓળખનું ગૌરવ લઈએ. નિર્દંભ, સત્ય અને નિખાલસ જીવનનો આનંદ માણીએ.

મહાપુરુષો શીખવે છે



આ આળસરૂપી દુર્ગુણને આપણે સમૂળો મિટાવી શકીએ? જવાબ છે હા. જેનો એક અસરકારક ઉપાય છે મહાપુરુષોનાં જીવન તરફ નજર. મહાપુરુષો એટલે જ સફળ છે કેમ કે એમની અંદર આળસ નથી

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આ જે કોલેજનો છેલ્લો દિવસ હતો. નયનને કોલેજમાં જવાની ઉતાવળ હતી. અરીસામાં જોઈને તે સહેજ મલકાયો, કારણ કે આવતી કાલથી તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ડોઈચ બેંકમાં ઈન્વેસ્ટમેન્ટ વિભાગમાં જોડાવાનો હતો. જેનું વાર્ષિક પેકેજ હતું ૬ લાખ રૂપિયાનું! માતા-પિતા પણ ગર્વભેર નયનને જોઈ રહ્યાં. નયને ઘરનું બારણું ખોલ્યું અને હેલ્મેટ લેવાનું યાદ આવ્યું. તેણે વિચાર્યુંઃ 'જવા દે, ચાલશે. પાછું રૂમમાં ક્યાં જવું? એક દિવસમાં શું વાંધો આવશે?' નીચે આવી બાઈકને કિક મારી તે સડસડાટ ઊપડ્યો. બાઈક હાઈવે પર આવી. એક ગાડીને ઓવરટેક કરી, પછી બીજી, ત્રીજી. ત્યારબાદ એક ખટારાને ઓવરટેક કરવા જતાં તે સાઈડમાંથી નીકળ્યો, પણ બેલેન્સ ગુમાવતાં તે બાઈક પરથી ફંગોળ્યો અને તેનું માથું ફૂટપાથની ધાર પર જોરદાર અથડાયું. એ હોનહાર યુવાનનો જીવનદીપ ત્યાં જ બુઝાઈ ગયો! તેનાં માતા-પિતાનો આશાદીપ પણ જાણે ત્યાં જ આથમી ગયો. નયનને 'ચાલશે'ની ભારે કિંમત ચૂકવવી પડી. ખરેખર, આળસ કલાકોમાં નથી હોતી, સેકન્ડમાં જ હોય છે, પરંતુ તેની સજા જિંદગીભરની હોય છે. તેથી જ તે જીવતા માણસની ચિતા સમાન છે. મહાભારતમાં કહ્યું છેઃ 'સુખં દુખાન્તમાલસ્યમ્' આળસ સુખદ લાગે છે, પણ તેનો અંત દુઃખદ હોય છે.

એક શેઠનો ગુમાસ્તો પેઢીના આડતિયોને કામ સંબંધી કાગળ લખતો. એકવાર દીવામાં દિવેલ ખૂટી ગયું અને દીવો ઝાંખો પડી ગયો. આ જોઈ કો'ક બોલ્યું કે દીવામાં દિવેલ ખૂટી ગયું છે અને ગુમાસ્તાએ લખતાં લખતાં એ પણ લખી નાખ્યું! વળી, રોજના ક્રમ પ્રમાણે તે કાગળ લખ્યા બાદ વાંચી જતો, જેથી ભૂલચૂક સુધારી શકાય, પણ આજે તેની આળસે 'ચાલશે, આજે નહીં વાંચું તો. રોજ તો લખું છું, બધું બરાબર જ હોય છે' એમ સંકજામાં લીધો. કાગળ આડતિયાના હાથમાં પહોંચ્યો. તેણે વાંચ્યું કે દીવામાં દિવેલ નથી અને તેને વિચાર આવ્યો કે ગુમાસ્તાએ પોતાના શેઠની આર્થિક નબળાઈ આમ સાંકેતિક ભાષામાં લખી છે, પણ મને છૂપી ચેતવણી આપી છે. તેણે તરત અન્ય લેણદારોને વાત કરી, શેઠ પાસેથી પોતપોતાના પૈસા પાછા લેવડાવી દીધા. જોતજોતાંમાં બજારમાં આ વાત ફેલાઈ. જે લોકોએ શેઠને ત્યાં વ્યાજે પૈસા મૂક્યા હતા તે પણ આવ્યા અને પૈસા ઉપાડી ગયા. આમ, ગુમાસ્તાની 'ચાલશે' વૃત્તિએ મોટો તગાદો કરતાં શેઠને દેવાળું ફૂંકાવી દેવડાવ્યું!

પરંતુ પ્રશ્ન એ થાય કે આ આળસરૂપી દુર્ગુણને આપણે સમૂળો મિટાવી શકીએ? જવાબ છે હા. જેનો એક અસરકારક ઉપાય છે મહાપુરુષોનાં જીવન તરફ નજર.

ગાંધીજી હોય કે સરદાર પટેલ, અબ્રાહમ લિંકન હોય કે અબ્દુલ કલામ. પોતપોતાના ક્ષેત્રમાં ઊર્ધ્વ તરફ ડગ માંડતા આ મહાપુરુષો પોતાના પ્રત્યેક પગલે આળસને ખંખેરતા જ રહ્યા છે. મહાન સંત પ્રમુખસ્વામી મહારાજનું એક વિધાન ખરેખર યાદ રાખવા જેવું છે. તેઓ ઘણીવાર કહેતાઃ 'હમણાં કરવાનું કામ એક મિનિટ પછી કરો, તે પણ આળસ જ છે.'

એકવાર સ્વામીજી પત્રલેખન કરી રહ્યા હતા. એક પછી એક પત્રો લઈ, વાંચી અને તેનો જવાબ લખી રહ્યા હતા. બધા પત્રોનો જવાબ અપાઈ જતાં તેઓએ પેનનું ઢાંકણું બંધ કર્યું. ત્યાં જ એક સંતે પત્રની બીજી થપ્પી સ્વામીજીના હાથમાં મૂકી. સ્વામીજીએ સસ્મિત પેનનું ઢાંકણું ખોલ્યું અને ફરીથી તેમાં પરોવાઈ ગયા. ચીવટ અને ચોક્સાઈથી સતત એકધાર્યું પત્રલેખન કરી રહેલા સ્વામીજીને નિહાળી અન્ય એક સંતે તેઓને વિનંતી કરી, 'સ્વામીજી, હવે આપ આરામ કરો. પત્રનો જવાબ તો પછી પણ આપશે.' ત્યારે સ્વામીજી કહે, 'પત્ર લખનાર કાગડોળે જવાબની રાહ જોતા હોય અને આપણે બેસી રહીએ એ કેમ ચાલશે? જો અત્યારે આ થપ્પીનો જવાબ નહીં આપું તો આવતી કાલે બીજા નવા કાગળો ઉમેરાશે અને થપ્પી વધુ મોટી થશે. માટે આજનું કામ આજે જ કરી લેવું સારું.'

ખરેખર, મહાપુરુષો પોતાના જીવનમાં આળસને થોડો પણ અવકાશ આપતા નથી. તેથી જ તેઓ સર્વાંગે સફળ રહી શકે છે. તો આવો, આપણે પણ તેઓના પગલે આપણા વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક કે વૈશ્વિક જીવનમાં આળસથી મુક્ત રહીએ એ જ અભ્યર્થના.

ચમત્કારિક શક્તિનો વૈશ્વિક સંદેશ



સિદ્ધાંત એ છે કે, જ્યાં સુધી બીજા પ્રત્યે સુહૃદ ન થઈએ, અનુકૂળ ન થઈએ અને ઘસાઈએ નહીં, ત્યાં સુધી કુસંપરૂપી ગ્રહ આપણી પ્રગતિમાં બાધારૂપ થાય છે, કારણ કે સંપ એ કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિનો આધારસ્તંભ છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આજે સમાજ તરફ એક દૃષ્ટિ માંડીને જોઈએ છીએ ત્યારે અનુભવાય છે કે સર્વત્ર કળિયુગનો કાળો કેર વર્તાઈ રહ્યો છે. આ કળિયુગ એટલે બીજું કંઈ નહીં, પણ બે ભાઈઓ વચ્ચેનો, બે પરિવારો વચ્ચેનો તથા બે રાજ્યો કે રાષ્ટ્રો વચ્ચેનો કુસંપ.

ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને ઉપદેશ આપતાં જણાવેલું કે, 'કુસંપ એ કળિયુગ છે.' આજનો માનવી ચંદ્ર ઉપર પહોંચી જાય છે, પરંતુ પરિવારના સભ્યોના હૃદય સુધી પહોંચી શકતો નથી. મોટા મોટા માલિકો કંપનીની પ્રગતિને આભ સુધી અંબાવવા કર્મચારીઓને ઘસાઈ જવાની પ્રેરણા આપે છે, પરંતુ કર્મચારીઓ માટે પોતે ઘસાઈ શકતા નથી. આજે કોઈ પણ દેશ વિકાસશીલ થવા માટે મશીનો સાથે સાનુકૂળ થઈ જાય છે, પરંતુ પાડોશી દેશો સાથે સાનુકૂળ થઈ શકતા નથી.

પરંતુ સિદ્ધાંત એ છે કે, જ્યાં સુધી બીજા પ્રત્યે સુહૃદ ન થઈએ, અનુકૂળ ન થઈએ અને ઘસાઈએ નહીં, ત્યાં સુધી કુસંપરૂપી ગ્રહ આપણી પ્રગતિમાં બાધારૂપ થાય છે, કારણ કે સંપ એ કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિનો આધારસ્તંભ છે. સંપની ગેરહાજરીમાં પ્રગતિની ઈમારતો ચણી શકાતી નથી.

એટલા માટે શાસ્ત્રોમાં કહેવાયું છે કે, 'સંઘાતો હિ મહાબલમ્' 'સંઘે શક્તિઃ કલૌ યુગે' અર્થાત્ સંપ મહાબળવાન છે, કળિયુગમાં સંઘમાં શક્તિ છે. સદા સંપની સુવાસ પ્રસરાવનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તા. ૧૭-૩-૧૯૯૭ના રોજ દૂર ને દૂર જવા મથતા ગામના બે અગ્રણી જૂથને એકરાગથી રહેવાનો અનુરોધ કરતાં જણાવેલું કે 'આ મોઢાં ગળ્યાં થયાં, હવે પાછાં કડવાં થાય નહીં. જે કાર્ય કરો એ સંપીને કરો.'

અમેરિકન ઉદ્યોગપતિ હેન્રી ફોર્ડ જણાવે છે કે, 'ભેગા થવું તે શરૂઆત છે, ભેગા રહેવું તે પ્રગતિ છે અને ભેગા મળીને કાર્ય કરવું તે સફળતા છે.' આ સંપના સૂત્રને અનુસરનારા ધનકુબેર બિલ ગેટ્સ જણાવે છે કે 'માઈક્રોસોફ્ટ કંપનીને ટોપ ૨૦ બુદ્ધિશાળી સાથીઓ છોડી દે તો કંપનીનું પતન થઈ જાય. મારી મૂડી મારા બુદ્ધિશાળી સાથીદારો છે.' સંપને કારણે આજે સમાજમાં એવાં અનેક ઉદાહરણો મૂર્તિમાન છે કે જ્યાં સંપને લઈને અશક્ય લાગતાં કાર્યો પણ શક્ય થયાં છે. થોડા સમય પૂર્વે અમેરિકાની ધરતી ઉપર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા રચાયેલું અક્ષરધામ, એ સંપનું સીમાચિહ્નરૂપ છે. 'સારા કામમાં સો વિઘ્ન'ના ન્યાયે આ અક્ષરધામના નિર્માણકાર્યમાં અનેક વિઘ્નો આવ્યાં છે. એમાં કેટલાંક વિઘ્નો તો એવાં હતાં કે સામાન્ય વ્યક્તિ તો મનથી હારીને કામ છોડી જ દે. હજુ આ મહામંદિરનું કાર્ય અડધું થયું હશે, ત્યાં જ એક વિઘ્ન એવું આવ્યું કે દોઢસો કારીગરોમાંથી ફક્ત ૨૪ કારીગરો જ કામ પર રહ્યા. આટલા ઓછા કારીગરોથી અક્ષરધામનું નિર્માણકાર્ય પૂર્ણ થવું શક્ય નહોતું. આવા કપરા સંજોગોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભગવાનમાં શ્રદ્ધા અને સંપ શક્તિના બળે આ કાર્યને આગળ ધપાવ્યું. તેઓએ સંતો અને સ્વયંસેવકોને એકસાથે મળીને આ સેવાકાર્યમાં ઝંપલાવવા માટે હાકલ કરી. તેઓને એક વચને ગણતરીના કારીગરો સાથે અમેરિકામાં જ ઉછરીને ત્યાગાશ્રમ ગ્રહણ કરનાર અને ત્યાં રહી સેવા કરનાર દોઢસો જેટલા સંતો સાથે સાડા બાર હજાર ભાઈ-બહેનો સેવામાં જોડાઈ ગયાં. વહેલી સવારથી લઈને મોડી રાત સુધી સમય, સંજોગ કે સુવિધાની પરવાહ કર્યા વગર આ કાર્યકરો સેવા કરતા. સંપ, સુહૃદયભાવ અને એકતાથી મંડેલા આ સ્વયંસેવકોએ જોતજોતાંમાં ઈતિહાસ રચી દીધો. એક સર્વેક્ષણ પ્રમાણે અક્ષરધામ ૨૦૨૭ પહેલાં પૂર્ણ થવું અસંભવ હતું, પણ સંપશક્તિના બળે આ કાર્ય પૂર્ણ થયું ૮મી ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે તા. ૯-૮-૨૦૨૩ના રોજ અક્ષરધામની મુલાકાતે પધારેલા શ્રી ડેનિયલ આર. બેન્સન (જનરલ એસેમ્બલી, ન્યૂજર્સી) આ સંપકાર્યથી પ્રભાવિત થઈને બોલ્યા હતા કે, 'હું માનું છું કે જ્યારે આપણે સંપથી કોઈ પણ કાર્ય માટે એકત્રિત થઈએ છીએ ત્યારે આપણે ધારીએ તે કરી શકીએ છીએ. આ ભવ્ય અક્ષરધામ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ૧૦ વર્ષ પૂર્વે આ અક્ષરધામ મંદિર માત્ર એક સંકલ્પ જ હતો, પરંતુ સૌના સંપ અને ભક્તિભાવથી તે સંકલ્પ આજે આપણી નજર સમક્ષ જ અક્ષરધામમાં પરિવર્તિત થયો છે.'

અક્ષરધામ અમેરિકાની ધરતી ઉપર રચાયેલું સૌથી મોટું મંદિર છે, જે કેવળ ભગવાનમાં શ્રદ્ધા, સંસ્કાર અને સંસ્કૃતિનો જ નહીં, પરંતુ સંપની ચમત્કારિક શક્તિનો વૈશ્વિક સંદેશ પણ આપી રહ્યું છે.

આગળ વધીએ



'લી આયાકોકા' પ્રખ્યાત અમેરિકન કંપની 'ફોર્ડ'ના એન્જિનિયર હતા. ૧૯૨૪ની સાલમાં તેઓ આ કંપનીમાં જોડાયા. તેમના નેતૃત્વ નીચે ફોર્ડ કંપનીએ ખૂબ જ પ્રગતિ કરી. વાર્ષિક ૨ બિલિયન ડોલરનો નફો તેના કાર્યકાળ દરમિયાન ફોર્ડ કંપનીને થતો હતો

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આ નવમાત્રને શાંતિ જોઈએ છે, રાહતનો શ્વાસ લેવો છે. નિરાંત અનુભવવી છે. તેની પ્રાપ્તિ માટે ઘણાં બધાં પરિબળો કામ કરે છે, પણ એક બાબત એવી છે કે જો ધારીએ તો એ આપણા જીવનમાં આજથી જ અમલમાં મૂકી શકીએ અને દુર્લભ શાંતિનો રોકડો અનુભવ કરી શકીએ. એ ગુણ છે 'મનનું મૂકી દેવાનો' કે 'જતું કરવાનો' જેને આપણે 'લેટ ગો' પણ કહીએ છીએ. સમય સંજોગો અનુસાર મૂકી દેવાની, જતું કરવાની ભાવના કેળવવી જરૂરી છે, કારણ કે જીવનમાં બનેલી અમુક ઘટનાઓને આપણે પકડી રાખીએ અને મૂકી ન શકીએ તો દુઃખી આપણે જ થઈએ છીએ.

'લી આયાકોકા' પ્રખ્યાત અમેરિકન કંપની 'ફોર્ડ'ના એન્જિનિયર હતા. ૧૯૨૪ની સાલમાં તેઓ આ કંપનીમાં જોડાયા. તેમના નેતૃત્વ નીચે ફોર્ડ કંપનીએ ખૂબ જ પ્રગતિ કરી. વાર્ષિક ૨ બિલિયન ડોલરનો નફો તેના કાર્યકાળ દરમિયાન ફોર્ડ કંપનીને થતો હતો, પણ ૧૯૭૯ની સાલમાં એવી એક ઘટના બની કે જેણે ઓટોમેકર ઈન્ડસ્ટ્રીમાં હાહાકાર મચાવી દીધો. ફોર્ડ કંપનીના પ્રેસિડન્ટ હેન્રી ફોર્ડ બીજાએ 'લી'ને ઓફિસમાં બોલાવી અકારણ જ કંપનીમાંથી બરતરફ કરી દીધા. પણ શા માટે? જવાબમાં હેન્રી ફોર્ડ એટલું જ કહ્યું કે, 'Sometime you don't like somebody.' ઈર્ષાના કારણે 'લી' પ્રત્યે ઉપજેલા અણગમાનું આ પરિણામ હતું. 'લી'એ ત્યારપછી 'Chrysler' નામની બીજી એક ઓટોમેકર કંપનીનું સુકાન સંભાળ્યું, પણ તે અરસામાં આ કંપની ફડચામાં ઘૂસી ગઈ હતી, પણ 'લી' આયાકોકાએ પોતાની સૂઝબૂઝ અને વહીવટી કુનેહથી આ કંપનીને બેઠી કરી એટલું જ નહીં, ૧૪ વર્ષના સમયગાળામાં તેણે ક્રાઈસ્લર કંપનીને ૨.૪ બિલિયન ડોલર્સથી વધુ રૂપિયાનો નફો કમાતી કરી દીધી.

પરંતુ વ્યવહારિક જીવનમાં ભવ્ય સફળતાઓ હાંસલ કરનાર લી આયાકોકા વ્યક્તિગત જીવનની કરુણતા વર્ણવતા પોતાની આત્મકથામાં લખે છે કે આજે પણ જ્યારે હું ફોર્ડમાં થયેલા મારા અપમાનને યાદ કરું છું અને મારી રાતની ઊંઘ ઊડી જાય છે. 'લી' પાસે સત્તા, પ્રતિષ્ઠા, બુદ્ધિ બધું જ હતું, પણ જો અંતરમાં રહેલી અપમાનની એ પળને ભૂલી શક્યા નહીં. ગાંઠને મૂકી શક્યા નહીં તો કોર્પોરેટ જગતમાં સિદ્ધિના શિખરે હોવા છતાં વ્યક્તિગત જીવનમાં નિરાશાની ગર્તામાં ડૂબેલા હતા. આ દુનિયામાં કોઈ આપણું અપમાન કે તિરસ્કાર કરે તો સ્વાભાવિક છે કે માણસના હૃદયને ધક્કો લાગી જાય, પરંતુ કરુણતા એ છે કે, એણે તો એક જ વખત અપમાનનો તમાચો માર્યો હોય, પણ માણસ તેને યાદ કરી કરીને વારંવાર પોતાની જાત પર તમાચા મારે છે અને દુઃખી થાય છે. જો આપણે અપમાનને ગળી જઈએ અને મનથી મૂકી દેવાનું નક્કી કરી લઈએ તો પરિસ્થિતિ બદલાઈ જાય છે. પૂર્વે બનેલી આવા પ્રકારની ઘટનાઓને વારંવાર યાદ કરી સતત દુઃખી થવાની મનોવૃત્તિની અસર આપણાં શરીર અને મન પર પણ ખરાબ રીતે થાય છે.

એટલે જ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સુખી જીવનનો ઉપાય બતાવતા કહેતા 'જતું કરવું', મનનું મૂકી દેવું, અપમાન ગળી જવું. એ મહાનતાનું લક્ષણ છે. ૧૯૮૫ની સાલમાં લંડનના QPR સ્ટેડિયમમાં પ્રમુખસ્વામી મહારાજનું ભવ્યતા અને દિવ્યતાથી સન્માન થયું, પરંતુ આ સત્કાર સમારંભ પૂર્ણ કરીને તેઓ જ્યારે પોતાના ઉતારે પરત ફર્યા અને ભોજન અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે એક ત્રાહિત વ્યક્તિએ અણસમજથી સ્વામીશ્રી સમક્ષ બેફામ ન કહેવાના શબ્દો કહ્યા. આજુબાજુ ઉપસ્થિત સૌ કોઈ રોકવા, વળતો જવાબ આપવા તત્પર થઈ ગયા, પણ સ્વામીશ્રીએ સૌને રોકી તેનો ઊભરો ઠાલવી દેવા જણાવ્યું. જ્યારે પેલો વ્યક્તિ તથ્યરહિત અપમાનની ઝડી વરસાવી થાક્યો ત્યારે પ્રમુખસ્વામી મહારાજે પ્રેમથી એટલું જ કહ્યું, 'એમને જમાડીને મોકલજો.' આ હતું સત્પુરુષનું વલણ.

પાણીના ગ્લાસનું વજન ઝાઝું ન હોય, પરંતુ તેને એક કલાક સુધી એ જ પરિસ્થિતિમાં એ જ હાથે પકડી રાખીએ તો! વજન એટલું જ છે પણ પીડા વધારી દે છે. શાણપણ તેમાં જ છે કે મૂકી દઈએ. એમ જીવનના નાના-મોટા 'ઘા'ને યાદ કરી તાજા કરવા કરતાં ભૂલીને આગળ વધીએ.

આપણે આનંદમય જીવન જીવીએ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક શેઠને પોતાના નોકર પર ખૂબ પ્રેમ હતો. નોકર પાસે કામ કરાવે, પણ સાથે સાથે નોકરનું ધ્યાન પણ રાખે. એકવાર સાંજના સમયે નોકર ખેતરમાંથી કામ કરીને થાક્યોપાક્યો ઘેર આવ્યો. શેઠે એને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, 'મેં તારા માટે એક તરબૂચ રાખ્યું છે. ચાલ હું તને તેની ચીરીઓ કરીને આપું.' શેઠે નોકરને એક ચીર ખાવા માટે આપી અને પછી પૂછ્યું, 'કેવી લાગી?' પેલા નોકરે કહ્યું, 'માલિક, બહુ જ મીઠી છે. મારી અત્યાર સુધીની જિંદગીમાં આવું મીઠું તરબૂચ મેં ક્યારેય ખાધું નથી.' સાંભળી શેઠ એક પછી એક ચીર કરી કરીને નોકરને આપતા ગયા અને નોકર પણ વખાણ કરતો કરતો ખાતો ગયો. શેઠના હાથમાં છેલ્લી ચીર હતી. બહુ વખાણ સાંભળ્યા એટલે શેઠને તરબૂચ ચાખવાની ઈચ્છા થઈ. તેઓએ જેવી આ ચીર પોતાના મોઢામાં નાંખી અને તરત જ થૂ થૂ કરતાં બહાર ફેંકી દીધી. નોકરને કહ્યું, 'આ તો કોઈ પણ જાતના સ્વાદ વગરની છે અને આમાંથી વિચિત્ર વાસ પણ આવે છે. તો પછી તું કેમ ખોટાં વખાણ કરતો હતો.'

નોકરે કહ્યું, 'માલિક, હું તરબૂચનાં નહીં, પરંતુ આપની લાગણી અને પ્રેમનાં વખાણ કરતો હતો. તરબૂચ ભલેને સ્વાદ વગરનું હોય પણ તમારા હાથના સ્પર્શથી એ મીઠું થઈ જતું હતું. તમે મને ઘણીવાર ઘણું બધું સારું ખવડાવ્યું જ છે, તો હવે હું આ એક સામાન્ય તરબૂચને કેમ કરીને ખરાબ કહી શકું?'

રોજ પ્રેમથી રસોઈ બનાવીને જમાડનારી પત્ની કે માની રસોઈ જો ક્યારેક સ્વાદ વિહોણી લાગે તો એ બનાવતી વખતની લાગણી અને પ્રેમને યાદ કરજો, રસોઈનો સ્વાદ જ બદલાઈ જશે.



રોજ પ્રેમથી રસોઈ બનાવીને જમાડનારી પત્ની કે માની રસોઈ જો ક્યારેક સ્વાદ વિહોણી લાગે તો એ બનાવતી વખતની લાગણી અને પ્રેમને યાદ કરજો, રસોઈનો સ્વાદ જ બદલાઈ જશે

વ્યક્તિની ભાવનાને સમજીને એ પ્રમાણે વ્યવહાર કરવો, એ માણસની માણસાઈનું એક મહત્ત્વપૂર્ણ પરિમાણ હોય છે. મહાપુરુષોના જીવનમાં આ ગુણ અવશ્ય જોવા મળે છે.

તા. ૧૮-૪-૧૯૭૭ના રોજ સૂર્યગ્રહણ હતું. આ દિવસે સૂર્યોદયથી વેધ લાગી જવાનો હતો. તેથી પ્રમુખસ્વામી મહારાજે આખો દિવસ ઉપવાસ કરવાનું નક્કી કરી લીધેલું. વેધ પહેલાં જમી લેવાની કોઈ તજવીજ તેઓએ કરી નહોતી. તેમ છતાં તેઓએ પ્રાતઃપૂજાથી પરવારીને ગુંદેલમાં ત્રીસ ઘેર પધરામણીઓ કરી. ત્યારબાદ ગઢડા શામળાજી અને ઊંચી ધનાલમાં વીસેક પધરામણીઓ કરીને બપોરે દોઢ વાગ્યે નવા મેત્રાલ ગામે આવી પહોંચ્યા.

આ સમયે બહારનું વાતાવરણ ૪૫ ડિગ્રીએ પહોંચી ગયેલું. ચારેકોરથી લૂ વરસી રહેલી અને ધૂળ ઊડી રહેલી. વળી, સ્વામી નિર્જળ ઉપરવાસમાં ૫૦ ઉપરાંત ઘરોમાં પધરામણીઓ કરી ચૂકેલા. હજી આગળ ત્રણ ગામ ઘૂમવાનાં બાકી હતાં. સૂર્યગ્રહણના સમૈયાની સભા પણ સાંજે કરવાની હતી.

આવી વિપરીત પરિસ્થિતિમાં નવા મેત્રાલના ભક્તોએ ગામમાં સ્વામીશ્રીની નગરયાત્રાનું આયોજન કર્યું. આ જોઈ સાથેના સંતો વ્યથિત થઈ ઊઠ્યા. તેઓ ગામના હરિભક્તોને સમજાવવા લાગ્યા કે, 'આજે સ્વામીશ્રીને ઉપવાસ છે. વળી, અત્યારે ગરમી ભયંકર છે. સ્વામી ખૂબ ભીડો વેઠીને આવે છે, માટે આ નગરયાત્રાનું આયોજન બંધ રાખો તો સારું.'


પણ સંતોની આ સમજાવટના શબ્દો અતિ ઘોંઘાટમાંય સ્વામીએ સાંભળી લીધા. તેઓ કશું જ બોલ્યા નહીં, પણ તેઓએ એક સંતનો હાથ પકડીને હરિભક્તના માથા પર મૂકતા કહ્યું, 'તડકે ઊભા રહી આ ભક્તોનાં માથાં કેવાં તપી ગયાં છે! તો આપણે નગરયાત્રામાં બેસવામાં શું વાંધો છે?'

સ્વામીશ્રીની દલીલ અને ભાવના અકલ્પનીય હતા. બપોરે દોઢ વાગ્યે નગરયાત્રામાં વાજાં ગગડી ઊઠ્યાં. આબાલવૃદ્ધ સૌ કોઈ નાચવા-કૂદવા લાગ્યાં. નવા મેત્રાલ ગામના ભક્તો માટે તો આ એક જ દિવસની વાત હતી, પણ પ્રમુખસ્વામી મહારાજ માટે તો આ રોજનું થઈ પડેલું છતાં તેઓ ભક્તોની લાગણી અને પ્રેમને સમજી ગયા!

આજે માણસ જ્યારે સ્વકેન્દ્રી થતો જાય છે, ત્યારે બીજાની ભાવનાને સમજવાનું ચૂકતો જાય છે. એની સામે માણસ જ્યારે બીજાની લાગણીને સમજવાની કોશિશ કરે છે ત્યારે ઘણા ખરા ઝઘડા આપમેળે ટળી જાય છે અને સંબંધો આત્મીયપૂર્ણ બની જાય છે. કલ્પના કરો, આજે વાલીઓ પોતાનાં સંતાનોની લાગણી સમજવાનો પ્રયાસ કરે તો ઘરમાં સંબંધો કેટલા સુહૃદ બની જાય. સંતાનો પોતાનાં માતા-પિતાની લાગણી સમજવાનો પ્રયત્ન કરે તો ઘરમાં કેટલાં ઘર્ષણો નિવારી શકાય. પતિ-પત્ની પરસ્પર એકબીજાની લાગણી સમજવાની કોશિશ કરે તો ઘરમાં કેટલા ઝઘડા ટળી જાય. આવો, મહાપુરુષોના પગલે આપણે પણ એકબીજાની લાગણીને સમજી આનંદમય જીવન જીવીએ.

અપકારનો બદલો ઉપકારથી

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી



> **સમાજમાં બે કહેવતો પ્રસિદ્ધ છે - 'ઈંટનો જવાબ પથ્થરથી' અને 'અપકારનો બદલો ઉપકારથી.' આ વિકલ્પોની પસંદગીના આધારે વ્યક્તિની મહાનતા માપી શકાય છે. સજ્જન માણસ હંમેશાં બીજો પ્રકાર જ પસંદ કરે છે**

વાત છે ૭૫ વર્ષ પૂર્વની કે જ્યારે ભારત અને પાકિસ્તાનના વિભાજન બાદ સરહદની બંને બાજુ કોમી હુલ્લડો ફાટી નીકળ્યાં હતાં. દિલ્હીમાં વસતા મુસલમાનો બંગલા ખાલી કરીને પાકિસ્તાન જતા રહ્યા હતા. પાકિસ્તાનથી પોતાનો જીવ બચાવીને આવેલા નિર્વાસિતો દિલ્હીમાં મોટી સંખ્યામાં જમા થયા હતા. પાકિસ્તાનમાં પોતાના પર થયેલા અત્યાચારથી નિર્વાસિતો ખૂબ ગિન્નાયેલા હતા. પરિણામ સ્વરૂપે દિલ્હીમાં પણ ઠેર ઠેર રમખાણો ફાટી નીકળ્યાં હતાં.

ભોપાલના મહારાજા હમીદુલ્લા ખાન પાકિસ્તાન તરફી વલણ ધરાવતા હતા. તેઓએ સરદાર વલ્લભભાઈ પટેલનો ખૂબ વિરોધ કર્યો હતો. દિલ્હીમાં ભભૂકી ઊઠેલી આગમાં તેઓની દીકરી અને જમાઈ પણ ફસાયાં હતાં. તેઓએ પોતાની દીકરી અને જમાઈના સમાચાર મેળવવાના ખૂબ પ્રયત્ન કર્યા, પણ પરિણામ શૂન્ય. ટેલિફોન સેવાઓ ઠપ્પ થઈ ગઈ હતી. પોતાની સત્તાનો પૂરેપૂરો ઉપયોગ કરવા છતાં નવાબને કોઈ જ સફળતા ન મળતા તેઓને સરદાર યાદ આવ્યા. સરદાર વિરોધી વિષ ઓકનારા નવાબે માંડ માંડ હિંમત ભેગી કરીને સરદારની પાસે મદદની માંગ માટે હાથ લંબાવતાં ફોન જોડ્યો.

ફોન પર નવાબ છે, એ જાણીને સરદાર નવાઈ પામ્યા. વાત સાંભળીને સરદારે સાંત્વના આપતાં કહ્યું, 'તમે ચિંતા ન કરો. એ વિસ્તારમાં કર્ફ્યુ છે એટલે તમારાં દીકરી અને જમાઈ સુરક્ષિત છે. હું સરકારી વાહન મોકલીને એમને મારા બંગલે બોલાવી લઉં છું અને પછી એમને ભોપાલ મોકલવાની તજવીજ કરું છું.' સરદારે પોતે આપેલા વચનને અનુસરતાં આ નિરાશ્રિતોને વિમાન દ્વારા ભોપાલ મોકલી પણ આપ્યા.

સમાજમાં બે કહેવતો પ્રસિદ્ધ છે- 'ઈંટનો જવાબ પથ્થરથી' અને 'અપકારનો બદલો ઉપકારથી.' આ વિકલ્પોની પસંદગીના આધારે વ્યક્તિની મહાનતા માપી શકાય છે. સામાન્ય માણસ સદા પ્રથમ વિકલ્પ ઉપર જ પસંદગી ઢોળે છે જ્યારે સાધુ પુરુષો હંમેશાં બીજો વિકલ્પ પસંદ કરે છે.

સન ૧૯૮૬માં પ્રમુખસ્વામી મહારાજ જમણા થાપામાં થયેલી ગાંઠની શસ્ત્રક્રિયા કરાવી મુંબઈમાં વિશ્રામ કરી રહ્યા હતા. ઘણા મહંતો-મહાનુભાવો સ્વામીશ્રીની ખબર કાઢવા આવતા રહેતા. એમાં યજમાન પરમાનંદભાઈના આગ્રહથી રાજ્યકક્ષાના એક કેન્દ્રિય મંત્રી પણ આવી પહોંચ્યા.

કોઈક ગેરસમજના કારણે આ મંત્રી અત્યંત અકળાયેલા હતા. તેઓએ આવતાંવેંત ન કહેવાનું શરૂ કરી દીધું. આસપાસ બેઠેલા સંતો પણ સમસમી ઊઠ્યા. તેમાંના એક તો ઉદ્વેગથી ઉકળતા મંત્રીને ઠારવા ગયા, પરંતુ સ્વામીશ્રીએ જ તેઓને હાથના ઈશારે રોક્યા. બીમાર વ્યક્તિના તો ખબર અંતર પૂછવાના હોય એવો સામાન્ય વિવેકને પણ તેઓ ચૂકી ગયા હતા. લગભગ એક કલાક સુધી આ મંત્રી અત્યંત કુત્સિત શબ્દોમાં રોષ-દોષ ઓકતા ઊભરો ઠાલવતા રહ્યા.


આશ્ચર્યની વાત તો એ છે કે, વાતાવરણને કલુષિત કરી એ મંત્રી વિદાય થતા હતા ત્યારે સ્વામીશ્રીએ તેઓને ભોજન માટે નિમંત્રણ પાઠવ્યું. મંત્રીને વિદાયમાન આપીને સ્વામીશ્રી તો તરત આગળના કાર્યમાં પરોવાઈ ગયા. અપમાન સંબંધી નહીં કોઈ ટીકા-ટિપ્પણી કે નહીં કોઈ ઉચાટ-કચવાટ.

આ પ્રસંગ બન્યાના બે વર્ષ બાદ આ મુરબ્બી તેઓના કોઈક કાર્ય અંગે આફ્રિકા ગયેલા, પરંતુ ત્યાં તેઓને કોણ ઓળખે? તેથી કોઈ ગજ વાગતો નહોતો. તે સમયે તેઓને 'સ્વામીશ્રી અહીં જ છે' તે સમાચાર મળતાં તેઓ એક મોટા ઉત્સવના સભામંચ ઉપર વિરાજિત સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. સ્વામીશ્રીએ ઊભા થઈ ઉત્સવ સભામાં તેઓને આવકાર આપ્યો. તેઓને મંચ પર બેસાડ્યા. જે સ્વામીશ્રીને તેઓ ગમેતેમ બોલી ગયા હતા તે જ સ્વામીશ્રી પાસે તેઓએ સહકારનો સાદ કર્યો. વિષનો ઘૂંટડો ગટગટાવનાર સ્વામીશ્રીએ તેઓના કાર્યમાં સહયોગ આપવા સભામાં સૌને અપીલ કરી, તેથી એ મંત્રીનું કામ પળવારમાં પૂરું થયેલું.

ઉપરોક્ત મહાપુરુષોએ તો ક્ષમા આપી હતી વિરોધીઓને. મોટેભાગે આપણે તો આપણા નજીકનાનું સહન કરવાનું થાય છે. જો આપણે હસતે મુખે સહન કરવાનું શીખી જઈએ તો સંબંધો કેટલા સુંવાળા બની જાય? સામેવાળી વ્યક્તિ ગમે એટલી કઠણ હોય, પણ એના હૃદયમાં રહેલી કોમળતા આપણા સહિષ્ણુ વર્તનથી અવશ્ય જાગૃત થઈ ઊઠે છે.

શું મહાન બનવું છે?

હાથલારી ખેંચનાર મજૂર સાવ હાંફી ગયો. ટેકરીનું ચઢાણ કઠણ હતું. તેને લાગ્યું કે લારી છૂટી જશે કે કેમ? સામાન ગબડી પડશે તો? બાજુમાંથી પસાર થતા લોકો આ જોતા હતા, છતાં કોઈ મદદે આવ્યું નહીં. અચાનક એક વ્યક્તિની નજર હાથલારીવાળા પર પડી. ગાડી છટકવાની અણી પર હતી ત્યાં જ તેને પાછળથી ટેકો આપ્યો ને હાથગાડી ઢાળ જ ચઢી ગઈ. હાથલારીવાળાઓએ તે સજ્જનનો આભાર બન્યો. થોડા વખત પછી તેને જાણવા મળ્યું કે પોતાને સહાય કરનાર વ્યક્તિ ઈંગ્લેન્ડના વડાપ્રધાન ગ્લેડસ્ટન (Gladstone) હતા. તે બોલી ઊઠ્યોઃ 'અહો! મારું કેવું અહોભાગ્ય! મારું જ નહિ, મારા દેશનું કેવું અહોભાગ્ય કે એને આવા મહાન સેવાભાવી વડાપ્રધાન મળ્યા!' ગ્લેડસ્ટન રાજકારણને પ્રજાસેવાનું પવિત્ર કર્તવ્ય માનતા. તેઓ ચાર વાર વડાપ્રધાન રહી ચૂકેલા.



સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, જેમ જેમ પદ-પ્રતિષ્ઠા વધતી જાય તેમ તેમ નમ્રતા ઘટતી જાય. પણ જો લોકો મોટા થયા પછી પણ વિનમ્ર રહે, તો તે સૌના આદરનું પાત્ર અને એના માટે પ્રેરણાદાયી બને છે. આવા વિનમ્ર વ્યક્તિત્વને જ લોકો જીવનમાં આદર્શ તરીકે સ્થાપે છે

હા, સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, જેમ જેમ પદ-પ્રતિષ્ઠા વધતી જાય તેમ તેમ નમ્રતા ઘટતી જાય. પણ જો લોકો મોટા થયા પછી પણ વિનમ્ર રહે, તો તે સૌના આદરનું પાત્ર અને એના માટે પ્રેરણાદાયી બને છે. આવા વિનમ્ર વ્યક્તિત્વને જ લોકો જીવનમાં આદર્શ તરીકે સ્થાપે છે. તેઓના આદર્શ અને નિયમ મુજબ જીવનમાર્ગ પર ઊર્ધ્વગમન કરે છે.

પ્રમુખસ્વામી મહારાજ જળઝીલણી એકાદશીના ઉત્સવ નિમિત્તે સારંગપુરમાં વિરાજમાન હતા. ઉત્સવના દિવસે બારસનાં પારણાં કરી સૌ ભક્તો વિખરાયા. મંદિરમાં રોકાયેલા સૌ સંતો-ભક્તોએ પણ બપોરે જમી-પરવારી આરામ માટે લંબાવ્યું. સ્વામીશ્રીએ પણ એકાદશીનો ઉપવાસ પાણીનું ટીપુંય મોંમાં મૂક્યા વગર કરેલો. વળી, ઉપવાસની સાથે સાથે આખો દિવસ સમૈયાની શ્રમસભર સેવાઓ અને ગામમાં પધરામણીઓ પણ કરેલી. પ્રમુખસ્વામી નિયત સમયે વિશ્રામ માટે આવ્યા અને સૂતા પણ ખરા. સેવક સંત પણ બાજુમાં આડે પડખે થયા, પરંતુ થોડી વારે સેવકની આંખ ખૂલી તો સ્વામીશ્રીની પથારી ખાલી દીઠી. તે જોઈ તેઓ સફાળા બેઠા થઈ ગયા અને તપાસ કરવા નીકળ્યા.

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

શોધતાં-શોધતાં તેઓ મંદિરના સાવ પાછલા ભાગે આવ્યા, પણ ત્યાં તેઓએ જે જોયું તે તેઓના મનમાંથી કદી ભૂંસાય નહીં એ રીતે ચોંટી ગયું. સ્વામીશ્રી ગાતરિયું એક કોરે મૂકી, ધોતિયાંનો કછોટો મારી, એક હાથમાં સાવરણો અને બીજા હાથમાં પાણી ભરેલી બાલદી લઈને મળથી ખરડાયેલાં હરિભક્તોનાં સંડાસ સાફ કરી રહેલા!

સંસ્થાના પ્રમુખની આ નમ્રતા અને સેવાભાવના સેવકને પચાવવી અઘરી થઈ પડી! તેઓ તરત જ સ્વામીશ્રી પાસે દોડી ગયા અને તેઓને રોકતાં પૂછ્યુંઃ 'આપ આ શું કરો છો?' સ્વામીશ્રી કહેઃ 'એકથી બે ભલા. તમે પાણી લઈ આવો ને હું સાવરણો ફેરવું!' એમ કહેતાં સ્વામીશ્રી પુનઃ ગંદકી સાફ કરવા મંડી પડ્યા, પરંતુ સેવક જ્યારે પાણી લેવા નજીક આવેલા કુંડમાં ગયા ત્યારે તેઓને સ્વામીશ્રીનો પરિશ્રમ વિશેષ સમજાયો. ત્રીસેક પગથિયાં ઊતરીને કુંડમાં જઈ પાણી ભરેલી બાલદી સાથે તેટલાં જ પગથિયાં ચડીને એક-બે વાર આવવામાં તો તેઓ હાંફી ગયા. તે વખતે તેઓ વિચારી રહ્યા કે, 'સંડાસ સાફ કરવા માટે આવી ચઢ-ઊતર આજે સ્વામીશ્રીએ કેટલી વાર કરી હશે?'

સેવાધર્મ પરમ ગહન છે એવું શાસ્ત્રકારોએ ભલે લખ્યું હોય, પણ સ્વામીશ્રીને આ સેવાધર્મ શ્વાસોશ્વાસ જેટલો સહજ હતો અને હા, આ કોઈ એકલદોકલ પ્રસંગની વાત નથી. સ્વામીશ્રીના જીવનમાં નીચી ટેલની આવી સેવાની તો સરિતા સદાય ઘૂઘવતી હતી.

સંસ્થાના પ્રમુખપદે આવ્યા પછી તો સામાન્ય રીતે માણસની માનસિકતા એવી જ બની જાય કે હવે મારે લોકો ઉપર શાસન કરીને લોકો પાસે કામ કરાવવાનું છે, પણ આવી માનસિકતાવાળા લોકો ભાગ્યે જ સાચા અને સારા નેતા બની શકે છે. એની સામે જે લોકો વિનમ્ર બન્યા છે, તે મહાન બન્યા છે.

નક્કી આપણે કરવાનું છે કે, આપણે સત્તા ભોગવવી છે કે સેવક થઈને ખરા અર્થમાં મહાન બનવું છે? નિર્ણય આપણા હાથમાં છે.

સેવક બને એ જ નાયક

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

થોડાં વર્ષો પહેલાંની એક સત્યઘટના છે. કર્ણાટક રાજ્યમાં કોપાલ જિલ્લામાં રહેતા એક તરુણને જીવલેણ અકસ્માત સાંપડ્યો. રસ્તામાં ચાલતા તે કિશોર ઉપર ઝડપથી આવી રહેલા એક વાહને ગંભીર ઈજા પહોંચાડી. બીજી જ મિનિટે આજુબાજુથી ઘણા માણસો એ તરુણ તરફ દોડી આવ્યા. તેને ઘેરી વળેલા સૌએ જોયું કે ખૂબ જ દયનીય પરિસ્થિતિમાં પટકાયેલા આ તરુણને તાત્કાલિક સારવારની જરૂર છે, પણ આશ્ચર્ય! લોકો પોતાના ખિસ્સામાંથી ફોન કાઢીને સારવારવાહિનીને બોલાવવાને બદલે એ બેભાન કિશોરના ફોટા-વીડિયો પાડવા ઉતારવા લાગ્યા. કોઈને મદદ કરવાનું સૂઝ્યું જ નહીં અને સમયસર સારવાર ન મળતા થોડી જ ક્ષણોમાં એ તરુણનું કરુણ મૃત્યુ થયું.



> **એક પ્રસિદ્ધ લેખકે એટલે જ કહ્યું છે કે 'નેતૃત્વ એને જ ફળે કે જે સામે ચાલીને સેવાની તક ઝડપી લે.' ભલે કદાચ જાજરું સફાઈ કરવા જેવી નિમ્ન કક્ષાની ક્રિયા કરવાની થાય, તો પણ સાચા નેતા ક્યારેય ક્ષોભ પામતા નથી**

આ ઘટના વાંચીને આપને જરૂર આશ્ચર્યની સાથે લોકોનાં અસંવેદનશીલ માનસ ઉપર દયા પણ આવતી હશે, પરંતુ ધારો કે તમે જ એ ટોળામાં સામેલ હો, તો શું તમે આગળ આવીને એ તરુણને બચાવવાનો પ્રયત્ન કરી શકો? એને જળપાન કરાવી શકો? પ્રાથમિક સારવારની તજવીજ કરી શકો? પોતાનો થોડો સમય જતો કરીને એમ્બ્યુલન્સમાં એ કિશોરને લઈ અસ્પતાલ સુધી પહોંચાડી શકો? જો તમારું મન મક્કમતાથી 'હા' પાડતું હોય તો સમજવું કે તમારામાં માણસાઈ, શિષ્ટાચાર, સંવેદનશીલતા જેવાં લક્ષણોની સાથે સાથે સુષુપ્ત રીતે પડેલું એક વિશિષ્ટ સુલક્ષણ પણ હોવું જોઈએ, જેને તમે વિકસાવી પણ શકો છો. એ છે નેતૃત્વશક્તિ.

હા, આ શક્તિ નાના-મોટા તમામમાં ભગવાને મૂકેલી હોય છે, પરંતુ એ પ્રગટે છે ક્યારે? તો પ્રસિદ્ધ લેખક એન્ડર્સન કહે છેઃ 'પરિસ્થિતિ પારખીને જરૂરિયાતમંદની વહારે દોડી જવું, એ નેતૃત્વનો સૌથી મહત્ત્વનો ગુણ છે.'

એકવાર એક મજૂર પોતાની હાથલારીને ખેંચીને ટેકરો ચડાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ચઢાણ કપરું હોવાથી ઘણીવાર લારી પણ ટેકરાની અણીએ પહોંચતાં પહોંચતાં નીચે સરકી પડતી. મજૂરને પણ ખૂબ શ્રમ પડતો હતો. આસપાસ અવરજવર કરનાર લોકો આ દશ્ય જોઈને આગળ પસાર થઈ જતા, પણ કોઈ તેની મદદે ન આવતું. એકવાર તો તેની ગાડી ગબડવાની અણી પર હતી, પણ એ જ વખતે અનાયાસે એક વ્યક્તિનો ટેકો સાંપડ્યો અને લારી ટેકરો ચડી ગઈ. મજૂરે તે સજ્જનનો આભાર માન્યો અને તે સજ્જને ત્યાંથી વિદાય લીધી. થોડા દિવસ પછી એ જ સજ્જન દેશના વડાપ્રધાન બન્યા. આ વાતની જાણ જ્યારે તે મજૂરને થઈ ત્યારે તે ખૂબ જ આનંદ પામતાં બોલી ઊઠ્યો, 'મારું અહોભાગ્ય! મારું જ નહીં, પણ મારા દેશનું અહોભાગ્ય કે આવા મહાન સેવાભાવી વડાપ્રધાન મળ્યા.' એ વડાપ્રધાન એટલે ઈંગ્લેન્ડના ગ્લેડસ્ટન.

એક પ્રસિદ્ધ લેખકે એટલે જ કહ્યું છે કે 'નેતૃત્વ એને જ ફળે કે જે સામે ચાલીને સેવાની તક ઝડપી લે.' ભલે કદાચ જાજરું સફાઈ કરવા જેવી નિમ્ન કક્ષાની ક્રિયા કરવાની થાય, તો પણ સાચા નેતા ક્યારેય ક્ષોભ પામતા નથી. અલબત્ત, પોતાનાં માન-મોભો-મરતબો મૂકીને સાહજિક એમાં જોડાઈ જાય છે.

એક મહોત્સવ દરમિયાન એક યુવકને એઠાં પતરાળાં કચરાપેટી સુધી પહોંચાડવાની સેવા સોંપાયેલી. એક રાત્રે ૧૦.૧૫ના સુમારે તેને ખાલી કરવા આ યુવક લારી લઈ મુખ્ય કચરાપેટી તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં એક અવરોધરૂપ ઢાળ યુવકના પ્રયાસોને નિષ્ફળ કરી રહ્યો હતો. વળી, આ સમયે તેની મદદમાં પણ કોણ આવે? પણ આશ્ચર્ય! બરાબર એ જ વખતે મહોત્સવના સૂત્રધાર પ્રમુખસ્વામી મહારાજ એક અગત્યની મીટિંગ પૂર્ણ કરીને કક્ષામાંથી બહાર પધાર્યા અને તેઓએ આ યુવકને એકલા હાથે મહામહેનતથી લારી ખેંચતા જોયો. તેઓ સીધા જ તેની પાસે દોડી ગયા. સ્વામીશ્રીને જોતાં જ તે યુવક વિસ્મય પામ્યો, પણ આખરે એને કો'કની તો જરૂર હતી જ. સ્વામીશ્રીએ લારીને ઢાળ પર ચડાવવામાં, કચરાપેટી સુધી પહોંચાડવામાં, ખાલી કરાવવામાં અને ખાલી લારીને મૂળ સ્થાને પાછી લાવવા સુધીની મદદ કરી. તેથી તે યુવક રાજી થઈ ગયો. સંસ્થાના પ્રમુખ હોવાના નાતે સ્વામીજી ધારત તો અન્યને આદેશ આપી આ સેવામાં જોડી શકત, પરંતુ તેઓ સ્વયં સેવક બન્યા!

પ્રાયઃ દુન્યવી માનસિકતા એવી હોય છે કે નેતાએ તો કેવળ 'ઓર્ડર' જ કરવાનો હોય, કામ કરનાર તો બીજા હોય, પરંતુ અહીંયાં એક વાત આપણને સ્પષ્ટ દેખાય છે કે, 'Leadership is action, not position' જે ખરા અર્થમાં સેવક બને એ જ નાયક ને લાયક બને.

૪૫,૦૦૦ લોકોએ ભાગ લીધો



એક સમય એવો હતો કે ડોક્ટરો અને વૈજ્ઞાનિકો માનતા હતા કે માનવ શરીરથી એક માઈલનું અંતર ૪ મિનિટમાં દોડીને પૂરું કરવું અશક્ય છે. પણ સર રોજર બેનિસ્ટર નામના દોડવીરે નક્કી કર્યું કે મારે આ કાર્ય સિદ્ધ કરવું જ છે. તેણે અથાગ પુરુષાર્થ કર્યો અને આખરે ઈ.સ. ૧૯૫૪માં ૩:59:4 મિનિટમાં એક માઈલનું અંતર દોડીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો. તે એવો પ્રથમ માણસ હતો, જેણે એક માઈલનું અંતર ૪ મિનિટથી ઓછા સમયમાં દોડીને પૂરું કર્યું હતું. ૪૬ દિવસ પછી બીજા એક રનરે બેનિસ્ટરનો પણ રેકોર્ડ તોડ્યો. એ પછી તો અનેક દોડવીરો મંડ્યા અને અત્યાર સુધીમાં ૧૪૦૦ એથ્લીટ્સ ૪ મિનિટની મર્યાદા તોડવામાં સફળ રહ્યા છે.

એકવાર બેનિસ્ટરે અશક્યને શક્ય કરી બતાવ્યું. એ પછી એકાએક કેટલીયે વ્યક્તિઓ આ કાર્ય કરવા સક્ષમ બની ગઈ! બસ જરૂર હતી એક ઉદાહરણ પૂરું પાડવાની.

કલ્પના કરીએ કે આજથી ૧૫૦ વર્ષ પહેલાં કોઈ એવી વાત કરે કે માણસ આકાશમાં ઊડે તો કેવું! આ બાબત એક પરીકથા જેવી જ મનાત, પરંતુ આજે માણસ વિમાનોમાં ઊડી રહ્યો છે. રાઈટબંધુઓ પણ પ્રારંભમાં ટીકાને પાત્ર બન્યા હતા. છતાં તેમણે હિંમત ન છોડી

કોઈની કાર્યસિદ્ધિ જોઈને પછી અંતરમાં વિશ્વાસ અને શ્રદ્ધા પ્રગટ થાય તે સારું છે, પરંતુ એનાથીય મહાન એ છે કે જ્યારે દુનિયામાં જે બાબત માટે કોઈ પ્રત્યક્ષ ઉદાહરણ ન હોય ત્યારે તેને પોતાની જાતમાં શ્રદ્ધા રાખી કાર્ય પાર પાડ્યું હોય.

કલ્પના કરીએ કે આજથી ૧૫૦ વર્ષ પહેલાં કોઈ એવી વાત કરે કે માણસ આકાશમાં ઊડે તો કેવું! આ બાબત એક પરીકથા જેવી જ મનાત, પરંતુ આજે માણસ વિમાનોમાં ઊડી રહ્યો છે. રાઈટબંધુઓ પણ આ પ્રક્રિયાના પ્રારંભ ભાગમાં ટીકાને પાત્ર બન્યા હતા. છતાં તેમણે હિંમત ન છોડી તો અશક્ય શક્ય બન્યું, પણ જો રાઈટબંધુઓએ ભયથી આ હિંમત જ ન કરી હોત તો?

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એવો કોઈ સિદ્ધાંત નથી કે નિષ્ફળ વ્યક્તિ હંમેશાં નિષ્ફળ રહે છે અને સફળ વ્યક્તિને ક્યારેય નિષ્ફળતા મળતી નથી. સરેરાશ માણસ જેમ નિષ્ફળતાનો સામનો કરતો હોય છે, એવી નિષ્ફળતા સફળ લોકોના જીવનમાં પણ આવતી જ હોય છે. ફેર એટલો જ છે કે તેઓ નિષ્ફળતાને સ્વીકારીને પ્રયત્નો ચાલુ રાખે છે. પરિણામે નવી કેડી કંડારી શકે છે.

જ્યારે દિલ્હીમાં સ્થિત જગવિખ્યાત અક્ષરધામની અંદર તૈયાર કરેલ પ્રદર્શનના ભાગરૂપે એક વીડિયો શૉ તૈયાર કરવાનો હતો, ત્યારે પ્રમુખસ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ કેટલાક યુવાનોની ટીમ પ્રસ્તુતિ માટેનાં જુદાં જુદાં માધ્યમોનું સંશોધન કરી રહ્યા હતા. તે રિસર્ચના અંતે તેઓએ સ્વામીજી સમક્ષ એક ચાર્ટમાં તેનું સંકલન રજૂ કર્યું. જેમાં આ શૉ કેવી અલગ અલગ રીતે થઈ શકે તેના વિકલ્પો હતા. ચાર્ટના અંત ભાગમાં IMAX નો વિકલ્પ રજૂ થયો. ટીમના બધા સભ્યોને ખ્યાલ હતો કે આપણી સંસ્થા માટે આ માધ્યમ દ્વારા શો કરવો એ અશક્ય જ હતું. આ રજૂઆત તો માત્ર જાણકારી પૂરતી હતી, પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે પ્રમુખસ્વામી મહારાજે આ જ વિકલ્પ પસંદ કર્યો. ત્યારે સ્વામીશ્રીને સમજાવવા માટે પ્રયાસ કર્યો કે હજી સુધી આપણને આંતરરાષ્ટ્રીય કક્ષા પર મૂકી શકીએ તેવા ટૂંકા વીડિયોનો પણ અનુભવ નથી. વળી, તે વખતે બોલિવૂડ ઈન્ડસ્ટ્રી દ્વારા એક પણ IMAX શૉનું નિર્માણ થયું ન હતું. તો આપણી સંસ્થા તો એક આધ્યાત્મિક સંસ્થા છે તો આપણાથી તો આ કેવી રીતે શક્ય બને? કોઈ રીતે તે વાત સંભવ ન હતી, કારણ કે આ બધાને 'પ્રથમ હોવાનો ડર' હતો, પણ પ્રમુખસ્વામી મહારાજને વિશ્વાસ હતો કે આપણે કરી શકીશું. ભગવાનમાં શ્રદ્ધા સાથે પ્રમુખસ્વામી મહારાજે આ ભગીરથ કાર્યમાં પ્રાણ ફૂંક્યો અને પરિણામે સમગ્ર ભારતમાં પહેલીવાર બનેલી આ કક્ષાની લાર્જ ફોર્મેટ ફિલ્મનું શૂટિંગ થયું. જેમાં હિમાલયના બર્ફીલા પર્વતોથી લઈને ધોમધખતા રણપર્યંત સમગ્ર ભારતનાં ૧૦૦થી વધુ સ્થળોમાં આ ફિલ્મનું શૂટિંગ થયું. તેના માટે ૨૫૦થી વધુ સ્થળોએ કુલ ૨૨,૦૦૦ માઈલનો સરવે કરાયો. ૪૫,૦૦૦ લોકોએ તેમાં પાત્ર ભજવ્યાં અને આ ફિલ્મની સફળતાની નોંધ સમગ્ર વિશ્વએ લીધી.

ફ્રાન્સના પેરિસ શહેરમાં લા જિઓદ ખાતે યોજાયેલા ૧૦મા ઈન્ટરનેશનલ લાર્જ ફોર્મેટ ફિલ્મ ફેસ્ટિવલમાં 'મિસ્ટિક ઈન્ડિયા'ને 'ધ ઓડિયન્સીઝ ચોઈસ' એવોર્ડ મળ્યો. સેનહોઝેના આઈમેક્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ મિસ્ટિક ઈન્ડિયાને 'સૌથી લોકપ્રિય ફિલ્મ'નું સન્માન પ્રાપ્ત થયું, પરંતુ તેના મૂળમાં હતો પ્રમુખસ્વામી મહારાજનો અપ્રતિમ આત્મવિશ્વાસ. તેઓને 'હું પ્રથમ છું' તેવો ભય ન હતો, પણ વિશ્વાસ હતો કે અશક્ય પણ શક્ય થશે અને તેઓએ તે કરી બતાવ્યું.

ભગવાનમાં શ્રદ્ધા



ભગવાનમાં શ્રદ્ધા એ સદ્‌ગુણ માત્રની જનેતા છે, જે માનવને સાચા અર્થમાં માનવ બનાવે છે. અલબત્ત, આંતરિક સ્વભાવો-દોષોને વશ થઈ વ્યક્તિ અયોગ્ય ક્રમ તરફ દોરાય છે, પરંતુ પરમાત્માની પ્રસન્નતાનો વિચાર કે તેઓના કુરાજીપાથી થતાં દુઃખની કલ્પના તેને રોકે છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આજકાલ ભ્રષ્ટાચાર બહુ વધી ગયો છે.

હવે કામ કરવાની દાનત લોકોમાં નથી રહી.

ભલે સમય ૮ વાગ્યાનો છે, પણ કચેરી ૯ વાગ્યા પહેલાં નહિ ખૂલે.

ખબર નથી પડતી, ભારતનું શું થશે?

આવા સંવાદો જનસમાજમાં સહજ છે. સૌને એક પ્રકારનો અસંતોષ સતત અન્ય લોકો તરફથી રહ્યા કરે છે. ઘણી વખત ખૂબ જ સારી યોજનાઓ પણ અમુક અસામાજિક તત્ત્વોની ગેરનીતિને કારણે સારી રીતે અમલીકરણ નથી પામતી. તેનો પૂર્ણ લાભ ન મળ્યાનો રંજ પણ આપણા મન હૃદયમાં ડંખ્યા કરે છે. ભારતના એક રાજનેતાએ વર્ષો પહેલાં વિધાન આપ્યું હતું કે, 'લાભાર્થી માટે ફાળવાતા પ્રત્યેક રૂપિયે કેવળ ૧૫ પૈસા જ લાભાર્થી સુધી પહોંચે છે.' આવા સંજોગોમાં કરવું શું? બસ આવા જ પ્રકારના વિચારો ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના મનને મૂંઝવી રહ્યા હતા.

દિવસ હતો ૩૦ જૂન, ૨૦૦૧નો. કલામ સાહેબ પહેલી વખત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મળવા પધાર્યા હતા. આ દિવસે સ્વામીશ્રી સાથે થયેલા વાર્તાલાપને તેઓએ પોતાના પુસ્તક Transcendenceમાં આ રીતે મૂક્યો છે. મેં પ્રમુખસ્વામીજી સમક્ષ મારા વિઝન-૨૦૨૦ના વિચારો પ્રસ્તુત કરતાં કહ્યું કે, 'સ્વામીજી! છેલ્લાં ૫૦ વર્ષથી ભારત એક વિકાસશીલ દેશ રહ્યો છે. એનો અર્થ એ કે તે આર્થિક રીતે સશક્ત નથી, સામાજિક રીતે સ્થિર નથી અને સુરક્ષા બાબતે અપૂરતો છે. આ જ કારણોસર ભારત આજે વિકાસશીલ દેશ કહેવાય છે. મારા જેવા અનેક લોકોના મનમાં પ્રશ્ન છે કે, 'ભારતનું હવે પછીનું સ્વપ્ન કયું હોવું જોઈએ? ભારતને આવનારાં ૩૦ વર્ષમાં વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશમાં કઈ રીતે પરિવર્તિત કરી શકાય?' ભારતમાં પરિવર્તન લાવવાના હેતુથી અમે પાંચ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો તારવ્યાં છેઃ ૧. શિક્ષણ અને આરોગ્ય, ૨ કૃષિ, ૩ માહિતી અને પ્રત્યાયન, ૪. માળખાગત સુવિધાઓ અને ૫. મહત્ત્વપૂર્ણ ટેકનોલોજી.

પ્રમુખસ્વામીજી મારા ચહેરાના પ્રશ્નાર્થ ભાવને અનિમેષ નીરખતા મને સાંભળી રહ્યા. કંઈ જ બોલ્યા નહીં. મેં વાત આગળ વધારીને કહ્યુંઃ 'સ્વામીજી! અમારી સમસ્યા એ છે કે અમે સરકાર સમક્ષ (ત્યારે હું રાષ્ટ્રપતિ નહોતો) અમારા આ વિઝનની રજૂઆત તો કરીએ છીએ, પરંતુ આ મહત્ત્વાકાંક્ષી સ્વપ્નને સાકાર કરવા માટે મૂલ્યનિષ્ઠ પ્રજાજનોનું સર્જન કેવી રીતે કરીએ? અમારે ખરેખર મૂલ્યનિષ્ઠ નાગરિકોના સંવર્ગની જરૂર છે. સ્વામીજી! આપ આ બાબતના તજજ્ઞ છો. અમને આપની સલાહની જરૂર છે.'

પ્રમુખસ્વામીજીએ સ્મિત રેલાવીને સૌ પ્રથમ ઉચ્ચારેલા શબ્દો હતાઃ 'ભારતને પરિવર્તિત કરવાનાં આપે જે પાંચ ક્ષેત્રો તારવ્યાં છે, તેમાં છઠ્ઠું ક્ષેત્ર ઉમેરો - ભગવાનમાં શ્રદ્ધા તથા આધ્યાત્મિકતા થકી લોકોનો વિકાસ. આ બાબત ખૂબ મહત્ત્વપૂર્ણ છે.' પ્રમુખસ્વામીજીના આ વિધાનની સ્પષ્ટતા, ચોકસાઈ અને દૃઢતાથી હું આશ્ચર્ય ચકિત થઈ ગયો.

સ્વામીશ્રીએ બતાવેલો માર્ગ ખરેખર અત્યંત અસરકારક છે, કારણ કે ભગવાન પ્રત્યેની શ્રદ્ધા એક એવી 'માસ્ટર કી' છે કે જે માણસમાત્રને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપી શકે છે. રોજબરોજના જીવનમાં આપણે જોયું છે કે જ્યારે લોકો જોતાં હોય ત્યારે વ્યક્તિની સભ્યતા, સુશીલતા અને પ્રામાણિકતાની કક્ષા ખૂબ ઊંચી હોય છે. અરે! જો એટલી ખબર પડે કે આપણે કેમેરાની આંખો નીચે છીએ તોય આપણું વર્તન બદલાઈ જાય છે. (એટલે તો જાહેર સ્થળોમાં બોર્ડ મારવાં પડે છે કે તમે CCTV કેમેરાની નજર હેઠળ છો જેથી તે ન કરવાનું ન કરી બેસે) તો કલ્પના કરીએ કે જ્યારે દરેક વ્યક્તિ એવી પૂર્ણ શ્રદ્ધા સાથે જીવે કે સર્વોપરી ભગવાન સર્વત્ર બિરાજમાન છે અને મને અખંડ જુએ છે અને એ જ મને મારાં સારાં-નરસાં કર્મોનું ફળ આપવાના છે તો આ સમાજ કેટલો સદાચારી, સભ્ય અને સંસ્કારી બની રહે!!

ભગવાનમાં શ્રદ્ધા એ સદ્‌ગુણ માત્રની જનેતા છે, જે માનવને સાચા અર્થમાં માનવ બનાવે છે. અલબત્ત, આંતરિક સ્વભાવો-દોષોને વશ થઈ વ્યક્તિ અયોગ્ય ક્રમ તરફ દોરાય છે, પરંતુ પરમાત્માની પ્રસન્નતાનો વિચાર કે તેઓના કુરાજીપાથી થતાં દુઃખની કલ્પના તેને રોકે છે. અંતરાત્માનો અવાજ ડંખે છે. ભગવાનમાં શ્રદ્ધા જ એક એવું અમૃત છે જે માનવમૂલ્યોના વિશાળ ઉદ્યાનનું શાશ્વતકાળ સુધી જતન અને સંવર્ધન કરી શકે.

પ્રમુખસ્વામી મહારાજે સહજતાથી આપેલ આ સોનેરી સૂચન માત્ર વ્યક્તિ, સમાજ કે દેશની નહિ, પરંતુ સમગ્ર વિશ્વની તાસીર બદલવા સમર્થ છે.

લાખો વર્ષ સુધી...

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



ફૂલછોડ પર લહેરાતાં પુષ્પો સુંદર અને સુગંધીમાન લાગે છે, પરંતુ તેની સુંદરતા અને સુગંધતાને વધારનાર મૂળ જમીનમાં છે. વૃક્ષ પર લટકતાં ફળો મીઠાં-મધુરાં લાગે છે, પણ તેની મીઠાશ અને મધુરતાને પોષણ આપનાર મૂળ અગોચર છે

ડિસેમ્બર, ૧૯૦૩ના રોજ ન્યૂયોર્ક ટાઈમ્સના તંત્રીએ એક લેખ લખ્યો હતો, જેમાં કટાક્ષથી લખ્યું, 'બે ભાઈઓ હવાથી વજનદાર યંત્રને હવામાં ઉડાડવા સફળ થવાના છે.' માત્ર આ તંત્રી જ નહીં સમાજના કેટલાય લોકો આ બંને ભાઈઓ અને તેના વિચારોને બકવાસ કહીને બિરદાવતા. અરે! એટલું જ નહીં, પણ આ બંધુઓના પિતા બિશપ મિલ્ટર રાઈટ પણ તેઓને કહેતા, 'ભગવાને જો માણસને ઊડતો જ જોવો હોત તો એમણે માણસને પણ પાંખો આપી હોત, ઊડવાનો અધિકાર પંખીઓ પૂરતો જ મર્યાદિત છે. માટે આ મિથ્યા પ્રયત્ન મૂકી દો.' આવા કેટલાય મોળા શબ્દોની આંધીમાં અટવાયા વગર આ ઓરવિલ અને વિલ્બર રાઈટે શ્રદ્ધા અને વિશ્વાસ સાથે પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા અને માણસને આકાશમાં ઉડાડીને દુનિયાને આશ્ચર્યમાં ગરકાવ કરી, લાખો વર્ષ સુધી લોકો યાદ કરે તેવી સિદ્ધિ પ્રાપ્ત કરી. અત્યારે આપણે ૮૦૦ મુસાફરોને હવાઈ સફર કરાવનાર જમ્બો જેટ વિમાનને જોઈએ છીએ. તેના મૂળમાં ઓરવિલ રાઈટનું એક સીટવાળું વિમાન બનાવવાની શ્રદ્ધા. આજે ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઊડતા માનવસર્જિત પુષ્પકને જોઈએ છીએ, તેના મૂળમાં વિલ્બર રાઈટનો ફક્ત ૫૯ સેકન્ડ માટે ૬૦૦ ફૂટની ઊંચાઈએ ઊડનારા પ્રથમ ફ્લાયર વિમાન પ્રત્યેનો વિશ્વાસ. મોળા શબ્દોની મોહજાળમાં ફસાયા વગર શૂરવીર થઈને જે પોતાના પુરુષાર્થને મૂકતા નથી એવા ઉત્તમ લોકો જ પોતાનું ધ્યેય સિદ્ધ કરી શકે છે.

સન ૧૯૮૨માં ભારત દેશમાં આંદોલનો અને ચળવળો ચાલી રહી હતી. જેની સમાજ પર ખૂબ ઊંડી અસર પડી હતી. આ આંદોલન હતું શ્રીરામ જન્મભૂમિની પ્રાપ્તિ માટેનું. રામ જન્મભૂમિ પર શું થશે? તેની નિર્ણયાત્મક વાતો પર સમગ્ર દેશની દૃષ્ટિ હતી. રામ જન્મભૂમિના આ કાર્યને આગળ ધપાવવા માટે શું કરવું? તેની કોઈ દિશા સૂઝતી નહોતી, કારણ કે વિદ્રોહીઓના શબ્દોની અસર સૌને ઘર કરી ગઈ હતી. સૌ ઉદાસ થઈ ગયા હતા. હવે શું કરવું? તુલસીદાસજી આ પરિસ્થિતિનો ઉપાય બતાવતા રામચરિત માનસમાં કહે છે,

'રામ મિલન કે કારણે, જો તું ભયો ઉદાસ,
શોધી લે સંગત સંત કી, રામ જિન્હો કે પાસ.'

વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો પ્રમુખસ્વામી મહારાજ પાસે પહોંચ્યા અને સઘળી વાતોનો ચિતાર રજૂ કર્યો. ત્યારે સાચી શ્રદ્ધા અને વિશ્વાસથી દેશની, ધર્મની અને સંસ્કૃતિની સેવા કરનારા સંત વિભૂતિ પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'દેશના હિત અને ધર્મની રક્ષાનું આ કાર્ય આપણે સાથે મળીને કરીશું.'

ખમીરવંત પ્રમુખસ્વામી મહારાજે સૌને બળ આપ્યું અને સમગ્ર દેશમાં રામશિલા પૂજનની આલબેલ પોકારાઈ ગઈ. તારીખ ૧૬-૮-૧૯૮૯ના રોજ પ્રમુખસ્વામી મહારાજે રક્ષાબંધનના પરમ પવિત્ર દિને શ્રી રામ જન્મભૂમિ પર નિર્માણાધીન મંદિરની પ્રથમ શિલાનું પૂજન કર્યું અને તેઓ શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક બોલ્યા, 'રામશિલા અયોધ્યામાં બેસશે, લાખો વર્ષ સુધી કોઈ ઉખાડી નહીં શકે.' ત્યારબાદ આ સમગ્ર દેશમાં ઠેર-ઠેર આ રામશિલાનાં પૂજનો થયાં અને તે શિલાઓ રામ જન્મભૂમિ સુધી પહોંચી. પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રીરામનું કામ કર્યું, કારણ કે કામ સાચું હતું. કામ સાચું હતું તો તેના માટે તેઓને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. આથી જ વિદ્રોહીઓના ઝેરીલા શબ્દોની કોઈ અસર તેઓ પર થઈ નહોતી.

ફૂલછોડ પર લહેરાતાં પુષ્પો સુંદર અને સુગંધીમાન લાગે છે, પરંતુ તેની સુંદરતા અને સુગંધતાને વધારનાર મૂળ જમીનમાં છે. વૃક્ષ પર લટકતાં ફળો મીઠાં-મધુરાં લાગે છે, પણ તેની મીઠાશ અને મધુરતાને પોષણ આપનાર મૂળ અગોચર છે. જે જમીનમાં ઊંડું ધરબાયેલું હોય છે, તે છે શ્રદ્ધા અને વિશ્વાસ.

આજે જે મૂળના કારણે શ્રીરામ મંદિરનું ફૂલ ખીલ્યું છે, જે મૂળના કારણે આપણે શ્રીરામ મંદિરનાં મીઠાં ફળ ચાખી રહ્યા છીએ, તે સનાતન ધર્મના જ્યોતિર્ધર પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા પામી આપણે પણ શિલાન્યાસથી લઈને શિખરો સર કરવા સુધીની સિદ્ધિ પામવા માટે સતત મંડ્યા રહીએ.


મીઠાં ફળનું ઝાડ

એફ.

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એલ. લ્યૂકસ નામના એક લેખકે એક સુંદર કથા લખી છે. ચીનમાં એક જમાનામાં એક એવું કુટુંબ વસતું હતું કે જેની નવ-નવ પેઢીઓ એકસાથે એક જ છતની નીચે રહેતી હતી. ધીમે ધીમે આ પરિવારની ખ્યાતિ ફેલાતી ફેલાતી શહેનશાહ સુધી પહોંચી. શહેનશાહે એક કાસદને આ પરિવારે અનુસરેલા પાયાના સિદ્ધાંતોને જાણી લાવવા આ પરિવારના સભ્યોને મળવા મોકલ્યો. કાસદે આ પરિવારના ૩ વડદાદાઓને શહેનશાહનો સંદેશો પહોંચાડ્યો. વડદાદાઓએ એક લાંબા કાગળ પર પીંછી લઈને ચીની ચિત્રલિપિમાં લખવું શરૂ કર્યું. લાંબું લખાણ કર્યા પછી તેઓએ કાગળ શાહીદૂતને સુપરત કર્યો. કાસદે કાગળ શહેનશાહને આપ્યો. શહેનશાહે જ્યારે એ પત્ર-ફીંડલું ખોલ્યું, ત્યારે તેના આશ્ચર્ય વચ્ચે કેવળ એક જ ચિત્ર-પ્રતીક એક-સો વાર આલેખાયેલું નિહાળ્યું. આ ચિત્ર-પ્રતીક હતું 'ધીરજ' શબ્દનું.



આજના ઝડપી જમાનામાં આપણને ધીરજ રાખવી કઠણ પડે છે, કારણ કે લગભગ દરેક વસ્તુ તાત્કાલિક મળે છે, તેથી આપણી માનસિકતા પણ એવી જ રીતે ઘડાઈ ચૂકી છે. છતાં વાસ્તવિકતા તો એ છે કે અમુક વસ્તુમાં તો આપણે ધીરજ રાખવી જ પડે

આજના ઝડપી જમાનામાં આપણને ધીરજ રાખવી કઠણ પડે છે, કારણ કે લગભગ દરેક વસ્તુ તાત્કાલિક મળે છે, તેથી આપણી માનસિકતા પણ એવી જ રીતે ઘડાઈ ચૂકી છે. છતાં વાસ્તવિકતા તો એ છે કે અમુક વસ્તુમાં તો આપણે ધીરજ રાખવી જ પડે.

ખાસ કરીને જ્યારે આપણે આપણાં સંતાનો કે જીવનસંગાથીમાં અમુક પ્રકારનાં પરિવર્તનો લાવવા માટે પ્રયત્નશીલ હોઈએ, ત્યારે તો ધીરજ રાખ્યા વગર છૂટકો જ નથી. એકસાથે વધુ પડતો આગ્રહ કરવાથી ક્યારેક સામેવાળી વ્યક્તિ ઉશ્કેરાય જાય છે અને વાત વણસી જાય છે. એની સામે ધીરજ રાખનારને થોડી રાહ અવશ્ય જોવી પડે, પણ અંતે તે સુખદ પરિણામ ભોગવે છે.

નેપોલિયન હિલ નામના લેખકે પોતાના પ્રસિદ્ધ પુસ્તક 'Think and grow Rich'માં એક પ્રસંગનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે, 'આર.યુ. ડર્બી નામના વ્યક્તિએ એક જગ્યાએ થોડું ખોદતાં તેને સુવર્ણનાં ચિહ્નો દેખાયાં. વધુ ખોદકામ કરવા માટે તેને અદ્યતન મશીનરીની જરૂર જણાઈ. આ માટે તેણે પોતાનાં સગાં-સ્નેહીઓ પાસેથી ઉછીના ડોલર ભેગા કર્યા અને મશીનો ખરીદ્યાં. ત્યારપછી તેણે આ મશીનરી દ્વારા ખોદકામ શરૂ કર્યું, પરંતુ હવે તેને કોઈ પ્રકારનાં સુવર્ણ ચિહ્નો દેખાયાં નહીં. તે અત્યંત નિરાશ થઈ ગયો. તેણે ખોદકામ બંધ કરી બધી મશીનરી નજીવી કિંમતે એક સામાન્ય વ્યક્તિને વેચી દીધી. આ સામાન્ય વ્યક્તિએ ખાણનિષ્ણાત એન્જિનિયરને બોલાવી તપાસ કરાવી. એન્જિનિયરે કહ્યું કે, 'જ્યાં સુધી ખોદ્યું છે તેનાથી ત્રણ ફૂટ નીચે જ સુવર્ણ છે.' પેલા માણસે ખોદકામ કરાવી અપાર સુવર્ણ મેળવ્યું અને તે સામાન્યમાંથી કરોડપતિ બની ગયો. જ્યારે બીજી બાજુ આર.યુ. ડર્બીને પોતે કરેલું દેવું ચૂકવતાં વર્ષો નીકળી ગયાં.

આર.યુ. ડર્બી સુવર્ણથી વંચિત રહ્યો, એનું એકમાત્ર કારણ હતું ધીરજનો અભાવ. પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતા કે, 'પ્રયત્ન કરવા છતાં પરિણામ ન જણાય તો પણ જરાય ધીરજ ન ગુમાવવી. આપણા પ્રયત્નોનું ફળ જરૂર મળશે જ. માટે ક્યારેય નાહિંમત બની પ્રયત્ન મૂકવો નહીં.' જે વ્યક્તિઓએ ધીરજ નથી ગુમાવી, તેઓ કંઈક પામ્યા છે.

હેનીર કોલિન્સ નામના એક ઉદ્યોગપતિને કોઈક પ્રશ્ન પૂછ્યો કે, 'કોઈક ગ્રાહકને તમારી પ્રોડક્ટ વેચવા માટે તમે તે ગ્રાહકની કેટલી વખત મુલાકાત લો છો?' હેનીર કૉલિન્સે આ પ્રશ્નનો જવાબ વાળતાં કહ્યું કે, 'એ તો અમારા બેમાંથી કોનું અવસાન વહેલું થઈ જાય છે તેના પર આધાર!' આ વાક્ય તેઓમાં રહેલી ધીરજની ગવાહી પૂરે છે. એવું કહેવાય છે કે કૉલિન્સે એક ઓર્ડર મેળવવા માટે એક વ્યક્તિની એક જ વર્ષમાં ૧૩૦ મુલાકાત લીધી હતી.

ટૂંકમાં, ધીરજનાં ફળ મીઠાં. આર.યુ. ડર્બીએ ધીરજ ગુમાવી દીધી માટે તે મીઠાં ફળનો આસ્વાદ ન પામ્યો, જ્યારે ફોર્ડ-કૉલિન્સે ધીરજ જાળવી રાખી માટે તે મીઠાં ફળને પામી શક્યા. કેવળ ઔદ્યોગિક ક્ષેત્રે જ નહિ, પણ પારિવારિક જીવનમાં પણ ધીરજ મીઠાં ફળ પ્રદાન કરે છે. આથી, સંતકવિ નિષ્કુળાનંદ સ્વામીએ ધીરજને ધનની ઉપમા આપતાં એક કીર્તનમાં લખ્યું છે કે, 'ધીરજ સમ નહિ ધન રે સંતો...ધીરજ સમ નહિ ધન...'

આવતી કાલનું ભવિષ્ય



> 'બાળક આવતી કાલનું ભવિષ્ય છે. આ દુનિયામાં તેનું પ્રથમ પગલું છે. માટે તેને સાંભળો.' ખરેખર, મહાપુરુષો પ્રત્યેક વ્યક્તિની લાગણી અને માગણીને સમજી, તેને ન્યાય આપી રાજી કરી શકતા હોય છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ડૉ. એપીજે અબ્દુલ કલામ સાહેબ એક સમયે સારંગપુર પહોંચ્યા. ત્યારે ભીડમાં ઉભેલા એક બાળકને નજીક બોલાવ્યો. તેના હાથમાં એક ચીમળાઈ ગયેલો કાગળ હતો. બાળકે તે આપતા જણાવ્યું કે, 'મને આમાં સહી કરી આપો.' સાહેબે તત્કાળ તેમાં સહી કરી આપી અને ત્યારબાદ બોલ્યા કે, 'બાળક આવતીકાલનું ભવિષ્ય છે. આ દુનિયામાં તેનું પ્રથમ પગલું છે. માટે તેને સાંભળો.' ખરેખર, મહાપુરુષો પ્રત્યેક વ્યક્તિની લાગણી અને માગણીને સમજી, તેને ન્યાય આપી રાજી કરી શકતા હોય છે. તેઓને ખ્યાલ છે કે, 'આજનું બાળક એ આવતીકાલનું ભવિષ્ય છે.'

૧૯૯૫ના વર્ષમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો અમૃત મહોત્સવ મુંબઈ ખાતે શાનદાર રીતે ઉજવાયો હતો. જેમાં ૨૦૦ એકરમાં ભવ્ય નગર ઊભું કરવામાં આવ્યું હતું. કાર્યકરોની વિનંતીથી સ્વામીશ્રી નગરમાં તૈયાર કરેલી બાળનગરીમાં પધાર્યા. અહીં દસ વર્ષીય સુકેતુ કાપડમાંથી બનાવેલા ગુલાબપુષ્પોનો હાર પકડી સ્વામીશ્રીને આવકારવા તત્પર હતો. આ દુર્લભ લાભને ચિરંતન કરવા તેણે પોતાના દોસ્તને ફોટો ઝડપી લેવાનું પણ કહી રાખેલું.

પરંતુ, 'કેમેરાના રોલમાં ગરબડ સર્જાતાં ફોટો પડ્યો જ નથી.' આ સાંભળતાં જ એ બાળક રડવા લાગ્યો. મનોરથ ભાંગતાં તે પણ ભાંગી પડ્યો. અંતે, તે બાળકે 'મને ફોટો લાવી આપો'ની રઢવાળો કાગળ લખી જાતે જ સ્વામીશ્રીના ઉતારે આપી આવ્યો.

અમૃત મહોત્સવના ભરચક કાર્યક્રમોમાં સ્વામીશ્રીના હાથમાં બાળકનો આ પત્ર આવ્યો. તે વાંચી તેઓએ બાળકની ઈચ્છા પૂરી કરવા ચક્ર ચલાવ્યું. તેઓશ્રીએ ફોટોગ્રાફી સંભાળતા અધિકૃત વ્યક્તિને તે બાળકના ફોટા બાબતે પૂછ્યું. ત્યારે પ્રત્યુત્તર મળ્યો, 'આ મુલાકાતનો રેકોર્ડ અમદાવાદ પહોંચી ગયો છે.' સ્વામીશ્રીએ ત્યાંથી આ ફોટો મંગાવી બાળકને પહોંચાડવાની તાકીદ કરી. તે મુજબ થયેલી ગતિવિધિ પ્રમાણે આ ફોટો બે-એક અઠવાડિયા બાદ એ બાળકના હાથમાં આવ્યો ત્યારે તો તે આનંદના આકાશમાં ઊડવા લાગ્યો.

રાષ્ટ્રનું હિત કરનાર આ મહાપુરુષના આવા એક નહિ પરંતુ અનેક પ્રસંગો છે કે જેમાં તેઓએ નાના બાળકોને પણ ગંભીરતાથી લીધા હોય. એક વિરાટ સંસ્થાનું વહન કરનાર એક ત્યાગી સંતને ક્યાં બાળકોને આટલા ગંભીરતાથી લેવાની જરૂર હતી? છતાં, તેઓએ બાળકોને સર્વ પ્રકારે સંતોષ આપવાના પૂર્ણ પ્રયત્ન કર્યા. કારણ એટલું જ હતું કે તેઓ જાણતા હતા કે આ બાળકો જ આપણું ભવિષ્ય છે. બાળકો જો સંસ્કારયુક્ત થશે તો પરિવાર અને સમાજ સાચી દિશામાં ગતિ સાધશે. પરંતુ જ્યારે બાળકોની ઉપેક્ષા થાય છે ત્યારે પરિણામ આનાથી વિપરીત આપવે છે.

એક પ્રાથમિક શાળાની શિક્ષિકાએ પોતાનાં વિદ્યાર્થીઓને એક નિબંધ લખવા આપ્યો. નિબંધનો વિષય હતો. 'તમે ભગવાન પાસે શું માગવા ઈચ્છો છો?' વિદ્યાર્થીઓએ નિબંધ લખ્યા.


એ જ દિવસે સાંજે શિક્ષિકા પોતાના ઘરે વિદ્યાર્થીઓએ લખેલા નિબંધ તપાસવા બેઠી. એમાં એક નિબંધ વાંચીને તેની આંખોમાં આંસુ જોતાં તેને પૂછ્યું કે, 'શું થયું?' શિક્ષિકાએ કહ્યું કે, 'મારા વિદ્યાર્થીઓએ ભગવાન પાસેની માગણી નિબંધ સ્વરૂપે રજૂ કરી છે. જુઓ, આ વાંચો.'

પતિએ વાંચ્યું- 'હે ભગવાન, આજે હું તારી પાસે કાંઈક વિશેષ માગુ છું. મને TV બનાવી દો. જેનાથી મારા ઘરમાં મારું પોતાનું ચોક્કસ સ્થાન હોય. મારા કુટુંબીઓથી હું સદૈવ વીંટાળાયેલો રહી શકું. જ્યારે હું બોલું ત્યારે બધા મને ધ્યાનથી સાંભળે. હું બધાના આકર્ષણનું કેન્દ્ર બનું. મારી માંદગીમાં મારી વિશેષ કાળજી લેવાઈ. મારા પિતા ગમે તેટલા થાકેલા હોય તો પણ સાંજે મને મળે. મારી ઉપેક્ષા ન કરે. બસ, ભગવાન! મારી આ જ એક ઈચ્છા છે કે હું આખી જિંદગી મમ્મી-પપ્પાને સુખી કરતો રહું.' પતિએ વાંચીને કહ્યું કે, 'બિચારો બાળક! તેના વાલીઓ કેવા નિષ્ઠુર હશે?' પત્નીએ ઊંચું જોયું અને એટલું જ કહ્યુંકે, 'આ આપણો જ દીકરો છે.'

આ કેવળ ઉપરોક્ત દંપત્તીના ઘરની જ વાત નથી પણ આપણા ઘરની પણ હોય શકે છે. મોટેભાગે એવું જોવા મળે છે કે, આપણા ભવિષ્ય સમાન આપણાં સંતાનો આપણા જ દ્વારા અવહેલના પામે છે. તેઓની આપણને કિંમત નથી હોતી. તેઓને આપણે ગંભીરતાથી ક્યારેય લેતા જ નથી.

પરંતુ, મહાપુરુષો અહીંયા જુદા તરી આવે છે. આપણે પણ જો આપણા પરિવારમાં સુખ-સમૃદ્ધિ સ્થાપવા હશે તો બાળકોને સંસ્કાર આપવા જ પડશે અને એના માટે એમને ગંભીરતાથી લેવા જ પડશે.

હકીકતને સ્વીકારીને



વિદેશમાં વસતા એક ભારતીય પોતાની કંપની વતી મુંબઈ આવ્યા હતા. તાજ હોટલમાં ઉતારો હતો. કામ પતાવી તેઓ બીજા દિવસે નીકળી જવાના હતા, પરંતુ તે જ રાત્રે તેમની તબિયત અચાનક બગડી ગઈ. તત્કાળ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડૉક્ટરો અને સ્ટાફ સારી રીતે કાળજી રાખતા હતા. તેમની ખબરઅંતર પૂછવા મુંબઈના તેમના પરિચિત અગ્રણીઓ આવ્યા. સારામાં સારી રૂમમાં, બારીમાંથી દરિયાઈ નજારો નિહાળતાં તેઓ પલંગ પર આરૂઢ હતા.

પણ બધાને મળતાંવેંત જ તેઓ દુઃખી સ્વરે પોતાની વીતી કહેવા લાગ્યાઃ 'હજુ થોડો જ સમય થયો ત્યાં મારે આમ ત્રીજી વખત હોસ્પિટલમાં એડમિટ થવું પડ્યું છે. મને સમજાતું નથી કે શા માટે મારી સાથે વારે વારે આવું બને છે?' ક્ષણવાર તો કોઈ કંઈ બોલ્યું નહીં, પણ પછી એક અગ્રણીએ ધીમેથી કહ્યું, 'સાહેબ! તમે હોસ્પિટલમાં જ જન્મ્યા'તા.' અને આ સાથે જ તે ભાઈ સહિત સૌ ખડખડાટ હસી પડ્યાં!

જીવનમાં બધું જ આપણી ઈચ્છા પ્રમાણે બનતું નથી અને બનશે પણ નહીં. આપણી મરજી અનુસાર બધું બનતું હોય તો પરીક્ષામાં કોઈ નાપાસ થાય નહીં, બજારમાં મંદી ને જીવનમાં ઘડપણ ક્યારેય આવે નહીં; પરંતુ એવું ક્યારેય બનવાનું જ નથી. જે થવાનું છે તે તો થાય જ છે. તો પછી તેનું સુખદ ફળ કેવી રીતે ભોગવી શકીએ? જવાબ છે - હકીકતને સ્વીકારીને.

કૈકેયીએ રાજા દશરથ પાસે માગેલા વરદાન મુજબ ભગવાન શ્રીરામે વનમાં જવાનો નિર્ણય કર્યો. એ વખતની રામચંદ્રજીની સ્થિતિ વર્ણવતાં 'મહાનાટકમ્' ગ્રંથમાં લખ્યું છે :

આહૂતસ્યાભિષેકાય વિસૃષ્ટસ્ય વનાય ચ।
ન મયા લક્ષિતસ્તસ્ય સ્વલ્પોઽપિ આકારવિભ્રમઃ।।

જીવનમાં બનતી ઘટનાઓનો કોઈ તાર્કિક ક્રમ હોતો નથી. તે તો ગમે તેમ આવે, પણ તે ઘટનાઓ પ્રત્યે આપણો પ્રત્યુત્તર આપણા માટે સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, હળવાશ-ભાર વગેરે લઈ આવે છે

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

અર્થાત્ રામચંદ્રજીને રાજ્યાભિષેક માટે બોલાવવામાં આવ્યા અને બીજી ક્ષણે વનવાસ વેઠવાનું કહેવામાં આવ્યું, છતાં આ બંને પરિસ્થિતિને સ્વીકાર કરવામાં તેઓની મુખાકૃતિમાં લેશ પણ ફેરફાર દેખાયો નહીં.

કારણ કે રામચંદ્રજી જે સમજતા હતા, તેની વાત આજના આધુનિક જગત માટે પ્રસિદ્ધ લેખક સ્ટીવન કવિ કહે છેઃ 'we cannot always choose what happens to us, but we can choose our responses.'

અર્થાત્ 'શું થવું જોઈએ તેના કરતાં જે થયું છે તેમાં આપણે શું કરી શકીએ તે આપણા હાથમાં છે.' તેમાં 'સારું કરવું' કે 'ખરાબ' અથવા 'કંઈ ન કરવું' એના નિર્ણેતા આપણે સ્વયં છીએ.

બૉક્સિંગ રિંગમાં સામેવાળો કેવા પંચ મારશે તે તો તે જ નક્કી કરે. ત્યાં એવું ન કહેવાય કે ભાઈ! જરા ધીમેથી મારને. આપણો પ્રતિસાદ આપણા હાથમાં છે. કેવળ સામેવાળાના મુક્કા હાર-જીત નક્કી નથી કરતા, તેનો આધાર આપણે પણ એટલા જ છીએ.


માટે જીવનમાં બનતી ઘટનાઓનો કોઈ તાર્કિક ક્રમ હોતો નથી. તે તો ગમે તેમ આવે, પણ તે ઘટનાઓ પ્રત્યે આપણો પ્રત્યુત્તર આપણા માટે સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, હળવાશ-ભાર વગેરે લઈ આવે છે.

સન ૧૯૯૧માં પ્રમુખસ્વામી મહારાજ એક મહોત્સવ પ્રસંગે ગોંડલ વિરાજમાન હતા. સ્વામીજીને શુભેચ્છા પાઠવવા ભક્તોએ વિવિધ પુષ્પો અને દ્રવ્યોમાંથી હાર તૈયાર કર્યા હતા. સૌ વતી વરિષ્ઠ સંતો સ્વામીજીને હાર અર્પણ કરી રહ્યા હતા. તે ક્રમમાં પોપકોર્નમાંથી બનાવેલો એક હાર લઈ સ્વામીજી પાસે ગયા. પોપકોર્ન વજનમાં સાવ હળવું, તેથી તેમાંથી બનેલો હાર પણ ખૂબ જ હળવો હતો. થોડીક ક્ષણો બાદ ફરી વખત એક બીજો હાર પહેરાવવાનું પણ તે જ સંતને થયું. આ હાર વિવિધ પ્રકારનાં કઠોળમાંથી તૈયાર થયેલો. કઠોળ વજનદાર, તેથી બનાવેલો હાર પણ ખૂબ જ વજનદાર હતો. આથી તેઓએ સ્વામીશ્રીને જ પૂછ્યું, 'સ્વામીજી! આ હાર પહેરી નહીં શકાય, બહુ ભારે છે.'

હજુ તેઓ કંઈ આગળ બોલે તે પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજે હસતાં હસતાં કહ્યું, 'હળવું અને ભારે એ બંને જીવનનાં અવિભાજ્ય અંગો છે. હળવાની સાથે સાથે જો ભારે પણ સ્વીકારતાં આવડી જાય તો જીવનમાં સમસ્યા કે પ્રશ્નો ટળી જાય, માટે હળવું અને ભારે બંને સ્વીકારવાની તૈયારી રાખવી.'

મહાપુરુષો દ્વારા સહજ ઉચ્ચારાયેલા આવા શબ્દો આપણી જીવનનૈયાની સનાતન દીવાદાંડી બની રહે છે. આવાં સનાતન સત્યોને ધારવાથી આપણા વ્યક્તિગત કે જાહેર જીવનમાં આવતા પ્રશ્નોના ઝંઝાવાતો સામે આપણો સમજણરૂપી સ્તંભ સ્થિર રહે છે.

હકીકતને સ્વીકારીને



જીવનમાં બનતી ઘટનાઓનો કોઈ તાર્કિક ક્રમ હોતો નથી. તે તો ગમે તેમ આવે, પણ તે ઘટનાઓ પ્રત્યે આપણો પ્રત્યુત્તર આપણા માટે સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, હળવાશ-ભાર વગેરે લઈ આવે છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વિદેશમાં વસતા એક ભારતીય પોતાની કંપની વતી મુંબઈ આવ્યા હતા. તાજ હોટલમાં ઉતારો હતો. કામ પતાવી તેઓ બીજા દિવસે નીકળી જવાના હતા, પરંતુ તે જ રાત્રે તેમની તબિયત અચાનક બગડી ગઈ. તત્કાળ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડૉક્ટરો અને સ્ટાફ સારી રીતે કાળજી રાખતા હતા. તેમની ખબરઅંતર પૂછવા મુંબઈના તેમના પરિચિત અગ્રણીઓ આવ્યા. સારામાં સારી રૂમમાં, બારીમાંથી દરિયાઈ નજારો નિહાળતાં તેઓ પલંગ પર આરૂઢ હતા.

પણ બધાને મળતાંવેંત જ તેઓ દુઃખી સ્વરે પોતાની વીતી કહેવા લાગ્યાઃ 'હજુ થોડો જ સમય થયો ત્યાં મારે આમ ત્રીજી વખત હોસ્પિટલમાં એડમિટ થવું પડ્યું છે. મને સમજાતું નથી કે શા માટે મારી સાથે વારે વારે આવું બને છે?' ક્ષણવાર તો કોઈ કંઈ બોલ્યું નહીં, પણ પછી એક અગ્રણીએ ધીમેથી કહ્યું, 'સાહેબ! તમે હોસ્પિટલમાં જ જન્મ્યા'તા.' અને આ સાથે જ તે ભાઈ સહિત સૌ ખડખડાટ હસી પડ્યાં!

જીવનમાં બધું જ આપણી ઈચ્છા પ્રમાણે બનતું નથી અને બનશે પણ નહીં. આપણી મરજી અનુસાર બધું બનતું હોય તો પરીક્ષામાં કોઈ નાપાસ થાય નહીં, બજારમાં મંદી ને જીવનમાં ઘડપણ ક્યારેય આવે નહીં; પરંતુ એવું ક્યારેય બનવાનું જ નથી. જે થવાનું છે તે તો થાય જ છે. તો પછી તેનું સુખદ ફળ કેવી રીતે ભોગવી શકીએ? જવાબ છે - હકીકતને સ્વીકારીને.

કૈકેયીએ રાજા દશરથ પાસે માગેલા વરદાન મુજબ ભગવાન શ્રીરામે વનમાં જવાનો નિર્ણય કર્યો. એ વખતની રામચંદ્રજીની સ્થિતિ વર્ણવતાં 'મહાનાટકમ્' ગ્રંથમાં લખ્યું છે :

આહૂતસ્યાભિષેકાય વિસૃષ્ટસ્ય વનાય ચ।
ન મયા લક્ષિતસ્તસ્ય સ્વલ્પોઽપિ આકારવિભ્રમઃ॥

અર્થાત્ રામચંદ્રજીને રાજ્યાભિષેક માટે બોલાવવામાં આવ્યા અને બીજી ક્ષણે વનવાસ વેઠવાનું કહેવામાં આવ્યું, છતાં આ બંને પરિસ્થિતિને સ્વીકાર કરવામાં તેઓની મુખાકૃતિમાં લેશ પણ ફેરફાર દેખાયો નહીં.

કારણ કે રામચંદ્રજી જે સમજતા હતા, તેની વાત આજના આધુનિક જગત માટે પ્રસિદ્ધ લેખક સ્ટીવન કવિ કહે છેઃ 'we cannot always choose what happens to us, but we can choose our responses.'

અર્થાત્ 'શું થવું જોઈએ તેના કરતાં જે થયું છે તેમાં આપણે શું કરી શકીએ તે આપણા હાથમાં છે.' તેમાં 'સારું કરવું' કે 'ખરાબ' અથવા 'કંઈ ન કરવું' એના નિર્ણેતા આપણે સ્વયં છીએ.

બૉક્સિંગ રિંગમાં સામેવાળો કેવા પંચ મારશે તે તો તે જ નક્કી કરે. ત્યાં એવું ન કહેવાય કે ભાઈ! જરા ધીમેથી મારને. આપણો પ્રતિસાદ આપણા હાથમાં છે. કેવળ સામેવાળાના મુક્કા હાર-જીત નક્કી નથી કરતા, તેનો આધાર આપણે પણ એટલા જ છીએ.

માટે જીવનમાં બનતી ઘટનાઓનો કોઈ તાર્કિક ક્રમ હોતો નથી. તે તો ગમે તેમ આવે, પણ તે ઘટનાઓ પ્રત્યે આપણો પ્રત્યુત્તર આપણા માટે સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, હળવાશ-ભાર વગેરે લઈ આવે છે.

સન ૧૯૯૧માં પ્રમુખસ્વામી મહારાજ એક મહોત્સવ પ્રસંગે ગોંડલ વિરાજમાન હતા. સ્વામીજીને શુભેચ્છા પાઠવવા ભક્તોએ વિવિધ પુષ્પો અને દ્રવ્યોમાંથી હાર તૈયાર કર્યા હતા. સૌ વતી વરિષ્ઠ સંતો સ્વામીજીને હાર અર્પણ કરી રહ્યા હતા. તે ક્રમમાં પોપકોર્નમાંથી બનાવેલો એક હાર લઈ સ્વામીજી પાસે ગયા. પોપકોર્ન વજનમાં સાવ હળવું, તેથી તેમાંથી બનેલો હાર પણ ખૂબ જ હળવો હતો. થોડીક ક્ષણો બાદ ફરી વખત એક બીજો હાર પહેરાવવાનું પણ તે જ સંતને થયું. આ હાર વિવિધ પ્રકારનાં કઠોળમાંથી તૈયાર થયેલો. કઠોળ વજનદાર, તેથી બનાવેલો હાર પણ ખૂબ જ વજનદાર હતો. આથી તેઓએ સ્વામીશ્રીને જ પૂછ્યું, 'સ્વામીજી! આ હાર પહેરી નહીં શકાય, બહુ ભારે છે.'

હજુ તેઓ કંઈ આગળ બોલે તે પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજે હસતાં હસતાં કહ્યું, 'હળવું અને ભારે એ બંને જીવનનાં અવિભાજ્ય અંગો છે. હળવાની સાથે સાથે જો ભારે પણ સ્વીકારતાં આવડી જાય તો જીવનમાં સમસ્યા કે પ્રશ્નો ટળી જાય, માટે હળવું અને ભારે બંને સ્વીકારવાની તૈયારી રાખવી.'

મહાપુરુષો દ્વારા સહજ ઉચ્ચારાયેલા આવા શબ્દો આપણી જીવનનૈયાની સનાતન દીવાદાંડી બની રહે છે. આવાં સનાતન સત્યોને ધારવાથી આપણા વ્યક્તિગત કે જાહેર જીવનમાં આવતા પ્રશ્નોના ઝંઝાવાતો સામે આપણો સમજણરૂપી સ્તંભ સ્થિર રહે છે.

જીવતા માણસની ચિતા

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી



આપણા જીવનમાં પણ સળગતી ચિતાનાં કેટલાંક વિપરીત આશ્ચર્યો જોવા મળે છે : જેમ કે, આપણને ગમે છે 'ચોકસાઈ', પણ બહુધા 'ગાફલાઈ'થી જ ટેવાઈ ગયા છીએ...

આજે કોલેજનો છેલ્લો દિવસ હતો. નયનને કોલેજમાં જવાની ઉતાવળ હતી, કારણ કે આવતી કાલથી તે આંતરરાષ્ટ્રીય એક બેંકમાં ઈન્વેસ્ટમેન્ટ વિભાગમાં જોડાવાનો હતો. જેનું વાર્ષિક પેકેજ હતું ૬ લાખ રૂપિયાનું! માતા-પિતા પણ ગર્વભેર નયનને જોઈ રહ્યાં. નયને ઘરનું બારણું ખોલ્યું અને હેલ્મેટ લેવાનું યાદ આવ્યું. તેણે વિચાર્યુંઃ 'જવા દે, ચાલશે. પાછું રૂમમાં ક્યાં જવું? એક દિવસમાં શું વાંધો આવશે?' નીચે આવી બાઈકને કિક મારી તે સડસડાટ ઉપડ્યો. બાઈક હાઈવે પર આવી. એક ગાડીને ઓવરટેક કરી, પછી બીજી, ત્રીજી. ત્યારબાદ એક ખટારાને ઓવરટેક કરવા જતાં તે સાઈડમાંથી નીકળ્યો, પણ તે બાઈક પરથી ફંગોળાયો અને તેનું માથું ફૂટપાથની ધાર પર જોરદાર અથડાયું અને એ હોનહાર યુવાનનો જીવનદીપ ત્યાં જ બુઝાઈ ગયો! તેનાં માતા-પિતાનો આશાદીપ પણ જાણે ત્યાં જ આથમી ગયો. નયનને 'ચાલશે'ની ભારે કિંમત ચૂકવવી પડી. ખરેખર, આળસ કલાકોમાં નથી હોતી, સેકન્ડમાં જ હોય છે, પરંતુ તેની સજા જિંદગીભરની હોય છે, તેથી જ તે જીવતા માણસની ચિતા સમાન છે.

આપણા જીવનમાં પણ આ સળગતી ચિતાનાં કેટલાંક વિપરીત આશ્ચર્યો જોવા મળે છેઃ જેમ કે, આપણને ગમે છે 'ચોકસાઈ', પણ બહુધા 'ગાફલાઈ'થી જ ટેવાઈ ગયા છીએ. આપણને ગમે છે 'કાર્ય વ્યવસ્થિત કરવાનું', પણ ઘણીવાર 'બિનજરૂરી ઉતાવળ' કરી બેસીએ છીએ. આપણને ગમે છે 'ફળલક્ષી મનોવૃત્તિ', પણ તેને પામવા માટેનાં સાધન-પ્રક્રિયાને ક્યાંક 'ઠેલંઠેલાવૃત્તિ' રાખી દઈએ છીએ. અલબત્ત, આપણને ગમે છે તો શ્રેષ્ઠ જ, પણ વર્તી જવાય છે કનિષ્ઠ. આ છે આળસનું વિપરીત પરિણામ. ક્યાંક ઊંડે ઊંડે જો આપણને આળસ ગમતી હોય તો જ આ શક્ય બને, પણ યાદ રાખીએ, મહાભારતમાં કહ્યું છેઃ 'સુખં દુખાન્તમાલસ્યમ્.' આળસ સુખદ લાગે છે, પણ તેનો અંત દુઃખદ હોય છે.

એક શેઠનો ગુમાસ્તો પેઢીના આડતિયાને કામ સંબંધી કાગળ લખતો. એકવાર દીવામાં દિવેલ ખૂટી ગયું અને દીવો ઝાંખો પડી ગયો. આ જોઈ કો'ક બોલ્યું કે દીવામાં દિવેલ ખૂટી ગયું છે અને ગુમાસ્તાએ લખતાં લખતાં એ પણ લખી નાખ્યું! વળી, રોજના ક્રમ પ્રમાણે તે કાગળ લખ્યા બાદ વાંચી જતો, જેથી ભૂલચૂક સુધારી શકાય, પણ આજે તેની આળસે 'ચાલશે', આજે નહીં વાંચું તો. રોજ તો લખું છું, બધું બરાબર જ હોય છે' એમ સકંજામાં લીધો. કાગળ આડતિયાના હાથમાં પહોંચ્યો. તેણે વાંચ્યું કે દીવામાં દિવેલ નથી અને તેને વિચાર આવ્યો કે ગુમાસ્તાએ પોતાના શેઠની આર્થિક નબળાઈ આમ સાંકેતિક ભાષામાં લખી છે, પણ મને છૂપી ચેતવણી આપી છે. તેણે તરત અન્ય લેણદારોને વાત કરી, શેઠ પાસેથી પોતપોતાના પૈસા પાછા લેવડાવી દીધા. જોતજોતામાં બજારમાં આ વાત ફેલાઈ. જે લોકોએ શેઠને ત્યાં વ્યાજે પૈસા મૂક્યા હતા તે પણ આવ્યા અને પૈસા ઉપાડી ગયા. આમ, ગુમસ્તાની 'ચાલશે' વૃત્તિએ મોટો તગાદો કરતા શેઠને દેવાળું ફૂંકાવી દેવડાવ્યું! આથી જ કહેવાયું છેઃ 'દીર્ઘસૂત્રી વિનશ્યતિ'- આળસુ વ્યક્તિ વિનાશ નોતરે છે.

પરંતુ મહાપુરુષોના જીવનમાં આનાથી વિપરીત દેખાય. તેઓ પોતાના પ્રત્યેક પગલે આળસને ખંખેરતા જ રહ્યા છે. પ્રમુખસ્વામી મહારાજનું એક વિધાન ખરેખર યાદ રાખવા જેવું છે. તેઓ ઘણીવાર કહેતાઃ 'હમણાં કરવાનું કામ એક મિનિટ પછી કરો, તે પણ આળસ જ છે.'

એકવાર તેઓ પત્રલેખન કરી રહ્યા હતા. એક પછી એક પત્રો લઈ, વાંચી અને તેનો જવાબ લખી રહ્યા હતા. બધા પત્રોનો જવાબ અપાઈ જતાં તેઓએ પેન બાજુમાં મૂકી. ત્યાં જ એક સંતે પત્રની બીજી થપ્પી સ્વામીને આપી. સ્વામી સસ્મિત ફરી તે કાર્યમાં પરોવાઈ ગયા. ચીવટ અને ચોકસાઈથી સતત એકધાર્યું પત્રલેખન કરી રહેલા સ્વામીજીને નિહાળી અન્ય એક સંતે તેઓને વિનંતી કરી, 'સ્વામી, હવે આપ આરામ કરો, પત્રનો જવાબ તો પછી પણ અપાશે.'


ત્યારે સ્વામી કહે, 'પત્ર લખનાર કાગડોળે જવાબની રાહ જોતા હોય અને આપણે બેસી રહીએ એ કેમ ચાલે? જો અત્યારે આ થપ્પીનો જવાબ નહીં આપું તો આવતી કાલે બીજા નવા કાગળો ઉમેરાશે અને થપ્પી વધુ મોટી થશે. માટે આજનું કામ આજે જ કરી લેવું સારું.'

ખરેખર, મહાપુરુષો પોતાના જીવનમાં ક્વચિત પણ આળસને અવકાશ આપતા નથી, તેથી જ તેઓ સર્વાંગે સફળ રહી શકે છે.

મોટાની મોટપનાં માપ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



> **આપણે પણ દેશના વિકાસ માટે, જીવનને સફળ બનાવવા માટે અને ભવિષ્યને ઉજ્જવળ બનાવવા આપણી સંસ્કૃતિ અને શાસ્ત્રોએ આપેલા નિયમોનું પાલન દૃઢતાપૂર્વક કરવું જોઇએ**

આ જે વાત કરવી છે, ગુલઝારીલાલ નંદાની. જેઓએ સન ૧૯૬૩થી ૧૯૬૬ સુધી ભારતના ગૃહમંત્રી તરીકેની ફરજ બજાવી હતી. વળી, તેઓ સન ૧૯૬૪માં વડાપ્રધાન નહેરુના નિધન પછી અને સન ૧૯૬૬માં લાલ બહાદુર શાસ્ત્રીના મૃત્યુ પછી એમ બે વાર ભારતના કાર્યકારી વડાપ્રધાન પણ બન્યા હતા.

સન ૧૯૫૯માં તેઓ ભારતની બહાર જીનિવા ખાતે એક અગત્યની મંત્રણા માટે ગયેલા. તે દેશના ઠંડા વાતાવરણે તેઓને ભરડામાં લીધા અને તેઓ બીમાર પડ્યા. ત્યાંના અંગ્રેજ ડોક્ટરે તેઓને આ દેશમાં કાતિલ ઠંડીથી બચવા માટે દારૂ પીવાની ભલામણ કરી, પણ નંદા સાહેબે ગુરુ શાસ્ત્રીજી મહારાજ પાસેથી દારૂ ન પીવાનો નિયમ લીધો હતો. આથી ડોક્ટરની વાત સાંભળતાં જ નંદા સાહેબ બોલી ઊઠ્યા કે, 'એ શક્ય નહીં બને, શરીરનું જે થવાનું હોય તે થાય, પરંતુ દારૂ તો નહીં જ પીવાય.'

આ નિયમની સાથે તેઓએ ધાર્મિક ગ્રંથ 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'નો પાઠ કરીને પછી જ અન્ન અંગીકાર કરવાનો નિયમ પણ હતો. એક દિવસ તેઓને અમદાવાદમાં અંબાલાલભાઈ સારાભાઈના ઘરે વહેલી મીટિંગમાં જવાનું થયું. મીટિંગ દરમિયાન નાસ્તો આવ્યો, પણ સૌના આશ્ચર્ય વચ્ચે તેઓએ તે અંગીકાર ન કર્યો. પછીથી સૌને ખ્યાલ આવ્યો કે, તેઓને 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'નો પાઠ કરવાનો બાકી હતો. જ્યારે અંબાલાલભાઈએ તેઓ માટે આ ધાર્મિક ગ્રંથો એમના નિવાસેથી મંગાવ્યા, ત્યારે તેનો પાઠ પૂર્ણ કરીને પછી જ નંદા સાહેબે અલ્પાહાર સ્વીકાર્યો.

આટલું મોટું વ્યક્તિત્વ હોવા છતાં જ્યારે પોતાના નાના સરખા નિયમોને પણ નેવે મૂકવાની વાત આવી ત્યારે તેમાં તેઓ ન માન્યા, કારણ કે તેઓ નિયમ-પાલનના તત્ત્વ-સત્ત્વને જાણતા-માણતા હતા. મોટાની મોટપ નાના નિયમોની ટેક રાખવામાં જ પ્રગટ થતી હોય છે.

તા. ૨૧-૪-૧૯૮૩ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ વડોદરામાં હતા. આજે રામનવમી હોવાથી તેઓને નિર્જળ ઉપવાસ હતો, પરંતુ ૬૩ વર્ષની ઉંમરે અઢી મહિના પહેલાં જ આવેલા હૃદયરોગના હુમલા પછી કરાતો નિર્જળ ઉપવાસ તેઓના સ્વાસ્થ્યને હાલાકી પહોંચાડે તેમ હતો. આથી ઉપવાસના દિવસની સવારે સંતોએ તેઓને વિનંતી કરી, 'સ્વામી! આપની તબિયત સારી નથી, એટલે આ ઉકાળો પીઓ તો સારું.' સ્વામીશ્રીએ મક્કમતાપૂર્વક ના કહી. છતાં સંતોનો આગ્રહ ચાલુ રહ્યો ત્યારે વધુ દૃઢતાધારી તેઓ બોલ્યાઃ 'સારું તો થઈ જ ગયું છે. આથી કેટલું સારું કરવું છે? આપણે ઓછા કૂદકા મારવાના છે? મહારાજની દયાથી સારું થઈ ગયું છે તો આજે તેમના જન્મદિવસે આપણે ઉપવાસ કરીએ તો ભક્તિ થાય.' 'ડોક્ટરને પૂછી લઈએ.' 'આજે ડોક્ટર કહેશે તો પણ નહીં જમું.'

સ્વામીશ્રીની આ અડગતા આગળ માત થઈને સૌ ઓરડાની બહાર આવી ગયા. તે વખતે સંસ્થાના કેટલાક આગળ પડતા સંતો-હરિભક્તોએ સ્વામીશ્રીને પુનઃવીનવ્યા. સ્વામીશ્રીએ પ્રથમ તો તેઓને પણ 'રાજી થૈને સહુ રજા આપો, મારી મરજી તમે ન ઉથાપો...'ની રીતે ઉપવાસ કરવા દેવા આજીજી કરી, પરંતુ આ બાબતે તો નમતું જોખી જોખમ ઉઠાવાય એમ જ નહોતું. તેથી સૌએ વિનંતીનો મારો ચાલુ રાખતાં સ્વામીશ્રીએ ગોળી ગળવા પૂરતો એક વાટકી ઉકાળો અત્યંત અરુચિ સાથે ગ્રહણ કર્યો.

આજે ૨૧મી સદીમાં માણસ નાના-મોટા નિયમોમાં બાંધછોડ કરવામાં લેશ ખચકાતો નથી, પરંતુ જેમ પાણી ભરેલા સરોવરની પાળમાં એક કાણું પડ્યું હોય અને પાણી સ્રવી જતું હોય તે ધીમે ધીમે પાળો ધોઈ નાંખે છે. તેમ માણસે ગમે એટલા સદ્‌ગુણો પ્રાપ્ત કર્યા હોય, પણ નિયમ ટેક શિથિલ થઈ જાય તો પ્રાપ્ત સદ્‌ગુણો પાણીની જેમ સ્રવી જાય છે.

ગુજરાતના આદરણીય ચિંતક અને સાહિત્યકાર કિશોરલાલ મશરૂવાળા લખે છે, 'સામાન્ય પુરુષ જેટલા જ મારામાં વિકારો ભરેલા છે અને તે સામે ઝઘડો ચાલુ રાખવો જ પડે છે. છતાં મારી આજ સુધી રક્ષા થઈ છે તેનું કારણ ઈશ્વરકૃપા ઉપરાંત, હું આનું કારણ કેવળ એક જ માનું છું સદાચારના સ્થૂળ નિયમો-દૃષ્ટિ અને સ્પર્શ મર્યાદા, વાંચન સંબંધી સાવચેતી અને સ્ત્રીઓ સાથે એકાંતવાસ ન સેવવો વગેરેનું પાલન.'

આવો, આપણે પણ દેશના વિકાસ માટે, જીવનને સફળ બનાવવા માટે, દરેક કાર્યને ફળીભૂત કરવા માટે અને ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે આપણી સંસ્કૃતિ અને શાસ્ત્રોએ આપેલા નિયમોનું પાલન દૃઢતાપૂર્વક કરવા માટે કટિબદ્ધ થઈએ.

કોણ દુઃખી કરે છે?



> **ખરેખર, સુવિધા કે સાનુકૂળતા ગમે એટલી હોય, વ્યક્તિના મનમાં જ્યાં સુધી પરિસ્થિતિને સ્વીકારીને સહન કરવાની વૃત્તિ નથી જાગતી ત્યાં સુધી તેના દુઃખનો કોઈ છેડો આવતો નથી**

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એકવાર એક શ્રીમંત યુગલ ટ્રેનમાં એ.સી. ડબ્બામાં પ્રવેશ્યું. બંને હજુ નિર્ધારિત સ્થાને ગોઠવાય ત્યાં તો પત્નીએ મનના ઝોળામાંથી ફરિયાદનો કચરો ઉથામવો શરૂ કર્યો. 'સફાઈ બરાબર નથી.' 'સીટનાં કવર બરાબર નથી', 'A. C. બરાબર નથી' વગેરે વગેરે. જોતજોતામાં તેણીએ આખા કમ્પાર્ટમેન્ટને માથે લઈ લીધું. આ બાઈનું તાંડવ જોઈ સહપ્રવાસીઓનાં ભવાં અને મન ઊંચાં ચઢી ગયેલાં. ત્યાં એક સજ્જને આ વાતાવરણ ફેડવા વાત આરંભી.

તેમણે બાઈ સાથે આવેલા તેના ધણીને પૂછ્યું, 'તમારે શેનો વ્યવસાય છે?'

'અમારે બંનેને પ્રોડક્શનનું કામકાજ છે.' પતિએ જવાબ આપ્યો.

પતિએ સ્પષ્ટતા કરી, 'ના, હું સાબુ બનાવું છું અને મારી પત્ની રોજ નવું દુઃખ ઊભું કરે છે!'

ખરેખર, સુવિધા કે સાનુકૂળતા ગમે એટલી હોય, વ્યક્તિના મનમાં જ્યાં સુધી પરિસ્થિતિને સ્વીકારીને સહન કરવાની વૃત્તિ નથી જાગતી ત્યાં સુધી તેના દુઃખનો કોઈ છેડો આવતો નથી. વરસાદ થોડો વધુ પડે, ગરમીનો પારો થોડો ઉપર ચઢે, કોઈ આપણી ઉપેક્ષા કરે, અરે! આપણી સામું ન જુએ કે પછી સોશિયલ મીડિયામાં આપણા ફોટાને લોકચાહના ઓછી મળે, આવી બાબતો પણ માણસને દુઃખી કરવા માટે પૂરતી છે. આની સામે જેની પાસે સહન કરવાની ક્ષમતા છે, એને દુનિયામાં કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિ દુઃખી કરી શકતી નથી. જે સહન કરે છે, તેને એ સમયે તો શોષાવું પડ્યું એમ લાગે છે, પણ જો એમાં સમજદારીનું બળ હોય તો તે વ્યક્તિને અંતરમાં શાંતિ રહે છે, એટલું જ નહીં, સમય જતાં સમાજમાં પણ સૌના આદર અને પ્રેમનું પાત્ર બને છે. અત્યાચાર કરનાર અંતે હારે છે અને સહન કરનાર જીતે છે.

આ સત્યને પુષ્ટ કરતું આપણા સમયનું એક ઉત્તમ ઉદાહરણ હોય તો એ છે દક્ષિણ આફ્રિકાના લોકનેતા નેલ્સન મંડેલા. સતત અન્યાય, ઉપેક્ષા અને અત્યાચારનો ભોગ બનેલા શ્રી મંડેલા વિકટ પરિસ્થિતિમાં ટકી શક્યા એમની સહન કરવાની અને સવળું વિચારવાની શક્તિના આધારે. તેઓના જીવનમાં ચિત્ર-વિચિત્ર કેવી-કેવી પરિસ્થિતિઓનું નિર્માણ થયું હતું! ઈ.સ. ૧૯૬૧માં કોઈ પણ પુરાવા વિના તેઓને ૫ વર્ષ સુધી જેલની સજા ફટકારવામાં આવી અને પછી આ જેલવાસ લંબાતો ગયો. ૨૩-૨૩ કલાક એવી કોટડીમાં પુરાઈ રહેવાનું, જેમાં સૂર્યનું કિરણ પણ પ્રવેશી ન શકે. સમય જોવા ઘડિયાળ પણ નહિ, દિવસ છે કે રાત તેનો અંદાજો પણ કાઢી ન શકાય. એવી જગ્યાએ સૂવાનું, જેમાં માથું અને પગ બંને દીવાલે અડી જાય! એવી બિહામણી એકલતા. આવી હાડમારી સતત ૨૮-૨૮ વર્ષ સુધી! આમ છતાં તેઓને કયું મનોવલણ કામ લાગ્યું એ તેમના શબ્દો પરથી સમજાય છે. જ્યારે ૧૧-૦૨-૧૯૯૦ના રોજ શ્રીનેલ્સનને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા ત્યારે બહાર આવતાવેંત થયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેઓએ જણાવ્યું હતું કે, 'લોકોને એ જાણવાની ઈંતેજારી છે કે શ્વેત પ્રજાએ મને હેરાન કર્યો તો તે બદલ મારું શું મંતવ્ય છે? લોકોને એમ છે કે મને એમના પ્રત્યે ઘૃણા હશે, પણ એવું નથી.'

જોન વોસ્ટર નામના એક જેલરે તેઓની મારી નાંખવા સુધીના પ્રયાસો હાથ ધર્યા હતા. તે અંગે જ્યારે શ્રી મંડેલાને પૂછ્યું ત્યારે તેઓએ જણાવ્યું હતું કે, 'He was a very decent man.' અર્થાત્ તે ખૂબ સારો માણસ હતો. 'શ્રી મંડેલાના આવા સહિષ્ણુ વલણે તેઓને સામાન્યમાંથી મહાન બનાવી દીધા. આથી જ ૫ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ જ્યારે નેલ્સન મંડેલાનું અવસાન થયું ત્યારે ૧૮૦ જેટલા વિભિન્ન દેશના મુખ્ય અને પૂર્વ પ્રધાનો, UNO જેવી ૧૦૦ વિશ્વસ્તરીય સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત ૪૫,૦૦૦ લોકો તેઓની અંતિમ વિધિમાં ઉપસ્થિત રહ્યા હતા. તો શ્રી મંડેલામાં એવું શું વિશેષ હતું કે દેશ-દુનિયાના ખૂણે-ખૂણેથી લોકો ખેંચાઈ આવ્યા? જવાબ છે - તેઓશ્રીની સહનશીલતા!

જે કષ્ટોને જીરવી જાણે છે, તે માનવ 'મહામાનવ' બને છે. જોકે, આપણી મહાન સંસ્કૃતિએ એનાથી પણ આગળ 'સંતવૃત્તિ'ની વાત કરી છે. પોતાનું જાણી જોઈને અહિત કરનારની ફક્ત સહન કરવાની જ વાત નહિ, માફ કરવાની વાત જ નહીં, ભૂલી જવાની જ વાત નહિ, પરંતુ એમનું ભલું ઈચ્છવાની અને ભલું કરવાની વાત અને એ પણ સામેવાળાને જાણ પણ ન થાય એ રીતે.

આમ જોતાં આ દુનિયામાં એવી એક પણ વ્યક્તિ નથી જે આપણને દુઃખી કરી શકે. જો આપણે સંતના માર્ગે ચાલીને બધું સહન કરતા, માફ કરતા અને સૌનું ભલું ઈચ્છતા શીખી જઈએ.

વ્યક્તિ અગત્યની છે, વસ્તુઓ નહીં

+ વાઈબ્સ
ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

કાર્ય કે રૂપિયા સાથે એટલો બધો લગાવ થઈ જાય કે તેના કારણે આપણે આપણા અંગત સ્વજનો અથવા જેની સાથે કામ કરવાનું છે તેવા કર્મચારીઓ સાથેના સંબંધોનો ભોગ આપી દઈએ

એક શ્રીમંત પિતાએ પોતાના ઘરની બહાર ખૂબ જતનથી એક બગીચો ખીલવ્યો હતો. નિયમિત તે બગીચામાં ઉગાડેલા છોડવાઓની માવજત માટે જતા. એક દિવસ વહેલી સવારે તે બગીચાની અંદર મશીનથી નકામું ઘાસ દૂર કરતા હતા. તે વખતે તેનાં નાનાં બાળકો પણ આ બગીચામાં આનંદ કિલ્લોલ કરતાં હતાં. પિતાના ફોનની રિંગ વાગી. તેઓ વાત કરવામાં વ્યસ્ત થયા અને બાળકોના હાથમાં ઘાસ કાપવાનું મશીન આવી ગયું. બંને છોકરા રમતે ચઢ્યાં. ઘાસની સાથે મશીન છોડવાઓ પર પણ ફેરવી નાંખ્યું. આ બાજુ ફોન પૂરો થતાં પિતાની નજર છિન્નભિન્ન થયેલા છોડવાઓ પર પડી. જાણે વીજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ તેઓ સ્તબ્ધ થઈ ગયા. કેટલાય સમયની મહેનતથી ઉછેરેલ છોડવાઓની આ દશા જોઈ મગજ તપી ગયું. બગીચા માટેનો તેમનો પ્રેમ ગુસ્સામાં પરિવર્તન પામ્યો. તેમણે બંને બાળકોને ધોલધપાટ કરી, ઊંચા સાદે બાળકોની ઝાટકણી કાઢતા પિતાનો અવાજ સાંભળતા, બાળકોની માતાએ રસોડાની બારીમાંથી પરિસ્થિતિને પામી જોરથી સાદ પાડ્યો, 'સાંભળો છો!' આપણે છોકરા ઉછેરવાના છે છોડવા નહીં!



જીવનની અંદર ક્યારેક એવું બને કે આપણને વસ્તુ, કાર્ય કે રૂપિયા સાથે એટલો બધો લગાવ થઈ જાય કે તેના કારણે આપણે આપણા અંગત સ્વજનો અથવા જેની સાથે કામ કરવાનું છે તેવા કર્મચારીઓ સાથેના સંબંધોનો ભોગ આપી દઈએ, પણ યાદ રહે વસ્તુ, કાર્ય કે રૂપિયાનું આયુષ્ય અલ્પ છે જ્યારે સંબંધોનો નાતો લાંબા ગાળાનો હોય છે. પરિવાર હોય કે કોર્પોરેટ વર્લ્ડ, જીવનની મજા આપણી પાસેની સંપત્તિ કે સત્તાથી નહીં, પણ આપણા લોકો સાથેના સંબંધો કેટલા મીઠાશભર્યા છે તેનાથી આવતી હોય છે. એટલે જ એક સજ્જન વ્યક્તિ તરીકે આપણું લક્ષ્ય પ્રોજેક્ટની સફળતા કે વસ્તુઓની મહત્તાની સાથે સાથે આપણા માણસોની જરૂરિયાત અને તેમની કાળજી પર વધુ હોય તો અનિવાર્ય છે.

પશ્ચિમ જગતમાં ખૂબ પ્રસિદ્ધિ પામેલ સુવાક્ય છે, 'People don't care how much you know untill they know how much you care' લોકોને એ પડી નથી કે તમે કેટલું જાણો છો, જ્યાં સુધી લોકોને એ ખબર ન પડે કે તમને એમની કેટલી પડી છે! આજે આ સત્યને મોટી મોટી મલ્ટિનેશનલ કંપનીઓ પણ સારી રીતે સમજે છે. તેઓ પોતાના કર્મચારીઓની સંભાળ પરિવારના સદસ્યની માફક રાખે છે. તેના સુખ-દુઃખના પ્રસંગમાં સાથે રહી તેની સાથે લાગણીઓથી જોડાય છે. એક સધ્ધર ઈમોશનલ બેંક એકાઉન્ટ ઊભું કરે છે. એટલે તે કંપનીના માણસો તેની કંપનીને શ્રેષ્ઠ વળતર આપે તેમાં શંકા નથી.

લાખોના ભક્તસમુદાયનું નેતૃત્વ કરતા પ્રમુખસ્વામી મહારાજ પોતાના ભક્તોના અંગત જીવનમાં ઊંડાણપૂર્વક રસ લેતા. માત્ર ભક્તોના આધ્યાત્મિક વિકાસની નહીં, પણ તેઓની શારીરિક, માનસિક અને વ્યાવહારિક ચિંતા પણ તેઓ કરતા. એકવાર પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને પુરુષોત્તમપુરા ગામના હરિભક્ત તુલસીભાઈ આવેલા. તેઓની આંખની તકલીફથી વાકેફ પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું: તમને આંખે કેમ છે? દિવસ દરમિયાન હજારો ભક્તોને મળવા છતાં સ્વામીશ્રી પ્રત્યેકના નાના-મોટા પ્રશ્નોને યાદ રાખી શકતા. વળી, સમયે સમયે ખબર અંતર પૂછી વ્યક્તિને પ્રેમાળ હૂંફથી ભરી દેતા. સ્વામીશ્રીને પ્રત્યુત્તર આપતા તુલસીભાઈએ કહ્યું, 'હવે આ ચશ્માંથી બરાબર દેખાતું નથી.' આ સાંભળતાં પ્રમુખસ્વામી મહારાજે પોતાનાં ચશ્માં મંગાવીને કહ્યું: 'તમે આ રાખી લો.' એમ કહી સ્વહસ્તે પોતાનાં તુલસીભાઈને ચશ્માં પહેરાવ્યાં. પછી પૂછ્યું, 'બરાબર દેખાય છેને?' તુલસીભાઈએ 'હા' પાડી. ત્યારે સ્વામીશ્રીને સંતોષ થયો. જીવનનાં સુખ-દુઃખમાં સ્વામીશ્રીનો સાથ હાથ અને સંગાથ સૌ અનુભવતા.

ડૉ. અબ્દુલ કલામે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે હું પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી એ શીખ્યો છું કે તેઓ સતત એક વિચાર રાખે છે: 'What can I give?' લોકો સાથે કામ કરતી વખતે બહુધા આપણો દૃષ્ટિકોણ 'હું બધા પાસેથી મહત્તમ કામ કેવી રીતે લઈ શકું? તેની પર હોય તે સમજી શકાય તેવી બાબત છે, પણ મહાન પુરુષોની બાબત એ છે કે તેઓ સતત એમ વિચારતા રહે છે કે, 'હું બીજાને શું આપી શકું?' વ્યક્તિને મહત્તા આપવાથી આપણું ઈમોશનલ બેંક એકાઉન્ટ વધુ સધ્ધર થશે.

સાચી દયા કોને કહેવાય?

એક વખતની વાત છે. ગુજરાતના એક નાનકડા ગામમાં રાજુ નામનો એક ગરીબ છોકરો રહેતો હતો. તેના પિતા ખેતમજૂરી કરતા અને માતા ઘરમાં કામકાજ સંભાળતી. ગરીબી હોવા છતાં રાજુ ખૂબ મહેનતી અને સદગૃહી સ્વભાવનો હતો. તેને બાળપણથી જ પોતાના શિક્ષકો પાસેથી એક વાત સાંભળેલી કે, 'સાચી માનવતા એ છે કે તું બીજાનું દુઃખ સમજે અને શક્ય હોય તેટલી મદદ કરે.' આ વાક્યે તેના હૃદયમાં ગાઢ છાપ મૂકી હતી.

એક દિવસની વાત છે. રાજુ શાળાએ જતો હતો. રસ્તો લાંબો હતો, પણ રાજુને ક્યારેય થાક લાગતો ન હતો, કારણ કે તે શાળાના અભ્યાસમાં ખૂબ જ રસ લેતો. રસ્તામાં એક મોટા વૃક્ષની છાયામાં તેને એક ઘાયલ કૂતરો પડેલો દેખાયો. કૂતરાના પગમાંથી લોહી વહેતું હતું. લોકો રસ્તેથી આવતા-જતા હતા, પરંતુ કોઈ થોભતું ન હતું. કેટલાક લોકો કૂતરાને તિરસ્કારથી જોઈને દૂર થઈ જતા.

રાજુનું દિલ પીગળી ગયું. તે તરત જ ત્યાં દોડી ગયો. તેણે પોતાની પાણીની બોટલમાંથી કૂતરાને પાણી પીવડાવ્યું. કૂતરાએ થોડી આંખો ખોલીને રાજુને જોયો અને પૂંછડી હલાવવાનો પ્રયત્ન કર્યો. રાજુએ પોતાના રૂમાલથી કૂતરાના ઘા પર પાટો બાંધ્યો. એણે પોતાનું ટિફિન પણ કાઢ્યું અને કૂતરાને થોડું ખાવાનું આપ્યું.

એ જ સમયે એક વૃદ્ધ પુરુષ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમણે જોયું કે આ નાનો છોકરો કૂતરાની સેવા કરી રહ્યો છે. તેઓ થોડો સમય ઊભા રહી નિહાળતા રહ્યા. પછી રાજુની પાસે આવીને બોલ્યાઃ

'બેટા, તું જે કરી રહ્યો છે એ બહુ મોટું કાર્ય છે. મોટા માણસ બનવા માટે ધન કે પદવીની જરૂર નથી, પરંતુ દયાળુ હૃદયની જરૂર છે.'

રાજુએ વિનમ્રતાથી કહ્યુંઃ

'બાપુજી, આ બિચારું પ્રાણી બોલી શકતું નથી. એના દુઃખને સમજવું અને મદદ કરવી આપણી ફરજ છે. જો હું એને અવગણું તો મારા વાંચેલા પાઠોનો શું ઉપયોગ?'

વૃદ્ધ પુરુષ પ્રસન્ન થઈ ગયા. તેઓ ગામના જ્ઞાની માણસ હતા અને ગામમાં ખૂબ માન ધરાવતા હતા. તેમણે રાજુને આશીર્વાદ આપ્યા અને કહ્યુંઃ

'હું તારી મદદ કરીશ. તું અભ્યાસમાં આગળ વધે, એ માટે તને કોઈ અડચણ નહીં આવે.'



કૂતરાના પગમાંથી લોહી વહેતું હતું. લોકો રસ્તેથી આવતાં-જતાં હતા, પરંતુ કોઈ થોભતું ન હતું. કેટલાક લોકો કૂતરાને તિરસ્કારથી જોઈને દૂર થઈ જતા. રાજુનું દિલ પીગળી ગયું. તે તરત જ ત્યાં દોડી ગયો

કેટલાક દિવસ પછી વૃદ્ધ પુરુષે રાજુના પિતાને મળી તેની અભ્યાસની જવાબદારી સ્વીકારી. તેમણે રાજુને પુસ્તકો, ફી અને જરૂરી સામાનમાં સહાય કરી. રાજુએ મહેનતપૂર્વક અભ્યાસ કર્યો અને વર્ષો પછી ડોક્ટર બન્યો.

+ વાઈબ્સ

ડોક્ટર બન્યા પછી પણ રાજુ ક્યારેય પોતાના બાળપણની એ ઘટના ભૂલ્યો નહીં. તે દર્દીઓને માત્ર દવાઓ જ આપતો નહોતો, -પણ એમની સાથે સહાનુભૂતિપૂર્વક વાત કરતો, એમનું મનોબળ વધારતો. તેના હોસ્પિટલના દરવાજા પર એક વાક્ય લખેલું હતું,

'સાચું શિક્ષણ એ છે કે બીજાનું દુઃખ સમજીને મદદ કરવી.'

તેની આ માનવતાભરી સેવા માટે લોકો એને ખૂબ પ્રેમ કરતા. રાજુનો જીવનમંત્ર હતો, 'દયા ક્યારેય વ્યર્થ નથી જતી. એક નાનું સદ્કર્મ પણ બીજાના જીવનમાં પ્રકાશ લાવી શકે છે.'

આ વાર્તા આપણને શીખવે છે કે દયા, સહાનુભૂતિ અને સદ્ભાવના જ જીવનની સાચી સંપત્તિ છે. ધનદોલત કે પદવીઓથી માણસ મોટો નથી થતો, પરંતુ તેના હૃદયમાં રહેલી માનવતા તેને મહાન બનાવે છે. અલબત્ત, આપણે આપણી માનવતા માત્ર મનુષ્યો પર જ નહીં, પરંતુ જીવસૃષ્ટિનાં તમામેતમામ જીવ-જંતુઓ અને પશુ-પંખીઓ પર રાખવી ખૂબ જ જરૂરી છે, કારણ કે પૃથ્વી પરનાં જીવ-જંતુઓ અને પશુ-પંખીઓ તો અબોલ છે, તેઓ તેમનું દર્દ તમને કેવી રીતે જણાવી શકશે? પ્રાણીજગતના દર્દને જાણવા માટે તમારે તેમની આંખો વાંચવી જોઈએ, તમને તેમની આંખોમાં ખુશી અને દર્દ બંને દેખાશે. બસ, તમારે તેમનાં દર્દ વાંચીને તેમની મદદ કરવાની છે.

ઘર્ષણમુક્ત જીવન જીવવાની શ્રેષ્ઠ દવા

'હજી પત્યું નથી. બધા પાંચ મિનિટ બેસો. વેરઝેર ભૂલી જવું એ કરોડ રૂપિયા બરાબર છે. હવે ભવિષ્યમાં એકબીજાની આંટી કે રાગ-દ્વેષ છે, એ ભૂલી જવાં. વેરથી વેર વધે છે. હવે એ કાણ કાઢવી નહીં

+ વાઇબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પહેલાંના સમયમાં રસોઈ માટેનો જરૂરી અગ્નિ બે પથ્થરોના ઘર્ષણથી મેળવાતો તેમજ રોગોના નિદાન માટેની જરૂરી ઔષધી યોગ્ય વનસ્પતિઓનું ઘર્ષણ કરીને ઉપચાર માટે ઉપયોગમાં લેવાતી. તદુપરાંત આપણી રોજિંદી ક્રિયાઓ જેમ કે, ચાલવું, દોડવું, જમવું આ બધું પણ ઘર્ષણને લઈને જ શક્ય બને છે.

પરંતુ બે ભાઈઓ વચ્ચે થતા ઘર્ષણથી સર્જાતી તારાજી; બે પરિવારો વચ્ચે થતા ઘર્ષણથી સર્જાતો ભૂકંપ તેમજ પિતા-પુત્ર, વહુ-સાસુ વચ્ચે થતા ઘર્ષણથી ખડકાતી દીવાલો જે તે વ્યક્તિને બરબાદ કરનારી જ પુરવાર થાય છે. કોઈ કારણોસર અહં-મમત્વને લઈને સર્જાતો કલહ-કંકાસ અશાંતિ અને અજંપાને જ નોતરે છે.

તો શું એવી કોઈ દવા છે કે જેનાથી ઘર્ષણમુક્ત જીવન જીવી શકાય?

હા, છે દવા. જે મેળવીએ એક પ્રસંગ દ્વારા.



એક ભાઈને ઢીંચણમાં સતત દુખાવો રહેતો હતો. ઘણા ઉપચારો કર્યા પછી પણ આ દુખાવો દૂર થતો જ નહોતો. ચાર વર્ષ સહન કર્યા બાદ છેવટે તેઓ એક મનોચિકિત્સક પાસે ગયા. બધું તપાસ્યા બાદ મનોચિકિત્સકે પૂછ્યું કે, 'તમારે કોઈ સાથે રાગ-દ્વેષ કે વેર છે. તો તે કહે, 'હા, મારા ભાઈને મેં ૫૦૦ ડોલર આપ્યા હતા, પરંતુ તે પાછા આપતો નથી. વળી કહે છે કે મેં તેને ડોલર આપ્યા જ નથી.' યોગ્ય નિદાન આપતાં ડોક્ટરે કહ્યું, 'તમે એમની માફી માંગી લો.' તો પેલો ભાઈ કહે, 'હું એની માફી માગું? ભૂલ એની અને માફી મારે માગવાની?' એમ કહી ગુસ્સે થતો ઘરે જતો રહ્યો, પરંતુ દુખાવો વધતાં થોડા દિવસ પછી ફરી ડોક્ટર પાસે આવ્યો. ડોક્ટરે ફરી એ જ દવા આપી, પણ ન્યાયના દાવે ચઢેલો પેલો ભાઈ દવા લેવા તૈયાર નહોતો, તેથી ડોક્ટરે કહ્યું, 'હું જજ નથી, પણ ડોક્ટર છું. ન્યાય મેળવવો હોય તો કોર્ટમાં જા અને રોગ મટાડવો હોય તો માફી માંગ. આ એક જ ઉપાય છે.' આ સાંભળી આ ભાઈ તેના નાના ભાઈ પાસે ગયો અને તેને કહ્યું કે, 'તમે મારા રૂપિયા લીધા નથી. મારી ભૂલ થાય છે, માટે મને માફ કરશો.' ત્યારે નાના ભાઈએ દીનભાવે કહ્યું કે, 'ના, તમે મને જ ૫૦૦ ડોલર આપ્યા હતા, પણ મારે પૈસાની સગવડ થશે ત્યારે હું તમને અવશ્ય આપી દઈશ.' આ દવાની અસર પેલા ભાઈએ બીજા જ દિવસે અનુભવી. સૂર્ય ઊગતાંની સાથે જ ઢીંચણનો દુખાવો ગાયબ થઈ ગયો.

ટૂંકમાં, ક્ષમા આપવી એ ઘર્ષણમુક્ત જીવન જીવવાની શ્રેષ્ઠ દવા છે.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલમેન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબે આ ક્ષમાભાવનાને પ્રમુખસ્વામી મહારાજમાં નીતરતી અનુભવેલી. તેઓ કહેતાં, 'Pramukh swami has a heart wherein the whole world can live and forgive.' અર્થાત્, 'સૌને હૃદયમાં સ્થાન આપી શકે અને ક્ષમા આપી શકે એવું વિશાળ હૃદય પ્રમુખસ્વામીનું છે.'

પ્રમુખસ્વામી મહારાજના હૃદયમાં વહેતો નિર્મળ ક્ષમાપ્રવાહ પ્રસંગોપાત અન્ય વ્યક્તિઓમાં કે જૂથોમાં પણ સરી પડતો. પરિણામે જે તે વ્યક્તિ કે જૂથ શાતા પામતાં.

તા. ૧૭/10/1997ના રોજ પ્રમુખસ્વામી મહારાજે સુરતમાં બનેલા એક પ્રસંગના સમાધાન માટે બે જૂથને ગોંડલમાં એકત્રિત કર્યાં હતાં. ત્રણેક વર્ષ પહેલાં ક્ષત્રિયો અને પટેલ જૂથની વચ્ચે થયેલી તકરાર લોહિયાળ બની ગઈ હતી. પરસ્પર બદલો લેવાની આગમાં સળગતાં આ બંને જૂથને પ્રમુખસ્વામી મહારાજ સમાધાન માટે સમજાવી રહ્યા હતા. બપોરે જમ્યા પછી પ્રમુખસ્વામી મહારાજ પોણા ચાર વાગ્યા સુધી સાથે બેઠા અને સમજાવટથી સૌને સમાધાનની ભૂમિકા પર લઈ આવ્યા. સૌ ઊભા થવા જતા હતા ત્યારે પ્રમુખસ્વામી મહારાજે જીવન ઉપયોગી એક અદ્ભુત સંદેશો આપ્યો. તેઓએ કહ્યું કે, 'હજી પત્યું નથી. બધા પાંચ મિનિટ બેસો. વેરઝેર ભૂલી જવું એ કરોડ રૂપિયા બરાબર છે. હવે ભવિષ્યમાં એકબીજાની આંટી કે રાગ-દ્વેષ છે, એ ભૂલી જવાં. વેરથી વેર વધે છે. હવે એ કાણ કાઢવી નહીં. જેને જે ભોગવવાનું આવ્યું છે, એ ભોગવી લેવું. હવે આ સંબંધી વાતો કાઢીને વટ કરવાની જરૂર નથી. ભવિષ્યમાં સાથે બેસાય અને સૌ સુખી થાય એવું કરવું. આ પ્રસંગોમાં શૂરવીરતાનું કામ નથી. આમાં તો સમાધાન થવું જોઈએ.' પછી તો પ્રમુખસ્વામી મહારાજે બંને પક્ષની મુખ્ય વ્યક્તિઓને ભેગી કરી અને જાતે જ મીઠાઈ ખવડાવી મોં મીઠાં કરાવ્યાં અને તેઓને વેરાગ્નિમાંથી બહાર કાઢ્યા.


જ્ઞાની પુરુષો વેરઝેરના મંથને ચઢેલાઓને પરસ્પર ક્ષમા અપાવીને શાંતિના કિનારે પહોંચાડતા હોય છે.

પણ મને તો ખબર છેને!

આપેલી મુદતમાં કાર્ય પૂરું ન થતાં તે અગ્રણી શિલ્પીને મળવા તેના કાર્યક્ષેત્રમાં ગયા. ત્યાં પ્રવેશતાંની સાથે જ તેમણે શહેરમાં મૂકવા માટે નક્કી કરાયેલી મૂર્તિ જોઈ અને તેનું નિરીક્ષણ કરવા લાગ્યા

‘આટલું તે ચાલશે.’, ‘બરાબર જ છે.’, ‘બહુ થયું હવે.’, ‘આટલામાં શું?’ આવાં વાક્યોનો પ્રયોગ કરીને માનવી પોતાની જાતને સંતોષવાનો પ્રયત્ન કરી પોતે જ છેતરાય છે. એની સામે જો આપણે ખરા અર્થમાં સંતોષ પામવો હોય તો એનો રસ્તો જુદો છે.

જેમ કે, એક શહેરમાં ભગવાનની મૂર્તિ ૨૦ ફૂટ ઊંચા સ્તંભ પર મૂકવાનું નક્કી કરવામાં આવ્યું. શહેરના અગ્રણીઓએ એક કુશળ શિલ્પીની કાર્યનિષ્ઠા જોઈ તેને મૂર્તિનું કામ સોંપ્યું, પરંતુ આપેલી મુદતમાં કાર્ય પૂરું ન થતાં તે અગ્રણી શિલ્પીને મળવા તેના કાર્યક્ષેત્રમાં ગયા. ત્યાં પ્રવેશતાંની સાથે જ તેમણે શહેરમાં મૂકવા માટે નક્કી કરાયેલી મૂર્તિ જોઈ અને તેનું નિરીક્ષણ કરવા લાગ્યા. પરીક્ષણના અંતે તેમને સંતોષ અને આનંદ થયો, પરંતુ જ્યારે શિલ્પકારને મળવા અંદર પ્રવેશ્યા ત્યારે શિલ્પકાર તો આબેહૂબ તેવી જ એક બીજી મૂર્તિ પર કામ કરતો હતો. આ જોઈ તે અગ્રણીને આશ્ચર્ય થયું. તેઓએ શિલ્પીને પૂછ્યું કે, ‘પેલી મૂર્તિ આટલી અદ્‌ભુત હોવા છતાં તું આ નવી મૂર્તિ કેમ બનાવે છે?’ શિલ્પીએ પ્રત્યુત્તર વાળ્યો કે, ‘તે મૂર્તિના નિર્માણના અંતિમ તબક્કા દરમિયાન મૂર્તિ ખંડિત થઈ ગઈ છે. આથી આ બીજી પ્રતિમા બનાવું છું.’ ‘મને તો તે મૂર્તિ સુવ્યવસ્થિત જ લાગી!’ અગ્રણીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. શિલ્પકારે ફોડ પાડ્યો કે, ‘તેના નાકના ભાગમાં નાનકડી તિરાડ છે.’ આ સાંભળીને અગ્રણીએ કહ્યું કે, ‘પણ આ મૂર્તિ તો ૨૦ ફૂટ ઊંચા સ્તંભ પર બેસવાની છે. તો પછી એના નાકમાં તિરાડ છે તેની કોને ખબર પડશે?’



+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

‘ભલે કોઈને ખબર ન પડે, પણ મને અને મારા ભગવાનને તે ખબર છેને?’ શિલ્પી કાર્યનિષ્ઠાના રણકાર સાથે બોલ્યો અને તે શિલ્પીએ બીજી મૂર્તિ વ્યવસ્થિત ઘડી અને આ નૂતન મૂર્તિ સ્તંભ ઉપર આરોપિત થઈ.

ચોકસાઈની આવી ઉત્કૃષ્ટતા એ માત્ર કથાઓ કે વાર્તાઓમાં જ જોવા મળે છે એવું નથી, પરંતુ મહાત્માઓ અને અનુકરણીય વ્યક્તિઓના જીવનમાં પણ આ ગુણ ચરિતાર્થ થયેલો દૃષ્ટિગોચર થાય છે.

અમેરિકાના રોબિનસવીલ નગરમાં ઉદ્‌ઘાટિત થયેલ સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણકાર્ય દરમિયાન પણ આવો જ પ્રેરણાદાયી પ્રસંગ બન્યો હતો. અક્ષરધામના મધ્યમાં હંસાસન પર ભગવાન સ્વામિનારાયણની કેવી મૂર્તિ પ્રતિષ્ઠિત કરવી એ વિચારણા ચાલતી હતી. પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે સંસ્થાના શિલ્પ ક્ષેત્રના મૂર્ધન્ય સંતો સાથે વિમર્શ કરીને નિર્ણય આપ્યો કે, ભગવાન સ્વામિનારાયણે પોતાનું જમણું ચરણ ડાબા ચરણ પર રાખ્યું હોય અને તેઓનું મુખારવિંદ સહેજ ડાબી તરફ નમેલું હોય એવી મૂર્તિ પ્રસ્થાપિત કરવી. આ મૂર્તિની ઊંચાઈ ૧૫.૫ ફૂટ નક્કી થયેલી અને દર્શનાર્થીઓને સામેથી જ આ મૂર્તિનાં દર્શન થવાનાં હતાં. મૂર્તિ ઘડાવાની તૈયારીમાં હતી અને તેઓએ એક સૂચના આપી કે, ‘મૂર્તિના જમણા ચરણમાં નવ ચિહ્નો પણ બનાવવાં. ભગવાનના ચરણમાં તો દિવ્ય ચિહ્નો હોય માટે તે ચિહ્નો અવશ્ય અંકિત કરવાં.’

સામાન્ય રીતે દર્શનાર્થીઓને જમણા ચરણનાં દર્શન માત્ર સામેથી જ થવાનાં હતાં. ચરણનું તળિયું તો ગર્ભગૃહની દીવાલ તરફ જ રહેવાનું હતું. છતાં મહંતસ્વામી મહારાજે આ સૂચના આપી, કારણ કે ‘ચોકસાઈથી કરેલ કામ જ વ્યક્તિને પૂર્ણ સંતોષ આપી શકે છે.’

અત્યારે એવું કહેવાય છે કે, દુનિયાનો સૌથી મોટો રોગ જો કોઈ હોય તો તે એ છે કે માણસ પ્રત્યેક ક્રિયા અર્ધ-હૃદયથી કરે છે. લાખોની કમાણી કરનાર વ્યક્તિ પણ રોદડાં જ રડતો હોય, નોકરીમાં ટિચાઈ ટિચાઈને કંટાળી ગયા. ૮૦ ટકા પરિણામ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી પણ ભણીગણીને ત્રાસી જ ગયો હોય છે. ગૃહિણી ઘરકામ કરીને તો વેપારી વેપાર કરીને થાકી જ ગયાં હોય છે. આથી લોકો માટે સ્વકાર્ય વેઠ બની જાય છે.


એની સામે મહાપુરુષો પૂર્ણ હૃદયથી પોતાનું કર્તવ્ય નિભાવે છે. પરિણામ સ્વરૂપે કાર્ય સંપન્ન થયાનો સંતોષ પણ તેઓ જ પામી શકે છે. આપણને પણ ઘણી વખત આવો અનુભવ થયો હશે. જ્યારે આપણે કોઈ કામ ચોકસાઈ અને ઝીણવટથી કર્યું હશે ત્યારે જ આપણે સંતોષ અને હાશકારો પામ્યા હોઈશું. હા, એના માટે વિશેષ મહેનત, ધીરજ અને ખંત આવશ્યક છે, પણ સંતોષ પામવા આટલું રોકાણ તો કરવું જ પડે.

આપણું સૌથી મોટું બળ

'આ બાળક એકલો લાગે છે.' આ સાંભળતાં જ બાળક ડરી ગયો અને રડવા માંડ્યો. તેવામાં તેને પેલી ચિઠ્ઠી યાદ આવી. તેણે તરત જ ખિસ્સામાંથી ચિઠ્ઠી કાઢી અને વાંચી

મહાભારતના યુદ્ધ સમયની વાત છે. જ્યારે કર્ણ અને અર્જુન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું, ત્યારે મૂંઝાયેલા અર્જુને અચાનક જ શ્રીકૃષ્ણ ભગવાનને પૂછ્યું, 'યુદ્ધમાં મારો દેહ પડી જાય તો તમે શું કરો?' ભગવાન શ્રીકૃષ્ણએ આ પ્રશ્નનો અદ્ભુત ઉત્તર આપતાં કહ્યું, 'હું તને મરવા જ ન દઉં, બ્રહ્માસ્ત્ર પણ રોકી દઉં, કારણ કે તું મારો આત્મા છો. તને કેમ મરવા દઉં?'

આ સંવાદમાં ભગવાનની ભક્તવત્સલતાનો નાદ ગુંજે છે. ભગવાન આપણને પોતાના સમજે છે. તેઓ સુખમાં અને દુઃખમાં સાથે જ રહે છે. ખામી આપણી છે કે આપણે ભગવાનનો સાથ ભૂલી જઈએ છીએ, જેના પરિણામે આપણે માનસિક તણાવ અનુભવીએ છીએ. આજે વિશ્વનો સૌથી મોટો રોગ ડિપ્રેશન બની ગયો છે. એક સર્વેક્ષણ મુજબ આજે વિશ્વમાં એક દિવસમાં ૪૯,૦૪૨ લોકો હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામે છે, જેમાંથી ૯,૮૦૮ લોકો ડિપ્રેશનને લીધે મરે છે. આ વૈશ્વિક આપત્તિમાંથી ઉગારે એવી એક જ શક્તિ છે - ભગવાનમાં શ્રદ્ધા.



હા, સન ૨૦૨૧ના વર્ષમાં દુનિયામાં કોરોનાની લહેર ચાલી રહી હતી. આ સમયે બી.એ.પી.એસ.સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નેનપુર ખાતે વિરાજમાન હતા. તે સમયે એક યુવાને આવો જ કંઈક પ્રશ્ન તેઓને પૂછ્યો. 'અત્યારે ડિપ્રેશનનું પ્રમાણ વધતું જાય છે તો એ ડિપ્રેશનને કયો વિચાર મટાડી શકે? તે અંગે માર્ગદર્શન આપો.'

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

મહંત સ્વામી મહારાજે આ પ્રશ્નનો ઉત્તર આપતાં એક સુંદર બોધકથા કહીઃ

એક નાનો બાળક હતો. તે દર વેકેશનમાં તેનાં માતા-પિતા સાથે પોતાના વતને દાદા-દાદી પાસે જાય, ત્યાં હરે-ફરે અને આનંદ કરે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વતનમાં જવાનું નક્કી થયું, પરંતુ હવે તે નાનો બાળક થોડો મોટો થઈ ચૂક્યો હતો. આથી તેણે હઠ પકડી 'હું એકલો દાદા-દાદીને ઘેર જઈશ', પરંતુ માતા-પિતાનું મન માને નહીં. આથી નિર્ણય લેવાયો કે બાળક એકલો વતને જશે. બાળક તો આનંદમાં હતો, પરંતુ માતા-પિતા ચિંતામાં, કારણ કે ક્યારેય પોતાના બાળકને એકલો ક્યાંય જવા દીધો જ નહોતો. તેઓના મનમાં જાતજાતના વિચારો આવી રહ્યા હતા, બાળકનું શું થશે? તે ગભરાઈ જશે તો? ડરી જશે તો?

એવામાં વતને જવાનો દિવસ આવી ગયો. માતા-પિતા બાળકને લઈને રેલવે સ્ટેશને પહોંચ્યાં. બાળકને ઉરમાં આનંદ સમાતો ન હતો. ટ્રેનમાં બાળક બેઠો. તેનાં માતા-પિતા તેને સંભાળીને જવાની શીખ આપવા લાગ્યાં.


તેઓએ વારંવાર કરેલી આ વાતો સાંભળી બાળક કહે, 'આ વાત તમે મને સો વખત કરી દીધી હશે. હું બધું જ જાણું છું કે કેવી રીતે રહેવું અને પહોંચવું.' પણ આ તો માતા-પિતાના હૃદયનો કટકો આથી તેઓને ચિંતા તો હોય જ ને! ત્યાં ટ્રેનની વિસલ વાગી, પિતાએ બાળકના ખિસ્સામાં એક ચિઠ્ઠી સરકાવી અને છેલ્લી શીખ આપી કે, 'તને ડર કે ગભરામણ થાય ત્યારે આ ચિઠ્ઠી ખોલજે.' બાળક માટે ટ્રેનમાં એકલા મુસાફરી કરવાનો અનુભવ પ્રથમ વખત જ હતો અને તે ખુશ હતો. તે આમતેમ બધું નિહાળતો નિહાળતો મલકાતો હતો. થોડીવાર થઈ ત્યાં અજાણ્યા માણસોની આવનજાવન શરૂ થઈ. તેઓની બોલવા-ચાલવાની રીત શંકા અને ભય ઉપજાવે તેવી હતી. પેલો બાળક ખૂણામાં બેઠો બેઠો ધડકતા દિલે આ બધું જોયા કરતો હતો. ત્યાં એ ગેંગમાંનો એક બોલ્યો, 'આ બાળક એકલો લાગે છે.' આ સાંભળતાં જ બાળક ડરી ગયો અને રડવા માંડ્યો. તેવામાં તેને પેલી ચિઠ્ઠી યાદ આવી. તેણે તરત જ ખિસ્સામાંથી ચિઠ્ઠી કાઢી અને વાંચી. આ ચિઠ્ઠી વાંચતાં જ બાળકનો ડર દૂર થઈ ગયો. એવું તે કાગળમાં શું હશે? તેમાં લખ્યું હતું 'બેટા, હું આ ટ્રેનમાં છેલ્લા ડબ્બામાં તારી સાથે જ છું.' આ શબ્દોથી તેને હિંમત આવી ગઈ અને ગભરામણ દૂર થઈ ગઈ.

આ દૃષ્ટાંત કહીને બોધ આપતાં મહંત સ્વામી મહારાજે કહ્યું કે, 'ભગવાને પણ આપણને પૃથ્વી પર મોકલ્યા ત્યારે એક ચિઠ્ઠી આપણા ખિસ્સામાં સરકાવેલી છે, 'બેટા, હું તારી સાથે જ છું', પરંતુ આપણી ભૂલ એ થાય છે કે આપણને એ ચિઠ્ઠી ખોલવાનો સમય નથી. વિશ્વાસ અને શ્રદ્ધા રાખશો તો ભગવાન તમારી સાથે જ છે.'

પ્રાણ જાયે અરુ વચન ન જાયે...

સેનાપતિએ રઘુપતિસિંહને પૂછ્યું કે, 'પકડાયા બાદ તારા માથે મોત જ હતું, તો પણ તું પાછો શા માટે આવ્યો?' રઘુપતિસિંહે કહ્યું કે, 'હું મોતથી ડરતો નથી. સાચો રાજપૂત વિશ્વાસઘાત કરતો નથી'

વર્ષો પહેલાંની વાત છે. મહારાણા પ્રતાપના સૈન્યમાં એક સૈનિક હતો, જેનું નામ હતું રઘુપતિસિંહ. તે અત્યંત બાહોશ અને બહાદુર હતો. તેણે મોગલ સેનાને નાકે દમ લાવી દીધેલો, તેથી મોગલ સમ્રાટે તેને પકડવા માટે ઈનામની ઘોષણા કરી હતી. એક વખત અકબરની સેનાએ ચિત્તોડ પર ઘેરો ઘાલ્યો હતો. એવામાં રઘુપતિસિંહનો એકનો એક દીકરો બીમાર પડ્યો. આ સમાચાર રઘુપતિસિંહને મળતાં તે તેના દીકરાને મળવા માટે રવાના થયો. ગામના દરવાજે પહેરેગીરે તેનો પરિચય પૂછ્યો તો તેણે પોતાનો સાચો પરિચય આપ્યો કે, 'હું રઘુપતિસિંહ છું.' પહેરેગીરે ઈનામની લાલચે તેને બંદી બનાવવાની તૈયારી કરી. રઘુપતિસિંહે તેને સમજાવ્યો કે, 'મારો દીકરો બીમાર છે. હું એને મળીને તરત પાછો આવીશ. તું મને ત્યારે બંદી બનાવી દેજે.' બંદીવાનને રઘુપતિસિંહમાં વિશ્વાસ આવ્યો. તેણે રઘુપતિસિંહને છોડી મૂક્યો. રઘુપતિસિંહ પોતાના ઘરે ગયો અને થોડીવારમાં જ પુત્ર તથા પત્નીને આશ્વાસન આપી પહેરેગીરને હવાલે થઈ ગયો. પહેરેગીરે તેને મોગલ સેનાપતિને સોંપી દીધો. સેનાપતિએ રઘુપતિસિંહને પૂછ્યું કે, 'પકડાયા બાદ તારા માથે મોત જ હતું, તો પણ તું પાછો શા માટે આવ્યો?' રઘુપતિસિંહે કહ્યું કે, 'હું મોતથી ડરતો નથી. સાચો રાજપૂત વિશ્વાસઘાત કરતો નથી.' સેનાપતિએ રઘુપતિસિંહની પ્રામાણિકતાથી ખુશ થઈને તેને છોડી મૂકવાનું ફરમાન આપ્યું.



આપણી ભારતીય સંસ્કૃતિએ આવા તો કંઈકેટલાય સપૂતો પકવ્યા છે, જે આપણને પ્રામાણિકતાની પ્રેરણા આપે છે. રામાયણકાલીન રાજા દશરથે પણ પત્ની કૈકેયીને આપેલું વચન પ્રાણના ભોગે નિભાવીને સૌ ભારતીપુત્રોને સૂત્ર આપ્યું કે, 'પ્રાણ જાયે અરુ બચન ન જાય.'

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણા જીવનમાં પ્રાણના ભોગે વચન પાળવા જેવી જટિલ પરિસ્થિતિઓ તો ભાગ્યે જ ઊભી થાય છે, પણ આપણા દ્વારા અન્યને અપાયેલા નાના-મોટા વાયદા પૂરા કરવાના પ્રસંગો તો ઘણીવાર ઊભા થાય છે. આવી પરિસ્થિતિમાં જ આપણી સજ્જનતા અને સચ્ચાઈની કસોટી થાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પૂનામાં મંદિર બનાવવા માટે જમીન શોધી રહ્યા હતા. આખરે આંબેગાંવ રોડ ઉપર એક ટેકરા પાસે એક જમીન ધ્યાનમાં આવી. આ જમીનમાં પ્રશ્ન એ હતો કે, જમીનમાલિકે આ જમીનના ૧૨૩ પ્લોટ પાડીને જુદા જુદા માણસોને વેચી દીધા હતા. ભક્તોએ આ પ્લોટધારકોને મંદિરનિર્માણના આ ઉમદા કાર્યમાં સહકાર આપવા પોતાના પ્લોટ વેચવા માટે સમજાવવા શરૂ કર્યા. અથાગ પ્રયત્નના અંતે બધા જ પ્લોટો ખરીદી લેવાયા.

તત્પશ્ચાત્ મંદિરનિર્માણનું કાર્ય શરૂ થવાનું જ હતું અને ત્યાં જ વ્યવસ્થાપકોને વિચાર આવ્યો કે, 'ખરીદેલી જમીન પર મંદિર બનાવીશું તો તે બાજુમાં આવેલા ટેકરાની છાયામાં ઢંકાઈ જશે. માટે મંદિર જો આ ટેકરા પર જ બનાવીએ તો તે અધિક શોભી ઊઠે. વળી, ખરીદેલા પ્લોટ્સને વેચી દેવાય તો એના દ્વારા ઊપજેલા પૈસામાંથી જ આ ટેકરો ખરીદી તેના ઉપર મંદિરનું નિર્માણ થઈ શકે.' તેઓએ આ પ્રસ્તાવ સ્વામીશ્રી સમક્ષ મૂક્યો.

સ્વામીશ્રીએ પૂછ્યું કે, 'આ પ્લોટ આપણને તેમના માલિકોએ શેના માટે આપ્યા છે?' તેઓનું તાત્પર્ય એ હતું કે, લોકોએ મંદિરના નામે પ્લોટ વેચ્યા હશે, માટે આપણે મંદિર ત્યાં જ બનાવવું જોઈએ. વ્યવસ્થાપકોએ દલીલ કરી કે, 'પણ બાપા, મોટા ભાગના લોકોએ તો પ્લોટ પૂરેપૂરા રૂપિયા લઈને જ આપ્યા છે.' છતાં સ્વામીશ્રીએ કહ્યું કે, 'તમે ભલે એવું કહેતા હો કે પૈસા લઈને તેમણે પ્લોટ આપ્યા છે, પણ ઘણાને પ્લોટ ન આપવા હોય, પણ મંદિર બનવાનું છે તે વાત સંભાળીને આપ્યા હશે. એવા લોકોની લાગણી દુભાશે. માટે આપણે મંદિર આ જ જગ્યાએ બનાવવું છે.' અને છેવટે લોકો પાસેથી ખરીદેલા પ્લોટ્સ ઉપર જ તેઓએ ત્રિશિખરીય મંદિરનું નિર્માણ કર્યું. પ્રમુખસ્વામી મહારાજે મંદિરની શોભાના ભોગે પણ જમીનધારકોને આપેલું વચન પાળી બતાવ્યું. મહાપુરુષો પોતાના જીવનમાં અત્યંત પ્રામાણિક હોય છે અને આ પ્રામાણિકતારૂપી ઘરેણું જ તેઓને મહાન બનાવે છે.


હા, કોઈને આપેલા વચનની પૂર્તિ માટે આપણે ક્યારેક ઘસાવું પણ પડે, ક્યારેક મનગમતું પણ મૂકવું પડે, ક્યારેક કશું જતું પણ કરવું પડે તો ક્યારેક ખમવું પણ પડે, પણ આવી વિપરીતતાઓની વચ્ચે વચન પાળીએ એ જ આપણી સજ્જનતા છે. વચન પાળવામાં આપણે ઉપરોક્ત ભોગ અવશ્ય આપવા પડે, પણ એની સામે પ્રાપ્ત થતાં સંતોષ અને શાંતિ અમૂલ્ય છે.

શિલ્પીએ તેના શિષ્યને શું કહ્યું?

તેણે ફરીથી કામ શરૂ કર્યું, પણ આ વખતે તેના મનમાં શાંતિ અને આંખોમાં એક દૃષ્ટિ હતી. તે હવે પથ્થર તોડી નહોતો રહ્યો, પણ તેને ઘડી રહ્યો હતો

એક નાનકડા ગામ શીલાપુરમાં ગણપતરામ નામના એક વૃદ્ધ અને જ્ઞાની શિલ્પકાર રહેતા હતા. તેમની કલાકારીની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. તેમના હાથથી બનેલી મૂર્તિઓ જાણે જીવંત થઈ ઊઠતી. તેમની પાસે આરવ નામનો એક યુવાન શિષ્ય હતો. આરવ ખૂબ જ પ્રતિભાશાળી હતો, પણ તેનામાં ધીરજનો સખત અભાવ હતો. તે ઝડપથી બધું શીખી લેવા અને પોતાના ગુરુ જેવો મહાન શિલ્પકાર બનવા માંગતો હતો.

એક દિવસ ગણપતરામે આરવને બોલાવ્યો અને તેને આરસપહાણનો એક મોટો, બેડોળ પથ્થર બતાવ્યો. તેમણે કહ્યું, 'આરવ, તારે આ પથ્થરમાંથી એક એવો શક્તિશાળી ઘોડો બનાવવાનો છે, જેની ગતિ અને તાકાત જોનારને મંત્રમુગ્ધ કરી દે.'



આરવ ઉત્સાહથી કામે લાગી ગયો. તેણે પોતાની હથોડી અને છીણી ઉપાડી અને પથ્થર પર પ્રહાર કરવાનું શરૂ કર્યું, પણ જેમ જેમ દિવસો વીતતા ગયા, તેમ તેમ તેનો ઉત્સાહ ઓસરી ગયો. પથ્થર ખૂબ જ કઠોર હતો અને તેને જોઈતો આકાર આપવાનું મુશ્કેલ બની રહ્યું હતું. તે વારંવાર ભૂલો કરતો અને ગુસ્સામાં આવી જતો.

એક સાંજે હતાશ થઈને તેણે પોતાની છીણી જમીન પર ફેંકી દીધી અને ગુરુ પાસે જઈને બોલ્યો, 'ગુરુજી, આ પથ્થર નકામો છે. તે એટલો કઠણ અને બેડોળ છે કે તેમાંથી સુંદર મૂર્તિ બનાવવી અશક્ય છે. મને કોઈ સારો અને નરમ પથ્થર આપો.'

ગણપતરામ શાંતિથી હસ્યા. તેમણે આરવના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, 'બેટા, સમસ્યા પથ્થરમાં નથી, તારા દૃષ્ટિકોણમાં છે. તું પથ્થર પર ઘોડો 'બનાવવા' પ્રયત્ન કરી રહ્યો છે. જ્યારે સત્ય એ છે કે ઘોડો તો પહેલેથી જ પથ્થરની અંદર છે. તારું કામ કંઈ નવું બનાવવાનું નથી, પણ જે વધારાનું છે તેને દૂર કરવાનું છે.'

આરવને ગુરુની વાત સમજમાં ન આવી.

+ વાઈબ્સ

ગુરુજીએ સમજાવ્યું, 'એ પથ્થરની અંદર એક ભવ્ય ઘોડો કેદ છે. તારે ફક્ત એ વધારાના પથ્થરને ધીરજ અને ધ્યાનથી દૂર કરવાનો છે જેણે એ ઘોડાને ઢાંકી રાખ્યો છે. દરેક પ્રહાર ગુસ્સાથી નહીં, પણ એ સમજ સાથે કર કે તું ઘોડાને મુક્ત કરી રહ્યો છે.'

આ શબ્દો આરવના હૃદયમાં ઊતરી ગયા. તેની આંખોમાં એક નવી ચમક આવી. તે પાછો એ જ પથ્થર પાસે ગયો. આ વખતે તેણે પથ્થરને દુશ્મન તરીકે નહીં, પણ એક રહસ્ય તરીકે જોયો, જેની અંદર એક ખજાનો છુપાયેલો હતો.

તેણે ફરીથી કામ શરૂ કર્યું, પણ આ વખતે તેના મનમાં શાંતિ અને આંખોમાં એક દૃષ્ટિ હતી. તે હવે પથ્થર તોડી નહોતો રહ્યો, પણ તેને ઘડી રહ્યો હતો. મહિનાઓ વીતી ગયા. આરવની ધીરજ અને મહેનત રંગ લાવી. અંતે એ બેડોળ પથ્થરમાંથી એક અદ્ભુત, જીવંત લાગતો ઘોડો પ્રગટ થયો. તેના સ્નાયુઓમાં તાકાત, આંખોમાં ગતિ અને મુદ્રામાં ગૌરવ હતું.

આરવે કૃતજ્ઞતાથી પોતાના ગુરુ સામે જોયું. તે સમજી ગયો હતો કે ગુરુજી તેને માત્ર શિલ્પકામ નહોતા શીખવી રહ્યા, પણ જીવન જીવવાની કળા શીખવી રહ્યા હતા.

ટૂંકમાં આપણું જીવન પણ એ બેડોળ પથ્થર જેવું જ છે અને આપણી અંદર પણ ક્ષમતાઓનો એક અદ્ભુત ખજાનો છુપાયેલો છે. બહારની મુશ્કેલીઓ અને આપણી પોતાની ખામીઓ (જેમ કે, ગુસ્સો, ડર, આળસ) એ વધારાના પથ્થર સમાન છે. સફળતા મેળવવા માટે આપણે કંઈક નવું 'બનાવવાનું' નથી, પણ ધીરજ અને સખત મહેનતથી આપણી અંદર રહેલી એ નકારાત્મકતાને દૂર કરવાની છે, જેથી આપણું શ્રેષ્ઠ સ્વરૂપ દુનિયા સમક્ષ પ્રગટ થઈ શકે.

એક કોમ્પિટિશન છે!

> **જો બેટા! તારી મા આખો દિવસ કામ કરીને થાકી ગઈ હોય, તે સમયે બળેલી રોટલી દિલને દઝાડતી નથી, પણ બળેલા શબ્દો હૃદયને દઝાડે છે. જીવન ભૂલોથી ભરેલું છે. હું પોતે સંપૂર્ણ નથી**

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ સાહેબના બાળપણનો એક સુંદર પ્રેરક પ્રસંગ છે. તેઓ લખે છે કે એક રાત્રે ભોજન સમયે મારી માતાએ મારા પિતાના ભાણામાં શાક અને બળી ગયેલી રોટલી મૂકી. તે સમયે હું મારા પિતાના પ્રતિભાવની પ્રતીક્ષા કરતો હતો, પણ પિતાએ જમવાનું શરૂ કરી અને મારા અભ્યાસ વિશે પૂછ્યું. થોડીવાર પછી મારી માતાએ રોટલી બળી ગઈ તે બદલ માફી માંગી. પિતાએ સહજતાથી કહ્યું કે, 'મને તો બળેલી રોટલી ભાવે છે, તમે જરાયે ચિંતા ન કરશો.' એ રાત્રે મેં તેઓને પૂછ્યું કે, 'શું ખરેખર તમને બળેલી રોટલી ભાવે છે?' ત્યારે મને પાસે બેસાડી પ્રેમથી સમજાવતાં તેઓએ કહ્યું કે, 'જો બેટા! તારી મા આખો દિવસ કામ કરીને થાકી ગઈ હોય, તે સમયે બળેલી રોટલી દિલને દઝાડતી નથી, પણ બળેલા શબ્દો હૃદયને દઝાડે છે. જીવન ભૂલોથી ભરેલું છે. હું પોતે સંપૂર્ણ નથી. વર્ષોના અનુભવ પરથી હું એક વસ્તુ શીખ્યો છું કે એકબીજાની ભૂલોને સ્વીકારી આપણે સંબંધોનો આનંદ માણવો જોઈએ.'

આપણે સંપૂર્ણ નથી તે સત્યને લક્ષમાં રાખી બીજાની અપૂર્ણતાઓને પ્રેમથી સ્વીકારી લઈએ તો જીવન મધુર બને છે, કારણ કે આપણે બધા જીવનમાં વધુ સારું પર્ફોર્મન્સ આપવા, વધુ સારા માનવ બનવા તરફ સહેજે પ્રયત્નશીલ છીએ. આપણે બધા પરફેક્ટ બનવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ યાદ રહે કે પરફેક્શન એક એવી વસ્તુ છે કે જેનો કોઈ અંત નથી. સમાજમાં આજે એક કોમ્પિટિશન છે, શ્રેષ્ઠતા પુરવાર કરવાની! અને એ પણ વાસ્તવિકતા છે કે આ ૭ અબજની વસ્તીમાં શેરને માથે સવા શેર બેઠો જ છે. એટલે આપણું ગમે તેટલું સારું કાર્ય 'પરફેક્ટ' છે, આનાથી વધુ સારું હોઈ જ ન શકે એવો દાવો કોઈ માંડી શકે તેમ નથી. એટલે પરફેક્શન જ્યાં સુધી પોતાની જાતમાં સુધારો લાવવા અને પોતાનું વર્ઝન અપડેટ કરવા માટે હોય ત્યાં સુધી તે આશીર્વાદ છે, પણ જ્યારે તે પોતાને સમાજમાં શ્રેષ્ઠ પુરવાર કરવા માટે હોય છે તો લાંબા ગાળે તે હતાશા, ગ્લાનિ, તણાવ અને અફસોસ ભરેલી જિંદગી બાજુ લઈ જાય છે, કારણ કે આપણે શ્રેષ્ઠતાનાં સર્ટિફિકેટ બીજા પાસેથી ઝંખતા હોઈએ છીએ. જો તમે પરફેક્શનિસ્ટ છો તો તમારી આંખો ઓફિસની સ્વચ્છતામાં, કર્મચારીઓનાં કાર્યોમાં, ઘરની રસોઈમાં, દીકરાની નોટબુક આદિ બધી જ જગ્યાએ ઊણપ જ શોધતી ફરશે. તેને કારણે સામેવાળી વ્યક્તિએ જે ભાવથી, મહેનતથી, સમય કે રૂપિયાનો ભોગ આપી સારું કામ કર્યું હશે તેને તમે વધાવી નહીં શકો. પછી લોકોને પણ ખ્યાલ આવી જશે કે તમારી પાસેથી 'એપ્રિસિએશન'ની અપેક્ષા રાખવી વ્યર્થ છે, પરંતુ મહાન પુરુષો એ સત્યને સ્વીકારે છે કે આ દુનિયામાં કોઈ માણસ પૂર્ણ નથી. હું સ્વયં પૂર્ણ નથી, તે વિચારથી તેઓ બીજાની અપૂર્ણતાઓને સ્વીકારી શકે છે.

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



ગુજરાતમાં ગાંધીનગરમાં રહેતો મા-બાપ વગરનો દીકરો અક્ષરેશ. તેના દાદાએ તેને સારો અભ્યાસ થાય તે માટે વિદ્યાનગર છાત્રાલયમાં મૂક્યો. ૧૬-૧૭ વર્ષના આ યુવાને ફી માટે ભરવાના રૂપિયા મોજશોખમાં ઉડાડી દીધા. હવે છાત્રાલયના સંચાલકો તરફથી 'ફી'ની માંગણી થાય અને આ તરફ આ વિદ્યાર્થી મૂંઝાય. ઘરે કહી ન શકે. તેને પોતાની ભૂલનો પસ્તાવો હતો. આ મૂંઝવણ તેને પત્ર દ્વારા પ્રમુખસ્વામી મહારાજને વ્યક્ત કરી. પોતાની ભૂલની માફી માંગી અને ભવિષ્યમાં આવું નહીં બને તે માટે કટિબદ્ધતા દર્શાવી. સ્વામીએ તે વિદ્યાર્થીને સામે પત્ર લખ્યો. અભ્યાસમાં ધ્યાન આપવા જણાવ્યું અને ફરી આવી ભૂલ ન થાય તે માટે જાગૃતિ આપી, પણ અક્ષરેશ કહે છે કે તે ઘટના બાદ ન તો છાત્રાલયમાં કોઈએ તેની પાસે ફી માંગી, પરંતુ આશ્ચર્ય તો તે હતું કે ૨ વર્ષ પછી જ્યારે તે ઘરે ગયો ત્યારે તેના દાદાએ તેને એક પત્ર વંચાવ્યો, જે પ્રમુખસ્વામી મહારાજે તેના દાદા પર લખ્યો હતો. જેમાં લખ્યું હતું કે, 'ઠાકોરભાઈ! તમારા દીકરાથી ભૂલ થઈ છે, પણ તેને ભૂલનું ભાન થયું છે તો તેને માફ કરી દેજો અને ફીની ચિંતા સહેજ પણ ન કરતા. ભગવાન બધું સારું કરશે.' અલબત્ત, પ્રમુખસ્વામી મહારાજ તો પૂર્ણ પુરુષ હતા, છતાં બીજાની અપૂર્ણતાઓને સ્વીકારી શકતા હતા. એટલે જ લોકો તેમણે ચાહતા હતા.

ના દવા લાગી, ના દુઆ...


+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

> **'Ego' આજે આપણા જીવનનું મોટિવેશન બની ગયો છે. જેમ અગ્નિ ચોતરફ ધુમાડાથી આવૃત્ત હોય છે, તેમ આપણી પ્રત્યેક ક્રિયા અહંકારથી આવૃત્ત છે**

બાળપણ, જીવનની શરૂઆત. આપણે નિશ્ચિંત હતા. પ્રત્યેક દિવસ નવું-નવું શીખતા હતા. પ્રશ્નો પૂછતા હતા. ક્યુરિયોસિટી તેની ચરમસીમા પર હતી. ન તો શરમ હતી કે 'લોકો શું વિચારશે?' ન તો ચિંતા કે 'હું મૂર્ખ તો નહીં ગણાઉં ને!' બસ નવું જાણતા હતા, જીવન માણતા હતા. ત્યારે હસવા-રડવામાં સંકોચ ન'તો. મન મૂકી હસી લેતા, પોક મૂકી રડી લેતા, દિલ ખોલી મમ્મીને બધું કહી દેતા. માર ખાધા પછી પણ મા-બાપ પાસે જઈ ભેટી શકતા. પ્રેમ-હૂંફ અનુભવી શકતા, પણ ધીરે ધીરે સ્કૂલ-કોલેજમાં ડગ માંડ્યાં અને એક વિચિત્ર 'હવા' લાગી. આપણું વર્તન બદલાવા લાગ્યું. ક્યારેક શિક્ષક ભણાવે ને ખબર ન પડે તો પણ આપણે પૂછતા નહીં, મિત્રો પાસે શીખવા હાથ લંબાવતા નહીં, સમય જતાં એ 'હવા'એ વેગ પકડ્યો. આપણે એવી ભ્રામક દુનિયામાં જીવવા લાગ્યા કે 'મને બધી ખબર પડે છે', 'મને બધું આવડે છે', 'હું બધું સમજું છું.' ભ્રમથી છલોછલ ભરાયેલા આપણા પાત્રમાં હવે કશું નવું સમાય તેમ ન રહ્યું. પ્રગતિ રૂંધાવા લાગી, વિકાસ ડચકાં ખાવા લાગ્યો, જીવન મુરઝાવા લાગ્યું અને હવે જીવન પ્રવેશ્યું નવા સંબંધોની નવી દુનિયામાં. તક હતી જીવનને સંબંધોના ગરવા ગુલાલથી ભરી દેવાની, પરંતુ અહીં પણ પેલી 'હવા'એ આપણો પીછો ન છોડ્યો. 'હું જ સાચો છું', 'મારી ભૂલ નથી તો હું શા માટે માફી માંગું?' 'હું મદદ માંગીશ તો મારું સ્ટેટસ શું રહેશે?' તે 'હવા'ના સુસવાટા ન'તા, પણ તોય વાવાઝોડું કાતિલ હતું. ખબર પણ ન પડી અને તે જીવનને એ કગાર પર લઈ આવ્યું કે માણસ વિચારતો જ રહ્યો કે બુદ્ધિ, શક્તિ, સંપત્તિ, સંબંધો બધું હોવા છતાં કેમ હું નિષ્ફળતાની ઊંડી ખાઈમાં ઊતરી ગયો છું! આ તે કેવી વિચિત્ર 'હવા'! શેની છે આ 'હવા'? જે જન્મથી લઈને મૃત્યુ સુધી માણસના જીવનને સુખ-શાંતિથી ફંટાવતી રહી છે. આ છે 'હું'ની હવા! જિસે 'મૈં' કી હવા લગી, ઉસે ફિર ન દવા લગી, ન દુઆ લગી.

'Ego' આજે આપણા જીવનનું મોટિવેશન બની ગયો છે. જેમ અગ્નિ ચોતરફ ધુમાડાથી આવૃત્ત હોય છે, તેમ આપણી પ્રત્યેક ક્રિયા અહંકારથી આવૃત્ત છે, પણ જો અહંકારની અદૃશ્ય બેડીઓથી આપણે છૂટીએ તો એક અદ્‌ભુત વિશ્વમાં પ્રવેશ મળી શકે તેમ છે. સ્ટીવ જોબ્સ એક સૂત્ર કહેતા 'Stay Hungry, stay Foolish' હંમેશાં ભૂખ્યા અને મૂર્ખ રહેવું. આ વાતનું તાત્પર્ય એ છે કે જો આપણે મૂર્ખ દેખાવાની તૈયારી સાથે અહંકાર છોડી આપણું પાત્ર ખાલી રાખીશું તો કુદરતનાં ગૂઢ રહસ્યોને પામી શકીશું. તો જ્ઞાનની નવી ક્ષિતિજોમાં લાંબી ખેપ મારી શકીશું, પણ 'મને બધું આવડે છે' એ ભ્રમમાં તો કૂવાના દેડકાની જેમ જિંદગી પૂરી થઈ જશે, ક્યારેય સાગરની સફર માણી નહીં શકીએ. 'when you crush your Ego, Knowledge comes to you' જ્યારે અહંકારને અલવિદા આપીશું તો જ્ઞાન સામે ચાલીને આપણી પાસે આવશે. માત્ર કારકિર્દી નહીં સંબંધોમાં પણ અમૃત રેડાશે. ઘણીવાર ખાટા થયેલા સંબંધોમાં બંને છેડે કોણ પહેલ કરે તેની જ પ્રતીક્ષા થતી હોય છે. જો આપણે અહંકાર મૂકીશું તો મૃતઃપ્રાય સંબંધોનું સમાધાન 'Ego' કાપવામાં છે, નહીં કે સંબંધો! અને માત્ર સામાજિક જીવન નહીં, પણ આધ્યાત્મિક જીવનમાં પણ આ 'હું'ની હવાનું પ્રચંડ તોફાન છે. જ્યારે અહંનું આવરણ ખસે છે ત્યારે અનંત શક્તિનો જાણે ધોધ વહે છે. જે જીવનના ઉપવનને આશ્ચર્યો, અહોભાવ, સુખ, શાંતિથી ભરી દે છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કલામ સાહેબે પોતાનું અંતિમ પુસ્તક ટ્રાન્સેન્ડન્સ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં અર્પણ કરતાં કહ્યું હતું કે આપે મારા જીવનમાંથી 'હું' અને 'મારું' દૂર કર્યાં છે. મને ભગવાનની ભ્રમણ કક્ષામાં મૂકી દીધો છે, હવે મારે કશું કરવાનું બાકી રહ્યું નથી. જ્યારે જીવનમાંથી અહંકાર વિદાય થાય છે ત્યારે જીવન પરિપૂર્ણતાના આનંદથી ભરાઈ જાય છે.




તમે શું આપ્યું ?

જીવનમાં મેળવવા માટે ઘણું દોડી લીધું, ભેગું કરવાની દોટમાં જીવન મશીન જેવું બની ગયું છે. ચાલો હવે માનવતાની સુષુપ્ત ચેતનાને ઝંકૃત કરીએ અને જીવનમાં મધુરતા ભરીએ

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી



બુદ્ધિશાળી લોકો રૂપિયા, સમય કે શક્તિનું ઈન્વેસ્ટમેન્ટ કરતાં પહેલાં એ વિચારે છે કે મને 'રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ' શું મળશે! અલબત્ત, એ વિચાર ખોટો પણ નથી. ધંધા, વ્યવહાર અને કારકિર્દીમાં સફળતા મેળવવા, પ્રગતિ કરવા વળતરનો વિચાર કરી રોકાણ કરીએ તે ડહાપણ ભરેલું છે, પણ વ્યવહારના આ ગણિતથી વ્યક્તિ જીવનનાં બધાં સમીકરણો ઉકેલવા જાય ત્યારે જિંદગીની પરીક્ષામાં નાપાસ થઈ જાય છે, કારણ કે જીવનનું મૂલ્યાંકન આપણે કેટલું ભેગું કર્યું તેના પરથી નહીં, પણ આપણે કેટલું આપ્યું તેના પરથી થતું હોય છે. જીવનની મજા આપવામાં છે. જે ત્યાગે છે તે માણે છે. જે પોતાના ભાગનું આપે છે, તે અનોખા સુખનો અનુભવ કરે છે. એટલે જ આપણાં શાસ્ત્રો કહે છે તેન ત્યક્તેન ભુંજીથાઃ ત્યાગીને ભોગવી જાણો. ભૌતિક વિજ્ઞાનમાં જે અણુની સંરચનામાં જે તત્ત્વ સ્થિરતા પ્રાપ્ત કરવા પોતાની બાહ્યકક્ષાનો ઈલેક્ટ્રોન આપી દે છે, તે ધન વિજભારિત થાય છે. આપનાર Positively charge થાય છે તે કુદરતનો નિયમ છે, પણ માનવસહજ વૃત્તિ જ ભેગું કરવાની છે, એટલે આપવાની વાત આવે, પોતાના ભાગનું મૂકવાની વાત આવે કે જતું કરવાની વાત આવે ત્યારે આપણો જીવ ચાલતો નથી, પણ જે લોકોએ આ માનસિકતાને તોડી સામા પ્રવાહે ઝંપલાવ્યું છે, તેમણે જીવનમાં સામાન્ય મનુષ્યો કરતાં ઘણું વિશેષ પ્રાપ્ત કર્યું છે. બાહ્ય-પ્રતિષ્ઠા અને આંતરિક સંતોષ બંને કિનારાઓને તેઓ સ્પર્શ્યા છે.

ભારતના લબ્ધ પ્રતિષ્ઠિત અને પીપલ્સ પ્રેસિડેન્ટ તરીકે જાણીતા રાષ્ટ્રપતિ અબ્દુલ કલામને પૂછવામાં આવ્યું કે સાહેબ તમે આટલી મોટી ઉંમરે પણ આટલા ઊર્જાસભર યુવાન જેવા રહી શકો છો તેનું રહસ્ય શું છે? ત્યારે તેમણે પોતાની સદાબહાર ચેતનવંતી પ્રતિભાનું રહસ્ય ખોલતાં જણાવ્યું કે હું મારી જાતને સતત પૂછું છું કે, 'what can I give, what can I give, what can I give?' અને આ હું પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી શીખ્યો છું, કારણ કે તેઓના મનમાં સતત એ ભાવના રહે છે કે, 'હું શું આપી શકું?' મહાપુરુષોની આ વિશેષતા છે કે તેઓ ઘેટાના ટોળાની માફક જગતના ગાડરિયા પ્રવાહમાં ભળી નથી જતાં, પણ મહાજનો યેન ગતઃ સ પન્થાઃની રીતને અનુસરતા તેઓ મહાનુભવોના જીવનને માર્ગદર્શકની જેમ સતત નજર સામે રાખે છે. આપણે વિચાર કરીએ કે આજે જે લોકોને સમાજ આદર, પ્રેમ અને ગૌરવ સાથે યાદ કરે છે તેનું કારણ શું છે તેમણે નિઃસ્વાર્થ ભાવે વિશ્વ, રાષ્ટ્ર કે સમાજ માટે જે સમર્પણ કર્યું છે તે. કદાચ જો આપણે પણ આપણા આદરપાત્ર અને વિશ્વાસુ વ્યક્તિઓની સૂચિ બનાવીશું તો એવા જ ચહેરા નજર સામે આવશે કે જેઓએ નિઃસ્વાર્થભાવે આપણને આપ્યું છે. એટલે જ તે લોકો આપણાં મન હૃદય પર રાજ કરે છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન એક સુંદર વાત કરતાં Every day I remind myself that my inner and outer life are based on the labours of other men, living and dead, and that I MUST exert myself in order to give in the same measure as I have received and am still receiving.

છેલ્લાં ૭ વર્ષોમાં જ ૨૭૩ જેટલા તરવરિયા યુવાનોએ ૯૧ વર્ષની આયુ ધરાવતા ગુરુ મહંતસ્વામી મહારાજના ચરણે જીવન સમર્પિત કર્યું છે. આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ માટે યુવા અવસ્થામાં મળેલી આ પ્રેરણા ખરેખર ચમત્કાર છે. ડૉક્ટર-એન્જિનિયર-ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે સાયન્ટિસ્ટ થયેલા, દેશ-પરદેશના સુશિક્ષિત નવયુવાનોએ પોતાની તેજસ્વી કારકિર્દી અને ભૌતિક ભોગવિલાસનો ત્યાગ કરી ત્યાગાશ્રમના પંથે ઝંપલાવ્યું તેનું કારણ શું છે? એક વખત નડિયાદમાં ઉત્તરાયણ પ્રસંગે યુવકોએ દાનનું વસ્ત્ર ફેલાવી મહંતસ્વામી મહારાજને પૂછ્યું કે તમે અમને દાનમાં શું આપશો? ત્યારે તેઓએ બે જ શબ્દોમાં પોતાની જીવનભાવના વ્યક્ત કરી દીધી, 'હું આખો!' જ્યારે તેઓએ પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું છે ત્યારે તેમના માટે યુવાનોએ પોતાનું આયખું સમર્પણ કર્યું છે.

જીવનમાં મેળવવા માટે ઘણું દોડી લીધું, ભેગું કરવાની દોટમાં જીવન મશીન જેવું બની ગયું છે. ચાલો હવે માનવતાની સુષુપ્ત ચેતનાને ઝંકૃત કરીએ અને જીવનમાં મધુરતા ભરીએ. બીજા માટે ઘસાઈએ, નિઃસ્વાર્થભાવે આપીએ અને આપીને ભૂલી જઈએ.


નિઃસ્વાર્થ પ્રેમથી કામ થાય છે

હું મારા કાર્યક્રમો અને રેકોર્ડિંગની તારીખો રદ કરી રહ્યો હતો. વધુ પડતી ગોળીઓના સેવનથી મારું ગળું સુકાઈ જવાને કારણે હું ગાઈ શકતો ન હતો

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'જૂને મારી જિંદગી બચાવી. હું આજે જીવતો છું તેનું કારણ તે છે. તેણે મારા જીવનરાહમાં દિશા ચીંધી છે. હું જ્યારે નબળો થયો ત્યારે તેણે મને ઊંચક્યો છે. હું જ્યારે હતાશ થયો ત્યારે તેણે મને હિંમત આપી છે. હું જ્યારે એકલવાયો અને ઓરમાયો થયો ત્યારે તેણે મને પ્રેમ આપ્યો છે.' આ શબ્દો છે અમેરિકાના જ્હોન્ની કેશ નામના મોટા ગાયકના. તેણે જીવનકાળ દરમિયાન ૧,૫૦૦થી વધુ ગીતો ગાયાં. સંગીત ક્ષેત્રનું લબ્ધ પ્રતિષ્ઠ ગ્રેમી પારિતોષિક મેળવ્યું. Rock and Roll Hall of fame (કીર્તિકક્ષ), songwriters Hall of fame, Country music Hall of fameમાં તેને સ્થાન પ્રાપ્ત થયું. સન ૧૯૬૧ના એક જ વર્ષમાં તેણે ૨૯૦ કાર્યક્રમો કરેલા, જેમાં કુલ મળીને દસ લાખ લોકો ઉપસ્થિત રહેલા, પરંતુ સન ૧૯૫૭થી તે ડ્રગનો બંધાણી થઈ ગયો, તેથી તેનું જીવન બગડવા-ગબડવા લાગ્યું. તેણે જ લખ્યું છે, 'હું મારા કાર્યક્રમો અને રેકોર્ડિંગની તારીખો રદ કરી રહ્યો હતો. વધુ પડતી ગોળીઓના સેવનથી મારું ગળું સુકાઈ જવાને કારણે હું ગાઈ શકતો ન હતો. ૬ ફૂટ અને દોઢ ઈંચની ઊંચાઈ ધરાવતા મારા શરીરનું વજન ૧૫૫ પાઉન્ડ સુધી ઊતરી ગયું હતું. જેલો, હોસ્પિટલો અને ગાડીઓના ભંગારમાં મારી આવન-જાવન ચાલુ રહેતી. હકીકતે હું એવું અનુભવી રહેલો કે જાણે હું હાલતું-ચાલતું મોત છું. જીવનના અતિ મલિન તળિયે હું પહોંચી ગયો હતો.' આમ, બધેથી હતાશ થયેલા તેણે ટેનેસી (Tennessee)ની નિકાજેક ગુફા (Nickajack Cave)માં અથડાઈ-કુટાઈને જીવનનો અંત લાવી દેવાનું નક્કી કર્યું. આ ગુફા એવી અંધારી છે, તેમાં પ્રવેશેલાનું બહાર નીકળવું લગભગ અશક્ય બની જાય છે. ઘણાએ તેમાં પ્રાણ ખોયા છે. જ્હોની કેશ કેલિફોર્નિયાથી ત્યાં ગયો. અંધારી ગુફામાં કલાકો સુધી રઝળીને મૃત પ્રાયઃ થઈને તે ઢળી પડ્યો. જ્યારે ભાન આવ્યું ત્યારે પાછું ગુફામાં આથડવાનું શરૂ કરી દીધું, પરંતુ ચાલતાં-ચાલતાં ચમત્કારિક રીતે તે ગુફાની બહાર આવી ગયો.



તે સમયે તેણે સામે જ પોતાની માતા અને પત્ની જૂન કાર્ટર(June Carter)ને ઊભેલાં જોયાં. તે બંને જ્હોન્ની કેશની ભાળ કાઢતાં અહીં આવી પહોંચેલાં, પણ નિઃસહાય બની ગુફાની બહાર ઊભાં રહેલાં. જ્હોન્નીને જોઈ તેઓએ લેશ પણ અણગમો બતાવ્યા વિના તેને પ્રેમથી આવકાર્યો અને તેની દેખભાળ કરવા લાગ્યાં.

પત્ની અને માતાના સ્નેહે તે કલાકારને બચાવી લીધો. તેની ડ્રગની લત છૂટી ગઈ અને જીવન પુનઃ સીધી લીટીમાં આવી ગયું. પ્રેમ ગમે તેવા કઠોર વ્યક્તિને પણ બદલવાની તાકાત ધરાવે છે. કહેવાયું છે કે, 'By a sweet tongue and kindness,you can drag an elephant with a hair.'

અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ શ્રી રામલાલ પરીખે પ્રમુખસ્વામી મહારાજે તૈયાર કરેલ ચારિત્ર્યવાન યુવાસમાજને જોતાં કહ્યું હતુંઃ 'મારા શિક્ષણ ક્ષેત્રનાં પાંત્રીસ વર્ષના અનુભવ પરથી લાગે છે કે અમે શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રેરી શકતા નથી, જે વિદ્યાર્થીઓ શાળાની ગંદકીમાં હાથ અડાડવાની ના પાડે છે, એ જ વિદ્યાર્થીઓ, એ જ યુવાશક્તિ અહીં પ્રમુખસ્વામી મહારાજ પાસે પોતાનો પરિશ્રમ, પરસેવો અને લોહી રેડવા તૈયાર થાય છે. Morality in Action - વર્તનમાં નૈતિકતાની વાત આજે ગુંજે છે. અમે આ વિષય પર પીએચ.ડી. કરાવીએ છીએ, પરંતુ તેનો અનુભવ કરાવી શકતા નથી. જ્યારે આ વાત અહીં પ્રમુખસ્વામી મહારાજ પાસે પ્રત્યક્ષ દેખાય છે.'

યુવાનો પ્રમુખસ્વામી મહારાજના વચને યાહોમ કરવા તૈયાર થઈ જતા તેનું કારણ શું? કારણ કે યુવાનોએ પ્રમુખસ્વામીજીનો સ્નેહ અનુભવેલો. પોતાના સમય, સગવડ કે શરીરની સાનુકૂળતા જોયા વગર વરસાવેલ જનનીતુલ્ય વાત્સલ્ય એ યુવાનોએ અનુભવેલું.

આવા પરિશુદ્ધ પ્રેમને પામીને યુવાનોએ જીવતરની ધન્યતા અનુભવી છે. એટલે જ તો તેઓના વચને ૧૧૦૦થી વધુ સુશિક્ષિત નવયુવાનોએ જ્વલંત કારકિર્દી ત્યાગી, સમાજકલ્યાણ અને આત્મકલ્યાણ માટે સંસારનો ત્યાગ કરી સર્વસ્વ સમર્પિત કર્યું છે. આમ, નિઃસ્વાર્થ પ્રેમના પ્રતાપે પરિવર્તનની ક્રાંતિ આણી છે પ્રમુખસ્વામી મહારાજે.

એ મારા જીવનનો શ્રેષ્ઠ દિવસ હતો

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

> **'દુનિયા માટે ભલે તમે કેવળ એક વ્યક્તિ છો, પણ કોઇક એક વ્યક્તિ માટે તમે આખી દુનિયા છો.' આ મર્મ આપણે સમજવો રહ્યો. ખાસ કરીને આપણાં સંતાનો માટે આપણે જ સર્વસ્વ હોઈએ છીએ**

એક વખત એક વૃદ્ધ દાદા ઘરના એટિકમાં એક જૂનો ફોટો શોધવા માટે ગયા. એક પછી એક ફોટો આલ્બમ જોતાં જોતાં એમના હાથમાં એમના દીકરા જિમ્મીની ડાયરી આવી. તેઓ ઉત્સાહભેર આ રોજનીશીનાં પાનાં વાંચવા લાગ્યા. જેમ જેમ તેઓ પાનાં ફેરવતા ગયા, તેમ તેમ તેઓ વધુ ને વધુ ભાવાર્દ્ર થતા ગયા. અચાનક જ એમને યાદ આવ્યું કે આ દિવસોની રોજનીશી તો એમણે પણ લખી છે. માટે તેઓએ એટિક પરથી નીચે ઊતરીને પોતાની ડાયરી શોધી કાઢી. પછી તેઓએ પોતાની ડાયરીનાં અને દીકરા જિમ્મીની ડાયરીનાં પાનાં સમાંતર એક એક તારીખનાં વાંચવાનાં શરૂ કર્યાં. એમાં એમની ડાયરીમાં વાંચવામાં આવ્યું કે, 'Wasted whole day fishing with Jimmy. Didn't catch a thing. અર્થાત્ જિમ્મી સાથે માછલી પકડવામાં આખો દિવસ બગડી ગયો.'

એમને જિજ્ઞાસા જાગી કે દીકરા જિમ્મીએ આજના દિવસે શું લખ્યું હશે? તેઓએ એ ૪થી જુલાઈનો દિવસ દીકરાની જર્નલમાં કાઢ્યો. એમાં લખ્યું હતું કે, Went fishing with my Dad. Best day of my life. અર્થાત્ પપ્પા સાથે માછલી પકડવા ગયો. એ મારા જીવનનો શ્રેષ્ઠ દિવસ હતો.'

To a child, Love is spelled T-I-M-E' નામના પુસ્તકમાં નોંધાયેલો આ પ્રસંગ ખરેખર આપણા સૌની આંખો ખોલી નાંખે એવો છે. આપણા માટે અન્યને સમય આપવો બહુ અગત્યનો નથી હોતો, પણ કોઈકને આપણા સમયની ખરેખર જરૂર હોય છે.

૧૯૯૦ની સાલનો પ્રસંગ છે. પ્રમુખસ્વામી મહારાજ દેવગઢ બારિયા પાસેના રાબોડ ગામે બિરાજમાન હતા. અહીં ભક્તોને સત્સંગસભાનો લાભ આપીને તેઓ પાલ્લી ગામે જવા નીકળ્યા, પરંતુ આ મુસાફરીમાં તેઓએ મલાવ ગામનો માર્ગ લેવડાવ્યો. આ અણધાર્યો અને નિરાધારિત માર્ગ લેવાતાં સહયાત્રીઓને ખૂબ આશ્ચર્ય થયું, પણ પછી સૌને ખ્યાલ આવ્યો કે માલવ ગામના ચાર વર્ષના બાળક શંભુએ ગઈ કાલે સ્વામીશ્રીને પોતાને ઘેર પધારવાનું આમંત્રણ આપેલું, તેથી તેઓ આ વાટ ખેડી રહેલા. જાણે એક સસલાનું નિમંત્રણ સ્વીકારી ગજરાજ તેના ઘેર જવા નીકળ્યો હતો!

મલાવ સુધી પહોંચવાનો રસ્તો ગાડીમાં બેઠા હો તો પણ અંગોની તોડ-મરોડ કરે તેવો હતો, પરંતુ સ્વામીશ્રી તો પ્રેમપંથ પર ચાલનારા. તેઓને કાંકરા-કપચી કે ઢેફાં-ઢેખાળાના માર્ગો કદી ન નડે. ઊબડખાબડવાળા રસ્તે સ્વામીશ્રી મલાવના સુથારવાડે પહોંચ્યા. અહીં જ પેલા બાળકનું એના જેવું જ નાનકડું ઘર. તેમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે કૂબામાં હાથી પેઠાની કવિકલ્પના સાકાર થઈ ઊઠી. પધરામણીના પૂજન-આરતી થયાં, પણ તે આરતી ઉતારવામાં અહીંથી તહીં ઘેલો થઈને ફરતો શંભુ જ રહી ગયો, તેથી સ્વામીશ્રીએ તેને જ પૂછ્યું : 'તે આરતી ઉતારી?'

'ના.' 'તો લે. ઉતાર આરતી.' આમ કહેતાં સ્વામીશ્રીએ એક હાથમાં ઠાકોરજીની પટમૂર્તિ પકડી રાખીને ફરીથી આરતી કરાવી. તે વખતે એ બાળકનું મોં ખીલી ઊઠ્યું. તેને આનંદ હતો 'બાપા'ને પધરાવ્યાનો. 'બાપા'ને આનંદ હતો બાળકને રાજી કર્યાનો. બાળક અને 'બાપા'ની આ પરસ્પરની પ્રીતિથી પ્રગટેલા આરતીના અજવાળાએ આજની રાતને ઝળહળાવી દીધી.



આવા તો એક નહિ પણ અનેક પ્રસંગો છે કે જેમાં સ્વામીશ્રીએ નાનાં-નાનાં બાળકોની કાલીઘેલી માંગણીઓને સંતોષવા સમય કાઢ્યો હોય.

ઘણી વખત એવું બનતું કે નાના શિશુઓ સ્વામીશ્રીને રમતોત્સવમાં પધારવાનું આમંત્રણ આપતા. સ્વામીશ્રી પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને ન કેવળ રમતોત્સવમાં ઉપસ્થિત થતા, પણ બાળકોની વિનંતીને માન આપીને તેઓની સાથે રમતમાં પણ ભળી જતા. ક્યારેક નાનાં બાળકો સ્વામીશ્રીને પોતાની મૂંઝવણ જણાવવા પત્ર લખતા. સ્વામીશ્રી આવા પત્રોના ઉત્તરો પણ મન દઈને આપતા.

અંગ્રેજીમાં એક ઉક્તિ છે કે,

To the world you may be just one person...

But to one person, you might just be the world.

કહેતાં, 'દુનિયા માટે ભલે તમે કેવળ એક વ્યક્તિ છો, પણ કોઈક એક વ્યક્તિ માટે તમે આખી દુનિયા છો.' આ મર્મ આપણે સમજવો રહ્યો. ખાસ કરીને આપણાં સંતાનો માટે આપણે જ સર્વસ્વ હોઈએ છીએ. ઘણા વાલીઓનો એવો અભિગમ હોય છે કે સંતાનોને રમકડાં, વીડિયો ગેમ અથવા પૉકેટ મની આપી દીધા એટલે બસ આપણી ફરજ પૂરી, પણ એ સમજવું ઘટે કે, આ ઉપકરણો પૂરતાં નથી. એને પ્રેમની જરૂર છે અને આજના જમાનામાં પ્રેમ એટલે સમય - To a child, love is spelled T-I-M-E.

આજની નિષ્ફળતાનું શિલ્પ આવતી કાલની અસલી કલાની ખોજ...

ગુજરાતના એક અંતરિયાળ ગામ દેવસરીમાં વીર નામનો એક યુવાન રહેતો હતો. વીરના હાથમાં જાદુ હતો. તે સામાન્ય લાકડાને શિલ્પમાં બદલી શકતો હતો. તેની કલા, જે તેના દાદા-પરદાદા પાસેથી વારસામાં મળી હતી, તે ગામની ઓળખ હતી. જોકે, વીરનું સ્વપ્ન મોટું હતું. તે ઈચ્છતો હતો કે તેની કોતરણી શહેરની મોટી આર્ટ ગૅલેરીમાં પ્રદર્શિત થાય અને લોકો તેના ગામની પ્રાચીન કલાને ઓળખે.

વીરે એક વર્ષ સુધી મહેનત કરીને 'નૃત્ય કરતો મોર' નામની એક અદ્‌ભુત કોતરણી બનાવી. મોરના પીંછાંમાં એટલી બારીક વિગતો હતી કે જાણે તે હમણાં જ બોલશે. સંપૂર્ણ આશા સાથે, તેણે પોતાનું આ સર્વશ્રેષ્ઠ શિલ્પ અમદાવાદની સૌથી પ્રતિષ્ઠિત કલા પ્રદર્શન, 'ધ અમેઝિંગ અર્બન આર્ટ ફેર'માં મોકલ્યું.


વીરના મનમાં હતું કે તેનું શિલ્પ જરૂર પસંદ થશે, પરંતુ થોડા દિવસ પછી એક ટપાલ આવી. કવર ખોલતાં જ વીરના પગ નીચેથી જમીન સરકી ગઈ. તેના શિલ્પને માત્ર અસ્વીકાર જ નહોતો મળ્યો, પણ તેની સાથે એક આકરી ટિપ્પણી પણ હતીઃ 'તમારી કલા ખૂબ જ ગ્રામીણ છે. તેમાં આધુનિકતાનો અભાવ છે. આ પ્રદર્શન માટે યોગ્ય નથી.'

વીર ભાંગી પડ્યો. જે કલાને તે પોતાનો આત્મા માનતો હતો, તેને 'ગ્રામીણ' અને 'અયોગ્ય' કહીને નકારી કાઢવામાં આવી હતી. તેણે પોતાનાં ઓજારો એક ખૂણામાં મૂકી દીધાં અને ખેતરમાં મજૂરી કરવા લાગ્યો. તેના માટે હવે લાકડાની કોતરણી ભૂતકાળ બની ગઈ હતી.

એક સાંજે તેની દાદી તેને ઉદાસ જોઈને તેની પાસે આવ્યાં. દાદીએ વીરના માથે હાથ ફેરવ્યો અને શાંતિથી કહ્યું, 'વીર, તેં નદીકિનારેના પથ્થર જોયા છે? જે આજે સરળ અને સુંદર દેખાય છે, શું તે એક દિવસમાં બની ગયા હશે?'

વીરે નીચું જોયું. દાદીએ વાત આગળ વધારીઃ 'એ પથ્થર હજારો વર્ષો સુધી નદીના પ્રવાહ સામે ટકરાયા છે, ઘસાયા છે, પડ્યા છે અને ફરી ઊભા થયા છે. તારી પ્રથમ નિષ્ફળતા માત્ર એક ટક્કર હતી. બેટા, નદીએ તને તારો રસ્તો બદલવા નહીં, પણ તારા પ્રવાહને વધુ મજબૂત કરવા કહ્યું છે. તું તારી મૌલિકતા છોડીશ નહીં.'

દાદીના આ શબ્દો વીર માટે એક વીજળીના



+ વાઈબ્સ

આંચકા સમાન હતા. તે સમજ્યો કે શહેરની વ્યાખ્યામાં બંધ બેસવા જતાં તે પોતાની અસલી કલાને જ ભૂલી રહ્યો હતો. તેણે નક્કી કર્યું કે તે ફરી પ્રયત્ન કરશે, પણ આ વખતે તે 'શહેરને શું ગમે છે' તે નહીં, પણ 'વીરને શું ગમે છે' તે જ કોતરશે.

તે જ રાત્રે વીરે પોતાનાં ઓજારો પાછાં લીધાં. આ વખતે તેણે એક જૂના વડના ઝાડના ટુકડા પર કામ શરૂ કર્યું, જેને તે લાંબા સમયથી સાચવી રહ્યો હતો. તેણે આમાં કોઈ ચમકદાર પોલિશ કે આધુનિકતા ન ઉમેરી. તેણે લાકડાના રેસા અને કુદરતી ખામીઓને છુપાવવાને બદલે તેને જ તેના શિલ્પનો ભાગ બનાવ્યો. દોઢ વર્ષની અવિરત મહેનત પછી, તેમાંથી 'મૌન ઋષિ' નામનું એક શિલ્પ તૈયાર થયું. આ શિલ્પમાં ગામની માટીની સુગંધ, વડની મજબૂતી અને વીરના આત્માની શાંતિ હતી.

તેણે પોતાનાં ઓજારો એક ખૂણામાં મૂકી દીધાં અને ખેતરમાં મજૂરી કરવા લાગ્યો

સંજોગવશાત્, એક વર્ષ પછી પેરિસની એક મોટી આર્ટ ક્યુરેટર, મિસ એલીના ભારતમાં પ્રાચીન અને મૌલિક કલાની શોધમાં હતી. કોઈને ખબર ન પડે તેમ તે દેવસરી ગામ આવી પહોંચી. જ્યારે તેની નજર 'મૌન ઋષિ' પર પડી, ત્યારે તે સ્થિર થઈ ગઈ.


એલેનાએ તરત જ વીરનો સંપર્ક કર્યો અને કહ્યું, 'આ માત્ર કોતરણી નથી, વીર. આ આત્માનું શિલ્પ છે. આની મૌલિકતા અને પ્રામાણિકતા અદ્‌ભુત છે. શહેરનાં પ્રદર્શનો માત્ર નકલ અને ફેશન જુએ છે, પણ આ કલા અમર છે.'

એલેનાએ માત્ર શિલ્પ ખરીદ્યું જ નહીં, પણ યુરોપની સૌથી મોટી ગૅલેરીમાં વીરના 'મૌન ઋષિ' માટે વિશેષ સ્થાન અપાવ્યું. જ્યારે વીર વિદેશના પ્રદર્શનમાં હાજર રહ્યો, ત્યારે તેણે જોયું કે હજારો લોકો તેની કલાને સન્માન આપી રહ્યા હતા.

વીરને ત્યારે સમજાયું કે પ્રથમ અસ્વીકાર તેની નિષ્ફળતા નહોતી, પણ તે એક દિશાસૂચક હતો. તે અસ્વીકારે તેને બીજા કોઈની અપેક્ષાઓ પૂરી કરવાને બદલે, પોતાના મૌલિક માર્ગ પર ચાલવાની પ્રેરણા આપી હતી.

ટૂંકમાં, જીવનમાં જ્યારે પણ નિષ્ફળતા મળે, ત્યારે હતાશ થવાને બદલે યાદ રાખો કે તે માત્ર એક ટક્કર છે. તમારી મહેનત અને મૌલિકતા જ તમને સાચી સફળતા તરફ દોરી જશે. અન્ય લોકો શું કહે છે તેના કરતાં તમે તમારી જાતને શું કહો છો તે વધુ મહત્ત્વનું છે.

ઘરનું જ કામ છે એમ સમજીને જ કાર્ય કરવું!



+ વાઈબ્સ

એક સમયની વાત છે. એક શહેરમાં રામજીભાઈ નામનો એક ખૂબ જ કુશળ અને અનુભવી મિસ્ત્રી રહેતો હતો. તેણે આખી જિંદગી એક મોટા કોન્ટ્રાક્ટર સાથે કામ કર્યું હતું. રામજીભાઈની ખાસિયત એ હતી કે તેઓ જે પણ મકાન બનાવે તેમાં પોતાની કળા અને મહેનતનો પૂરેપૂરો નિચોડ લાવી દેતા. તેમનું કામ હંમેશાં ચોકસાઈભરેલું અને મજબૂત રહેતું.

વર્ષો વીતતાં ગયાં અને રામજીભાઈ હવે વૃદ્ધ થયા હતા. તેમને લાગ્યું કે હવે કામમાંથી નિવૃત્તિ લઈ, બાકીનું જીવન પોતાના પરિવાર, પત્ની અને પૌત્રો સાથે શાંતિથી વિતાવવું જોઈએ. એક દિવસ તેમણે કોન્ટ્રાક્ટર પાસે જઈને પોતાની નિવૃત્તિની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે કહ્યું, 'શેઠ, હવે મારું શરીર થાક્યું છે. મારે હવે આરામ કરવો છે, તેથી હું હવે કામ છોડવા માગું છું.'

કોન્ટ્રાક્ટરને આ સાંભળીને ઘણું દુઃખ થયું, કારણ કે રામજીભાઈ તેમના સૌથી ભરોસાપાત્ર અને શ્રેષ્ઠ કારીગર હતા. તેમ છતાં પરિસ્થિતિ સમજીને તેમણે રામજીભાઈને રજા આપવાનું નક્કી કર્યું, પણ જતાં પહેલાં તેમણે એક વિનંતી કરીઃ 'રામજીભાઈ, શું તમે મારા માટે એક છેલ્લું કામ કરી શકશો? બસ, આ એક છેલ્લું ઘર બનાવી આપો, પછી તમે રાજીખુશીથી નિવૃત્ત થઈ શકો છો.'

રામજીભાઈને મન તો નહોતું, પણ શેઠની લાગણી અને જૂના સંબંધને માન આપીને તેમણે હા પાડી. પરંતુ આ વખતે પરિસ્થિતિ જુદી હતી. રામજીભાઈનું મન કામમાં લાગતું નહોતું. તેમનું ચિત્ત તો નિવૃત્તિના વિચારોમાં જ હતું. તેમણે કામ શરૂ તો કર્યું, પણ જે ઉત્સાહ અને ચોકસાઈ તેમના કામમાં હંમેશાં જોવા મળતી હતી, તે આ વખતે ગાયબ હતી.

તેમણે ઉતાવળમાં હલકી ગુણવત્તાનું લાકડું વાપર્યું. દીવાલોના ફિનિશિંગમાં પણ ધ્યાન ન આપ્યું. દરવાજા અને બારીઓનાં માપમાં પણ સામાન્ય ભૂલો ચલાવી લીધી. તેમને થયું કે, 'આ તો છેલ્લું કામ છે, કોણ જોવાનું છે? જલદી પૂરું કરીને ઘરે જાઉં.' જે સુથાર હંમેશા શ્રેષ્ઠ કામ માટે જાણીતો હતો, તેણે પોતાના છેલ્લા પ્રોજેક્ટમાં જ 'વેઠ' ઉતારી. ઘર તૈયાર થઈ ગયું, પણ તે રામજીભાઈની કારકિર્દીનું સૌથી નબળું સર્જન હતું.

જ્યારે મકાન બની ગયું, ત્યારે કોન્ટ્રાક્ટર ત્યાં નિરીક્ષણ માટે આવ્યા. રામજીભાઈએ વિચાર્યું કે હવે શેઠ હિસાબ કરશે અને હું છૂટો થઈશ, પરંતુ કોન્ટ્રાક્ટરે ખિસ્સામાંથી એક ચાવી કાઢી અને રામજીભાઈના હાથમાં મૂકતાં કહ્યું, 'રામજીભાઈ, આ ઘર મારું નથી. આ ઘર મેં તમારા માટે બનાવડાવ્યું છે. વર્ષો સુધી તમે મારી સાથે ઈમાનદારીથી કામ કર્યું, તેની ભેટ તરીકે આ ઘર હું તમને આપું છું. આજથી આ ઘર તમારું!'

રામજીભાઈ સ્તબ્ધ થઈ ગયા! તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ. તેમને પ્રચંડ આઘાત લાગ્યો. મનમાં ને મનમાં પસ્તાવો થવા લાગ્યોઃ 'હે ભગવાન! જો મને ખબર હોત કે હું મારું જ ઘર બનાવી રહ્યો છું, તો મેં તે કેટલી ચીવટાઈથી બનાવ્યું હોત! મેં શ્રેષ્ઠ લાકડું વાપર્યું હોત અને શ્રેષ્ઠ કારીગરી કરી હોત. હવે મારે મારી જ કરેલી ભૂલો અને નબળા મકાનમાં બાકીનું જીવન વિતાવવું પડશે.'

રામજીભાઈને મન તો નહોતું, પણ શેઠની લાગણી અને જૂના સંબંધને માન આપીને તેમણે હા પાડી. તેમનુ મન કામમાં લાગતું નહોતું. તેમનું ચિત્ત તો નિવૃત્તિના વિચારોમાં જ હતું

આ વાર્તા આપણને શીખવે છે કે 'જીવન' પણ એક પ્રોજેક્ટ જેવું છે. આપણે દરરોજ આપણા ભવિષ્યનું નિર્માણ કરીએ છીએ. આપણે ઘણીવાર કામમાં આળસ કરીએ છીએ, 'ચાલશે' તેવી વૃત્તિ રાખીએ છીએ અથવા બીજા માટે કામ કરીએ છીએ એમ માનીને ઓછી મહેનત કરીએ છીએ. પણ હકીકતમાં આપણે જે કંઈ પણ કરીએ છીએ, તેનું પરિણામ અંતે આપણે જ ભોગવવાનું હોય છે. અલબત્ત, તમારું જીવન એ તમે પોતે બનાવેલું ઘર છે. તમે આજે જે હથોડી મારો છો, જે ખીલી લગાવો છો કે જે દીવાલ ચણો છો, તે તમારા આવતી કાલના જીવનનો પાયો છે, તેથી દરેક કામ નાનું હોય કે મોટું તે કામ પૂરી નિષ્ઠા, ઈમાનદારી અને શ્રેષ્ઠતાથી કરવું જોઈએ, કારણ કે અંતે આપણે જ તેમાં રહેવાનું છે. એક ગુજરાતી પ્રસિદ્ધ કહેવત છે કે, 'જેવું વાવશો, તેવું લણશો.' ટૂંકમાં તમારે કોઈપણ કામ કરવું હોય તો તે કામ ઘરનું જ કામ છે એમ સમજીને જ કાર્ય કરવું જોઈએ.

સફળતાનો માપદંડ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



૨૩ એપ્રિલ, ૧૯૮૫ના રોજ એક ઐતિહાસિક ઘટના બની. તે દિવસે 'કોકાકોલા' કંપનીએ Consumer Goodsના ઈતિહાસમાં સૌથી મોટું જોખમ લીધું હતું. તે દિવસે કોકે જાહેરાત કરી કે તેઓ તેના મુખ્ય સોફ્ટ ડ્રિંક 'કોક' માટેની ફોર્મ્યુલા બદલવા જઈ રહ્યા છે. આ સમાચાર સાંભળ્યા પછી લોકો નવા સ્વાદને માણવા ઉત્સુક હતા. કોકે તેમના ફોર્મ્યુલામાં કેટલાક સુધારા કર્યા અને તેઓ નવી પ્રોડક્ટ સાથે બહાર આવ્યા, જેને 'New Coke' તરીકે બહાર પાડવામાં આવી. ૯૯ વર્ષમાં પ્રથમ વખત તેઓએ ફોર્મ્યુલામાં આ પરિવર્તન કર્યું હતું, પરંતુ તેનું પરિણામ અઘટિત આવ્યું. વિરોધનો વંટોળ ફૂંકાયો. હજારો ગ્રાહકો દ્વારા મુખ્ય કચેરીમાં ફરિયાદ મોકલવામાં આવી. મોટી કંપનીઓ કોકા કોલા સાથેના તેમના મિલિયન ડોલર્સના કરાર તોડવાની ધમકી આપી રહી હતી. લોકો માત્ર નવા સ્વાદથી જ નારાજ ન હતા, પરંતુ તેઓ કંઈક નવું કરવાનો પ્રયાસ કરવા માટે પણ કંપની પર ગુસ્સે હતા અને સમગ્ર બાબત માત્ર થોડા મહિનામાં, જુલાઈમાં સમાપ્ત થઈ ગઈ. કોક તેના મૂળ ફોર્મ્યુલા પર પાછી આવી ગઈ, જેને આપણે 'કોકાકોલા ક્લાસિક' કહીએ છીએ. ૧૦ વર્ષ પછી, ૧૯૯૫માં કોકે 'New Coke'ની આ ઘટનાની ૧૦મી વર્ષગાંઠને સન્માનિત કરતાં એક વિશેષ કર્મચારી કાર્યક્રમ રાખ્યો હતો ને તે સમયનાં ચેરમેન અને સીઈઓ રોબર્ટો ગોઈઝુએટા હતા. તેમણે પોતાના કર્મચારીઓને આ અવસરે અદ્‌ભુત વાત કરતાં કહ્યું, 'આપણે અમેરિકામાં સમગ્ર કોલા ઉદ્યોગને બદલવા માટે નીકળ્યા હતા અને આપણે તેમજ કર્યું, પણ આપણે જે રીતે આયોજન કર્યું હતું તે રીતે ન થયું.' પછી ચેરમેને આગળ જણાવ્યું કે, 'પરંતુ 'New Coke'નાં બે સૌથી નોંધપાત્ર પરિણામો હતાં, એક સમગ્ર વિશ્વએ જાણ્યું કે આપણે આ કંપનીને સુધારવા માટે જરૂરી હોય તે બધું જ કરવા તૈયાર છીએ અને બીજું આપણે આપણી ભૂલોમાંથી શીખવા માટે તૈયાર હતા.'

ગોઈઝુએટાનું આ વિધાન ખૂબ જ મર્મસભર છે. આમ જોઈએ તો કોકાકોલા કંપની માટે આ એક ભારે નિષ્ફળતા હતી, પણ તેઓએ જે દૃષ્ટિકોણથી તે ઘટનાને લીધી તો આજે એક ૧૩૬ વર્ષ પછી પણ કોકાકોલા માર્કેટમાં ઉન્નત મસ્તક સાથે ઊભી છે અને સમગ્ર વિશ્વમાં ૨૦૦ દેશોમાં દરરોજની ૧.૯ અબજ કોકાકોલા પીવાય છે.

કહેવાય છે કે ઊભો રહેલો માણસ અને પાણી બંને સડી જાય છે. પરિવર્તન સંસારનો નિયમ છે. બદલાતા સમય સાથે પરિવર્તનનો સ્વીકાર અસ્તિત્વને ટકાવી રાખવા માટે જરૂરી છે. પ્રગતિશીલ માણસ એ છે જે સતત પોતાને update કરતો રહે છે. નવા વિચારો, નવી ટેક્નોલૉજી, નવા સંશોધનોને અપનાવવાનું સાહસ કરી શકે છે.

> કંપનીને સુધારવા માટે જરૂરી હોય તે બધું જ કરવા તૈયાર છીએ અને બીજું આપણે આપણી ભૂલોમાંથી શીખવા માટે તૈયાર હતા

૧૯૮૬માં ગાંધીનગરમાં અક્ષરધામ નિર્માણનું કાર્ય ચાલુ હતું, ત્યારે પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો કે આપણે આધુનિકતમ ટેક્નોલૉજી દ્વારા આધ્યાત્મિક સંદેશ આપવો છે. તેના કારણે વિશ્વના ઈતિહાસમાં મંદિર કે કોઈ ધર્મસ્થાનમાં મલ્ટિમીડિયા શૉ કે રૉબોટિક શૉના માધ્યમથી આધ્યાત્મિક સંદેશ આપવાનું સૌ પ્રથમ ગૌરવ પ્રાપ્ત થયું ગાંધીનગરસ્થિત અક્ષરધામને. સમગ્ર ભારતવર્ષમાં દિલ્હીસ્થિત અક્ષરધામ મંદિરમાં સૌ પ્રથમ વખત લાર્જ ફૉર્મેટ ફિલ્મ દ્વારા આધ્યાત્મિક ભારતનું નિદર્શન કરાવવાનું હોય કે નૌકાવિહાર દ્વારા હજારો વર્ષ પુરાતન સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિનાં દર્શન કરાવવાનાં હોય કે પછી સંગીતમય વોટર શૉ દ્વારા જીવનનાં ગૂઢ રહસ્યો સમજાવવાનાં હોય, પ્રમુખસ્વામી મહારાજે પ્રત્યેક સોપાન પર વિજ્ઞાન, ટેક્નોલૉજી અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય સાધ્યો છે.

આદરણીય પ્રધાનમંત્રી પણ પ્રમુખસ્વામી મહારાજની આ વિરલ કાર્યશૈલીથી પ્રભાવિત થઈને બોલી ઊઠ્યા હતા, 'પ્રમુખસ્વામી મહારાજે મંદિરોમાં માત્ર મેનેજમેન્ટ જ નહીં, પણ ટેક્નોલૉજીનો અદ્‌ભુત સમન્વયન કર્યો છે. તેઓએ નિર્ણય કર્યો કે અક્ષરધામમાં IMAX થિયેટર પણ હોય, દિલ્હીના અક્ષરધામમાં IMAX થિયેટર બન્યું અને તેમાં આધુનિક ટેક્નોલૉજીથી સંદેશ પણ આપવામાં આવ્યો.'

આજે દુનિયામાં સર્વ પ્રથમ ભૂકંપપ્રૂફ મંદિર કોઈ હોય કે જે પરંપરાગત શૈલીમાં પથ્થરનું બન્યું હોય, તો તે છે, પ્રમુખસ્વામી મહારાજ દ્વારા અમેરિકામાં નિર્માણ પામેલ ચીનો હિલ્સનું મંદિર.

એક સંત નૂતન ટેક્નોલૉજીને સ્વીકારી શક્યા, તો આધુનિક સમયમાં પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં નવા રંગો ભરી તેને જીવંત રાખવામાં સફળ થયા, પરંતુ અહીં એ ઘટે કે તેઓએ બદલાવને સ્વીકાર્યો છે, પરંતુ પોતાના નિયમ-ધર્મ કે સિદ્ધાંતોના ભોગે નહીં. તેઓએ પોતાની સાધુતાના મૂળને ગળગી રહીને આધુનિકતાને અપનાવી. તેને પરિણામે તેઓનો વિકાસ પણ નક્કર છે. દીર્ઘકાલીન છે.